ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 9 • ISSUE : 03 • Mumbai • June 2021 • PAGES : 48 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૯ (કુલ વર્ષ ૯૩) • અંક - 03 • જૂન ૨૦૨૧ • પાનાં - ૪૮ • કિંમત રૂ. 30/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જેનો મહિમા અપાર | સેજલ શાહ | ૦૩ |
| ૨. | સાગરનાં મોજાં ને ગઢના કાંગરા | કુમારપાળ દેસાઈ | ૦૭ |
| ૩. | વિલ યાને વસિયતનામાની જરૂરીયાત અને જાણકારી | વી. આર. ઘેલાણી | ૦૯ |
| ૪. | જ્ઞાન મંથનનો પરિપાક : સમણસુત્તં | રમજાન હસણિયા | ૧૧ |
| ૫. | ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ - ૩ | રેણુકા પોરવાલ | ૨૨ |
| ૬. | ફરીએ તો વિસ્તરીએ - ૧૨ ચિતારે રંગ પ્યાલીઓ ભરી..! | જેલમ હાર્દિક | ૨૫ |
| ૭. | જ્ઞાન-સંવાદ - ૮ | પાર્વતી ખીરાણી | ૨૮ |
| ૮. | નિંદા | રતિલાલ બોરીસાગર | ૩૦ |
| ૯. | જૈન ધર્મના પ્રચારક ડૉ. જગદીશચંદ્ર જૈન | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૧ |
| ૧૦. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતન છાડવા | ૩૩ |
| ૧૧. | Ekatva Bhavna : Soul & Body - the distinct entities | Prachi Shah | ૩૫ |
| ૧૨. | Akalanka | Kamini Gogri | ૩૬ |
| ૧૩. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૪૧ |
| ૧૪. | ભાવ – પ્રતિભાવ | – | ૪૨ |
| ૧૫. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૪૭ |
| ૧૬. | જો મારો હોય અંતિમ પત્ર તો... | દીપક રાવલ | ૪૮ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • જ્યેષ્ઠ સુદ - ૬

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## જેનો મહિમા અપાર

**"ન**વપદાત્મક" સિદ્ધચક્ર એ સાધનાનું અપૂર્વ કેન્દ્રસ્થાન છે. જેમાં દેવ-ગુરુ અને ધર્મ એમ ઉપકારી ત્રણે તત્ત્વોનું મિલન છે. અરિહંત અને સિદ્ધ આ બે પદો દેવસ્વરૂપ છે, મોહ અને અજ્ઞાન દશાને જિતી છે માટે, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ પદો ગુરુપદમાં છે. કારણ કે તે ત્રણે પદમાં વર્તતા મહાત્માઓ રાગાદિ કષાયોનો વિજય કરે છે. તેઓએ સંપૂર્ણપણે રાગાદિનો વિજય કર્યો છે એટલે સાધકદશામાં છે તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ આ ચારે પદો આત્માના ગુણો હોવાથી ધર્મસ્વરૂપ છે. આ પ્રમાણે દેવ-ગુરુ અને ધર્મ સ્વરૂપે રહેલાં નવે તત્ત્વો (એટલે કે સિદ્ધચક્ર) એ એક મહાયંત્ર છે.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી**

જેમ યંત્ર એટલે મશીન અથવા ઘાણી (ઘાણીમાં નંખાયેલી વસ્તુ પીલાઈ જાય છે) તેમ આ નવપદના યંત્રની સાધનામાં કર્મો પીલાઈ જાય છે. શ્રીપાળ મહારાજા અને મયણાસુંદરીએ આ નવપદાત્મક સિદ્ધચક્રની સારી સાધના કરેલી. જેથી જ્યાં જ્યાં તકલીફો આવી ત્યાં ત્યાં આ સાધનાના પ્રતાપે તે તે કર્મ બળી જવાના કારણે આપત્તિમાંથી બહાર આવ્યા. આ સિદ્ધચક્રમાં સિદ્ધ પરમાત્મા સંસાર તરેલાં છે. અરિહંત પરમાત્મા સંસાર તરવાના માર્ગના ઉપદેશક છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ પદે બિરાજમાન મહાત્માઓ પોતે સ્વયં આ માર્ગ આચરનારા છે, ઉપદેશક છે. અંતિમ ચારે પદો આત્માને મેળવવા લાયક ધર્મસ્વરૂપ છે. આ રીતે નવે પદો આપણા આત્માને તરવાનો માર્ગ જણાવે છે.

ઉત્સવ અને તહેવારો સાથે જે કથા જોડાઈ છે તેનું એક ચોક્કસ કારણ હોય છે. સામાન્ય રીતે આપણે પદાવલીના મોહમાં સરળ શબ્દમાં કહેલી વાતને હળવાશથી લઈએ છીએ. આપણી બુદ્ધિ આપણને સવાલ પૂછે છે અને મર્યાદિત તર્કના સ્વામી આપણે ધારી લઈએ છીએ કે આ કથા સંસારની છે, આમાં આઠ લગ્નની વાત છે કે દસ લગ્નની વાત છે, આ તો અયોગ્ય બાબત છે. યાદ એ રાખવાનું છે કે જે પ્રસંગ, ઘટના બને ત્યારે આપણું એ સમયનું, એ તરફનું વલણ કેવું હોય છે; એનું મહત્વ છે. શ્રીપાળ માટે લગ્નના મોહ કરતાં વધુ કુતૂહલ, જિજ્ઞાસાનું મહત્વ છે. તેની નિર્વેદ અવસ્થાનું મહત્વ છે. નવપદની ઓળી દરમ્યાન વંચાતી આ કથા, સિદ્ધચક્ર યંત્રના મહાત્મ્યને સમજાવે છે. જે મહાત્માઓએ આ સિદ્ધચક્રનું આરાધન કરવા, રૂપ આલંબન લીધું છે તે સંસાર સાગર તરી જાય છે. શ્રી સિદ્ધચક્રની મહત્તાનો થોડોક સ્પર્શ પામી શકીએ, એ માટે આ ત્રણ શબ્દો છે અનાદિ, અપૂર્વ અને અલૌકિક. અનાદિ એટલા

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

માટે કે શ્રી સિદ્ધચક્ર વિશે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત 'યોગશાસ્ત્ર'ના આઠમા પ્રકાશમાંથી મળતો એક શ્લોક એની પ્રાચીનતાનો પુરાવો આપે છે. આ શ્લોકમાં કહ્યું છે કે,

''વિદ્યાનુવાદ'' (નામના પૂર્વ)થી સંવેગત રીતે ઉદ્ધરણ કરીને વજસ્વામી વગેરે વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા સ્પષ્ટરૂપે પ્રમાણિત મોક્ષલક્ષ્મીનું બીજ અને જન્મરૂપી દાવાનળથી બળેલા (જીવો) માટે પ્રશાંતકારી નૂતનમેઘ સમાન શ્રી સિદ્ધચક્રને ગુરુ રૂપે સ્થાપીને તેનું ચિંતન-મનન કરવું જોઈએ.

આનો અર્થ એ થયો કે શ્રી સિદ્ધ અત્યંત પ્રાચીન છે અને એમ પણ સંભવિત છે કે એનું અસ્તિત્વ ગણધરોની પૂર્વે પણ હોય. શ્રી સિદ્ધચક્ર અંગે કેટલાંક અવતરણો અને ઉદ્ધરણો શ્રી વજસ્વામી અને તેમના સમકાલીન શ્રુતસ્થવિરો પાસે આવ્યા અને એમણે જોઈ – તપાસી તેમજ વ્યવસ્થિત કરીને આલેખ્યા અને શ્રી સિદ્ધચક્રની આરાધના ફરી થવા લાગી. શ્રી સિદ્ધચક્રનું આને પ્રથમ સંસ્કરણ કહી શકીએ. આ રીતે જમાને જમાને શ્રી સિદ્ધચક્રની આરાધના થતી રહી. આરાધકોના કહેવા પ્રમાણે યંત્રનું અવલંબન લેવાથી હેતુસિદ્ધિ ઘણી ઝડપી થાય છે. આવા સિદ્ધચક્રનું અવલંબન લઈને ધ્યાન ધરતા અસંખ્ય આત્માઓ સિદ્ધ-બુદ્ધ બનીને પરમપદે પ્રતિષ્ઠિત થયેલા છે.

શ્રી સિદ્ધચક્રની રચનાને અનુસરીને એનું નામ 'નવપદજી' રાખવામાં આવ્યું અને એના પ્રભાવને અનુસરીને એનું નામ 'સિદ્ધચક્ર' રાખવામાં આવ્યું. આ સિદ્ધચક્રના યંત્રની પાછળ એક આગવું વિજ્ઞાન રહેલું છે, જેની વાત ક્યારેક ભવિષ્યમાં અવકાશે કરશું.

શ્રી સિદ્ધચક્ર એ અલૌકિક ભાવોથી યુક્ત પ્રાચીન યંત્રરાજ છે. એમાં સિદ્ધ મંત્રપદો આવેલાં છે. જૈન ધર્મનાં સારભૂત એવાં નવ પદો વ્યવસ્થિત થયેલાં છે. એની અલૌકિકતાનો વિચાર કરીએ, ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યનું સ્મરણ થાય છે. એમણે એમના સંસ્કૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય'નું મંગલાચરણ કરતાં કહ્યું,

**'अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।**
**सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे ।।'**

'અર્હ એવો જે અક્ષર છે, તે બ્રહ્મસ્વરૂપ છે, પરમેષ્ઠીનો વાચક છે અને શ્રી સિદ્ધચક્રનું સુંદર બીજ છે, તેનું અમે સર્વ પ્રકારે ધ્યાન ધરીએ છીએ.'

આવા શ્રી સિદ્ધચક્રને 'જન્મરૂપી દાવાનળને પ્રશાંત કરનારા નવા મેઘ સમાન' કહેવામાં આવ્યો છે અને એ રીતે 'શ્રી સિદ્ધચક્ર-આરાધનાફલ ચતુર્વિંશતિકા'માં કહ્યું છે,

'શ્રી સિદ્ધચક્રની આરાધનામાં તત્પર એવા ભક્તિયુક્ત આત્માઓ જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે તેમને પ્રાપ્ત થાય છે' (શ્લોક-૧૦) અને એ જ રીતે 'શ્રીપાળ રાજાના રાસ'માં શ્રી સિદ્ધચક્ર આરાધનાના પ્રભાવે રોગ, દુર્ભાગ્ય અને દુઃખ દૂર થઈ જાય છે એમ દર્શાવ્યું છે.

આનો મર્મ એ કે સિદ્ધચક્રથી મળતી સિદ્ધિઓમાં પ્રથમ ભૂમિકાએ વ્યક્તિને પોતાના વ્યવહારસિદ્ધિ, કાર્યસિદ્ધિ અને જીવનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. એથી ઊંચી બીજી ભૂમિકાએ પહોંચેલા સાધકને વિદ્યાસિધ્ધિ, મંત્રિસિધ્ધિ અને યોગસિધ્ધિ સાંપડે છે અને એનાથી પણ ઊર્ધ્વ ભૂમિકાએ ગયેલા મુમુક્ષુને ત્રીજી સિદ્ધિ એટલે કે મુક્તિ, મોક્ષ કે નિર્વાણ પ્રાપ્ત થાય છે. આરાધકને એની આરાધના પ્રમાણે ઈષ્ટ ફળ મળે છે તે ખરું, પરંતુ એનું લક્ષ તો મુક્તિ ભણી હોવું જોઈએ.

મંત્રો યંત્રવાળા હોય છે, એટલે દરેક મંત્રને પોતાનો યંત્ર હોવો જોઈએ. નમસ્કાર યંત્ર અષ્ટ કમલદલનો હોય છે. તેની કર્ણિકામાં શ્રી અરિહંત પરમાત્માનું ચિત્ર મૂકાય છે, તેની ચાર દિશાઓમાં અનુક્રમે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ચિત્રો મૂકાય છે અને તેની વિદિશામાં ચૂલિકાનું પદ મૂકાય છે.

જૈન ધર્મમાં મુખ્ય ઉપાસના અર્હત્‌ની છે. અર્હત્‌ એટલે અરિહંત ભગવંત, જિનેશ્વર દેવ અથવા તીર્થંકર પરમાત્મા.

કલિકાલસર્વજ્ઞથી હેમમંદ્રાચાર્યે સકલાર્હત સ્તોત્રમાં કહ્યું છે કે :

**નામાકૃતિ-દ્રવ્ય-ભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનમ્‌**
**ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે**

જેઓ સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણેય જગતના લોકોને પવિત્ર કરી રહેલ છે, તે અર્હતોની ઉપાસના કરીએ છીએ. ભૂતકાળમાં અનંતા અર્હતો થઈ ગયા, વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં તેઓ સદેહે વિદ્યમાન છે અને ભવિષ્યકાળમાં અનંત અર્હતો થશે. આ બધા અર્હતોનું સૂચન અર્હં બીજ વડે થાય છે, એટલે તે અત્યંત પવિત્ર અને અદ્‌ભૂત સામર્થ્યવાળું મંત્રબીજ છે. અર્હત્‌ના ત્‌ નો લોપ થઈને અર્હં એવું મંત્રબીજ બને છે. આ વિશે વધુ વિસ્તારે વાત કરવાનો અહીં ઉપક્રમ નથી. પણ મૂળ વાત એ છે કે 'નવપદ' એ સાધના, સ્વાધ્યાય અને સાર્થકતાનું તપ છે. ઈન્દ્રિય અને મનની પરીક્ષાનું તપ છે. જેટલી જેમની શક્તિ, તેટલી તેની પ્રાપ્તિ. તમે શ્રીપાળ રાજાને કઈ રીતે જુઓ છો, તેનું મહત્વ છે. તમારી દૃષ્ટિ આ કથામાંથી શું તારવે છે, તમારી શક્તિ એ તપને કઈ રીતે ઝીલે છે અને તમારી સાધનાથી તમે કેટલા સંકેલાઈને સિદ્ધચક્ર યંત્રમાં સ્થિર થઈ શકો છો, તેનું મહત્વ છે.

અર્હં બીજની રચનામં અ, ર, હ અને બિંદુ એ ચાર તત્ત્વો છે.

મંત્રશાસ્ત્રમાં માત્ર ''અ'' અક્ષરનો જપ તથા ધ્યાનવિધિ દર્શાવેલો છે. સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિ સમાન ''ર'' તત્ત્વનું જો વિધિપૂર્વક ધ્યાન ધરાય તો ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ રૂપ ફળ આપનારું બને છે. જે સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહે છે, જે સર્વ વર્ણોની અંતે આવેલ છે, જે લૌકિક શાસ્ત્રોમાં મહાપ્રાણ તરીકે પૂજાય છે એવા ''હ'' તત્ત્વનું વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે સર્વ કાર્યનું પ્રસાધક બને છે. જે સર્વ પ્રાણીઓના નાસિકાના અગ્રભાગમાં છે, જે સર્વ વર્ણો એટલે અક્ષરોના મસ્તકે રહેલું છે, જે ''હ''કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને જે યોગીઓ વડે સદા ચિંતન કરાય છે, તે બિંદુ સર્વ જીવોને મોક્ષ આપનાર છે. યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રે બિંદુને પરમપદની સંજ્ઞા માની છે. આમ અ, ર, હ અને બિંદુ મળીને અર્હં શબ્દ કહેવાય છે. મંત્ર વિશારદોએ કલાને ચંદ્રરેખા કહી છે અને તેને અમૃતનો સ્ત્રાવ કરનારી માની છે. આમ અર્હં એ સિદ્ધચક્રનું આદિબીજ છે અને સકલ આગમોનું રહસ્ય છે. સર્વ વિઘ્નોનું નિવારણ કરનાર અને કલ્પવૃક્ષ સમાન છે. સમગ્ર જિન આગમોનો સાર નવપદ છે, નવપદનો સાર અરિહંત છે અને અરિહંતનો સાર આ મંત્રબીજ છે.

ગુપ્તિ ત્રણ છે – (૧) મન, (૨) વચન, (૩) કાયા. અસત્ પ્રવૃત્તિ રોકી મન, વચન અને કાયાને સત્ પ્રવૃત્તિમાં યોજવાં એ ગુપ્તિ છે. સમિતિ પાંચ છે – (૧) ઈર્યા, (૨) ભાષા, (૩) એષણા, (૪) આદાનનિક્ષેપ અને (૫) ઉત્સર્ગ અથવા પારિષ્ઠિપાનિકા. ઉપયોગ અને જયણાપૂર્વક વ્યવહાર ચલાવતા સત્પ્રવૃત્તિમાં તલ્લીન બનવું એ સમિતિ છે. જયણાપૂર્વક ગમન-આગમન એ ઈર્યાસમિતિ. સત્ય, હિતકર, પરિમિત અને સ્પષ્ટભાષા વ્યવહાર એ ભાષાસમિતિ છે. આહાર, પાણી, ઔષધ આદિ નિર્દોષ મેળવવા અને તેમાં બેંતાલીશ દોષ તજવા એ એષણાસમિતિ છે. ભૂમિ રૂડી રીતે જોઈએ, પ્રમાર્જી વસ્તુને લે મૂક કરવી એ આદાનનિક્ષેપ સમિતિ છે. ભૂમિ રૂડી રીતે જોઈ પ્રમાર્જીને અનુપયોગી વસ્તુને વિસર્જન કરવી તે ઉત્સર્ગસમિતિ. ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ એ આઠ પ્રવચનમાતા ગણાય છે, કારણ કે તેનું રૂડી રીતે પાલન કરતાં ચારિત્ર શુદ્ધ રહી શકે છે અને વિકસી પણ શકે છે.

પ્રાણીને દુર્ગતિમાં પડતા બચાવનાર અને આધાર આપનાર ધર્મ છે. તેના દશ પ્રકાર છે. (૧) ક્ષમા એ ક્રોધ જીતવાનું સાધન છે, (૨) માર્દવ એ માન જીતવાનું સાધન છે, સ્વભાવમાં મૃદુતા-કોમળતા એ માર્દવ છે, (૩) આર્જવ એ સરળતા છે; તે માયાને જીતવાનું સાધન છે, (૪) શૌચ-ત્યાગ અથવા નિર્લોભતા; એ લોભને જીતવાનું સાધન છે, (૫) સત્ય એ જીવન વ્યવહારની સરળતાનું સાધન છે, (૬) સંયમ ઈન્દ્રિય નિગ્રહ એ વાસનાના નિયંત્રણનું સાધન છે, (૭) ત્યાગ બાહ્ય ઉપાધિનો ત્યા એ આસક્તિ જીતવાનું સાધન છે, (૮) આકિંચન્ય ભિક્ષુકવૃત્તિનો સ્વીકાર એ માન મર્દનનું સાધન છે. (૯) તપ એ કાયક્લેશ રૂપ છે અને તે ઈન્દ્રિયોને કાબુમાં રાખવાનું સાધન છે. અને (૧૦) બ્રહ્મચર્યએ ગુરુકુળવાસમાં રહી શીલ પાળવું એ છે કે જેથી અનેક ગુણ, શક્તિ આદિ ખીલે છે.

પૂર્વ કર્મના પરિણામ રૂપે અકસ્માત રૂપે આવી પડતા એવા ઉપસર્ગ છે. તેના બે પ્રકાર છે : (૧) પ્રતિકૂળ અને (૨) સાનુકૂળ. સાનુકૂળ ઉપસર્ગમાં જીવને સમતા જાળવવા ખૂબ શ્રમ લેવો પડે છે. આ ઉપસર્ગનો સમાવેશ પરિષહમાં થાય છે. સ્વીકારેલ ધર્મજીવનના કારણે તે જીવન જીવતાં આવી પડતા કુદરતી ઉપદ્રવો એ પરિષહ છે. આવા પરિષહથી કંટાળ્યા વિના ધાર્મિક જીવનમાં સમતા ટકાવવાની જરૂર છે, આમ સમતા કેળવતાં જીવનો આધ્યાત્મિક વિકાસ થાય છે. પરિષહ બાવીશ છે :– (૧) ક્ષુધા. (૨) પિપાસા, તૃષા, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંશમશક, (૬) નગ્નત્વ, (૭) અરતિ, (૮) સ્ત્રી અથવા પુરુષ અથવા વિજાતીય આકર્ષણ, (૯) ચર્યા, (૧૦) નિષદ્યા, (૧૧) શય્યા, (૧૨) આક્રોશ, (૧૩) વધ, (૧૪) યાચના, (૧૫) અલાભ, (૧૬) રોગ, (૧૭) તૃણસ્પર્શ, (૧૮) મલ, (૧૯) સત્કાર, (૨૦) પ્રજ્ઞા, (૨૧) જ્ઞાન અથવા અજ્ઞાન અને (૨૨) અદર્શન. જે સમ્યક્ ચારિત્ર સ્વીકાર્યું છે તેના પાલનમાં આવતી ઉપરોક્ત પ્રકારની મુશ્કેલીઓનો સમતાભાવે સામનો કરવો એ પરિષહ છે.

સમ્યગ્દર્શન એ એક જૈનશાસને જગતને આપેલો સુવર્ણ-સંદેશ છે. જે સમ્યગ્દર્શનનો ત્યાગ કરે છે તેવો આત્મા જીતેલી બાજી હારી જાય છે. કોઈ પણ મહાપદની પ્રાપ્તિ સમ્યગ્દર્શન વિના થઈ શકતી નથી. માત્ર સત્ય આશયને જુદા જુદા કરીને દેખાડનારી અદ્‌ભૂત આંખો એટલે સમ્યગ્દર્શન. કોઈ પણ જાતના તેલની જરૂર વિના સતત બળતો રહેનારો સમ્યગ્દીપ એ જૈનહૃદયનો શણગાર છે. સમ્યગ્દર્શન વિના અરિહંતપદની પ્રાપ્તિ પણ તદ્દન અશક્ય છે. એ માટે એ દૃષ્ટિનો વિકાસ કરવાનો છે. એક કુંડામાં કેટલું પાણી નાખવું અને કેટલું ખાતર નાખવું એની ખબર હોવી જોઈએ. દૃષ્ટિ એ ભ્રમિત છે. ગમતી વ્યક્તિ વારંવાર કાદવ તરફ ધ્યાન દોરે, તો એના અલંકાર બનાવવા નથી બેસાતું કે નથી એની પ્રશંસા કરી શકાતી. અહીં ચાર પગલાં મહત્વના છે એક – પસંદગી, બે –

યોગ્યતા, પ્રમાણવાની શક્તિ, ત્રણ – સત્યને જોવાનું સામર્થ્ય અને ચાર – ન ગમતી વ્યક્તિ દ્વારા પણ પ્રાપ્ત સત્યનો અજવાશ ઝીલવાની ઉદારતા. આ પંથ બહુ જ મૂંઝવનારો અને સંકુલ હોય છે. પણ જેની અવસ્થા નિર્લેપ છે, જેને અંગત પ્રાપ્તિની મહેચ્છા નથી, જે પોતાના આત્માના આનંદમાં ખટપટનો મારગ છોડી શકે છે, જેના વલણમાં અસમાનતા નથી, કરુણા શબ્દ સાથે કરુણાનો ભાવ હૃદયમાં છે, તે પામી શકે છે, અરિહંતનો પંથ ઓળખી શકે છે. હજી તો આ ઓળખ પછી ચાલવું અને પછી ત્યાં સ્થિર રહેવું એ તો બહુ જ દૂર છે. પણ મહેચ્છા છે, અભિપ્સા છે એટલે મારગ તો મળવાનો જ!

જ્ઞાનની અપૂર્વ મહત્તા. જ્ઞાન એટલે શું? જ્ઞાન, જ્ઞાનીની આરાધના કેવી રીતે કરી શકાય? જ્ઞાનગુણ એકલો જ પૂજવા યોગ્ય છે કે જ્ઞાની પણ પૂજવા યોગ્ય છે? જ્ઞાન અને સમ્યગ્‌દર્શન વચ્ચે રહેલો તફાવત. જ્ઞાનપ્રાપ્તિના બે માર્ગો છે. બે માર્ગમાંથી કયે માર્ગે મેળવેલું જ્ઞાન ઉત્તમ છે? જીવાદિકતત્ત્વનું જ્ઞાન મેળવવા માટે જોઈતી સુયોગ્યતા. જ્ઞાન એ મોક્ષનું કારણ ક્યારે બને છે? જ્ઞાન સાથે સમજણ મહત્વની છે. જ્ઞાનની વ્યવહારમાં સંક્રાતિ મહત્વની છે. જેમ જેમ જ્ઞાન પામે છે, તેમ તેમ વધુને વધુ સંસારથી દૂર અને આત્માની નિકટ પહોંચાય છે. વ્યવહારની ધૂળમાં આળોટતા જીવ કર્મબંધની જાળમાં ફસાય જ છે. પોતાની બુદ્ધિનો પ્રયોગ નામના વિસ્તાર માટે કરતાં માનવીને 'જ્ઞાની' ન કહેવાય. જ્ઞાન તો આત્માભણી લઈ જાય, બહારના ક્રિયાકરણ સંકેલાય. હવે એક વ્યવહારિક મુદ્દો એ ઉપસે કે એટલે અમારે રોજિંદા કાર્યનું શું કરવાનું? શ્રીપાળ રાજાને યાદ કરો. પ્રાપ્તિની ઉચ્ચત્તમ અવસ્થા અને મગરની પીઠ પરની સાવ દરિદ્ર અવસ્થામાં ભાવની સ્થિરતા કેવી અદ્‌ભૂત હતી. દરેક પ્રાપ્તિ સાથે તેમના ભાવમાં કોઈ ઉછાળો કે ઓટ નહોતી આવતી. નવપદ પરની શ્રદ્ધા કેવી હતી કે બસ, એ સિવાય કોઈ નામ હૈયે નહોતું. મને તે એ આચાર્યભગવંતના ચહેરા નજર સમક્ષ તરવરે છે જેમનો વિશાળ ભાલપ્રદેશ જ્ઞાનના પ્રકાશથી તેજોમય હોય અને આંખમાં વાત્સલ્યનો ધોધ હોય.

એ મહામહિમાવંત ચારિત્રપદ. ચારિત્ર એટલે સાધુનો વેષ જ છે એમ ન સમજો. ચારિત્ર નથી તો કાંઈ નથી. ચારિત્ર વિના સિદ્ધિ નથી. અઢાર પાપસ્થાનકોને વોસરાવવાથી જ ચારિત્રની પ્રાપ્તિ નથી. ચારિત્રપદમાં અશુભનો ત્યાગ અને શુભની પ્રવૃત્તિ એ બેની આવશ્યકતા હોય છે. જ્ઞાનગુણ પૂજનીય છે; પરંતુ માત્ર એકલા જ્ઞાનગુણનો ધણી પૂજવા યોગ્ય નથી. જ્યારે ચારિત્ર અને તેનો ધારક બન્ને પૂજવા લાયક છે. એ ચારિત્રની વિશેષતા છે. ચરિત્ર આચાર, વિચાર અને વ્યવહારમાં દર્શાય. ચરિત્રધારક પૂજાય, એની ગરિમાને શબ્દોમાં વર્ણવવી અઘરી, એ તો અનુભવાય. તમને એ ચરિત્રના 'ઓરા'માં રહેવું ગમે, તમે એની સુગંધ અનુભવો, શાતા અનુભવો. એ ગાજે નહીં, એ તમને ભીનાશનો અનુભવ કરાવે.

અને છેલ્લે સાચું તપ કોને કહેશો? તપ વિના કોઈ પણ પદની સિદ્ધિ નથી. આત્મધ્યાન કરવાથી તપની આવશ્યકતા ટળી શકે છે ખરી કે? કદી જ નહીં! આત્મજ્ઞાન તપથી જ જન્મે છે. અરિહંતાદિ સઘળા જ તપનો આશ્રય લેતા હતા. તપના બાર ભેદ તપની સૂર્ય સાથે સરખામણી. જ્યાં તપનો પરમ પ્રકાશ પ્રકટે છે, ત્યાં કર્મના સઘળાં અંધકાર-પડળો તૂટી પડે છે. સંચિત કર્મોનો નાશ કરવા માટે મોક્ષહેતુ હોય એવું તપ સિધ્ધ રસાયણ છે. તપ નથી તો સિધ્ધિ નથી. વર્ષોથી એ જ શોધ ચાલું છે, ખબર છે સત્ય ક્યાં છે, ખબર છે – ચરિત્ર ક્યાં છે, સમ્યગ્ દૃષ્ટિ પણ જાણમાં છે પણ એ સાહસિક મન ક્યાં છે, જે પોતે જ પોતાના મનને જીતે અને શ્રદ્ધાથી નવપદમય થાય! વાત મુક્તિની નથી, વાત મુક્ત થવાની છે!

**આલેખન કર્તા :** ❑ **ડૉ. સેજલ શાહ**

સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨

sejalshah702@gmail.com

સંપર્ક સમય : સાંજે ૪ થી ૭

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :

(૧) sejalshah702@gmail.com

(૨) પ્રવીણભાઈ સોલંકી : ૯૮૬૯૫૦૩૦૭૨

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ મોકલવા, પુસ્તક મોકલવા આદિ નીચેના સરનામે જ મોકલવું.

**સરનામું :** ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, આર્કુલી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

## પ્રબુદ્ધ જીવન જુલાઈ ૨૦૨૧

પ્રબુદ્ધ જીવન લઈને આવે છે એક વિશેષ અંક – કોરોનાના આ સમયનું પ્રતિબિંબ, પડકાર અને કદી નહીં ભૂંસાય એવા ચિહ્નોની વાત. રજૂ થશે 'પ્રબુદ્ધ જીવન : જુલાઈ ૨૦૨૧'માં.

# મારો અસબાબ – ૩
# સાગરનાં મોજાં ને ગઢના કાંગરા

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જીવનનો અસબાબ ખોલીએ એટલે તત્કાળ બાળપણનાં સોનેરી સ્વપ્નાં અને સ્મરણો મનના આકાશમાં ઊડાઊડ કરવા લાગે! બાળપણની નિર્મળ, નિર્દોષ આંખોમાં તીવ્ર જિજ્ઞાસાનું ઘેરું આંજણ આંજીને ચોપાસના જગતને જોયું, ત્યારે કેવો રોમહર્ષક અનુભવ થયો હતો! આજે સાવ સામાન્ય કે નગણ્ય લાગતી કેટલીય વસ્તુઓ એ સમયે કેવી ભવ્ય અને આકર્ષક લાગતી હતી! દોસ્તોની સાથે નદીમાં ધુબાકા લગાવવાની, ગોઠિયાઓ સાથે નિરુદ્દેશે ભ્રમણ કરવાની કે પછી પૂરી-પકોડીની જ્યાફત ઉડાવવાની ઘટના અપૂર્વ રોમાંચ જગાવતી હતી. ઉંમર વધતાં આનંદ અને રોમાંચ અનુભવવાની માત્રા સતત ઘટતી જાય છે!

જિજ્ઞાસાની પાંખે અને મનની આંખે એ સૃષ્ટિ કેવી અલૌકિક લાગતી હતી! બાળપણની કેટલીય છાપ અને છાયા મનના કોઈ અગોચર ખૂણામાં લપાઈને બેઠી હોય છે. આવા બાળપણમાં જીવનઘડતરનાં જે બીજ રોપાય છે, એ પછી તે દ્વિગુણિત થતાં રહે છે. બાળપણનાં એ સ્મરણોને યાદ કરું તો એમ લાગે છે કે કેવા મહાન અક્ષરઆરાધકો સાથે બાળપણ ગાળવાનું મળ્યું! ઝવેરચંદ મેઘાણીના ખોળામાં ખેલવાનું મળ્યું, 'ધૂમકેતુ' પાસેથી મજાની ચૉકલેટો મળી અને વિખ્યાત ચિત્રકાર કનુ દેસાઈ પાસેથી નિશાળનાં ડ્રૉઇંગ પેપર પર ચિત્ર મળ્યાં. ચિત્રકાર 'ચંદ્ર' હોય કે 'શિવ' – ઘેર આવે એટલે એમણે મને એક ચિત્ર દોરી આવવાનું દાપુ ચૂકવવું જ પડે.

પિતાશ્રી 'જયભિખ્ખુ' સાહિત્યકાર હોવાથી જીવનના પ્રારંભે જ સર્જકો વચ્ચે રહેવાનો લાભ મળ્યો. હજી આજેય કાન પર ઘરમાં પ્રવેશતા ઝવેરચંદ મેઘાણીનો 'કાં ભાઈ'નો લહેકો અથડાયા કરે છે. 'ધૂમકેતુ' આવે ત્યારે પોતાના ખિસ્સામાં ચૉકલેટ લઈને આવે અને પહેલાં અમને બાળકોને બોલાવીને ચૉકલેટ આપે પછી 'જયભિખ્ખુ' સાથે સાહિત્યચર્ચા કરવા બેસે. કોઈ પણ ઋતુ હોય, પણ એમણે શાલ તો ઓઢેલી જ હોય! ગુણવંતરાય આચાર્ય રજવાડાંની દુનિયાની અલકમલકની વાતો કહે, મજેદાર ટુચકા અને માર્મિક ઓઠાં કહે, પડછંદ કાયા અને પ્રભાવક ચહેરા સાથે વાતને મલાવીને હલકભેર કહેવાની એમની છટા જ અનોખી. મનુભાઈ જોધાણી કોઈ ગ્રામજીવનના પાત્રની વાત કરે, તો દુલેરાય કારાણી જુસ્સાભેર કચ્છની અજાણી વીરકથાનું શૌર્યપાન કરાવે. કાગ બાપુનો આગવો દેખાવ, લાંબી દાઢી અને બાજુમાં હોકો અને પછી રામાયણની કથાનું રહસ્ય એવી રીતે પ્રગટ કરે કે ચિત્ત તરબોળ થઈ જાય.

શૈશવમાં કોઈની છબીએ સૌથી વધુ પ્રભાવ પાડ્યો હોય તો તે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ. કિશોર અવસ્થામાં શીતળાને કારણે પંડિત સુખલાલજીએ બંને આંખો ગુમાવી હતી, પણ પ્રજ્ઞાનું તેજ અપાર હતું. તમે એમને મળવા માટે રૂમમાં પ્રવેશો ત્યારે માત્ર પગરવ પરથી તમારા નામ સાથે આવકારો આપતા! એમણે ગ્રંથો તો નરી આંખે જોયા નહોતા, પરંતુ એના સંદર્ભો એવી રીતે આપે કે જાણે એમણે મનની આંખે આખો ગ્રંથ વાંચ્યો ન હોય! કોઈ વિચારના આધાર માટે કોઈ આધ્યાત્મિક શ્લોકનો ક્રમ આપીને પોતાની વાતને પુષ્ટ કરતા. એમની વાણીમાં શાસ્ત્રોનો અભ્યાસ સત્યપૂત રીતે પ્રગટ થતો.

એ સમયે એવો અનુભવ થયો કે અંધ કે વિકલાંગ વ્યક્તિમાં કેટલી અપાર શક્તિ રહેલી હોય છે. ઇંદ્રિયોની મર્યાદાને ઓળંગવાનો કેવો પ્રચંડ પુરુષાર્થ એમના જીવનમાં રહેલો છે. આવી છબીને કારણે વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિની શક્તિને જોવા માટે મેં સતત પ્રયાસ કર્યો. એને પરિણામે સમય જતાં 'અપંગના ઓજસ' નામનું પુસ્તક લખ્યું. વિકલાંગ વ્યક્તિઓએ પોતાની શારીરિક મર્યાદાઓ કેવી રીતે ઓળંગી અને કઈ રીતે ઐતિહાસિક સિદ્ધિઓ અને વિક્રમો હાંસલ કર્યાં તેની કથાઓ મેળવીને તેમની સંઘર્ષગાથાનું એમાં આલેખન કર્યું. શૈશવની એ છાપ ગ્રંથ રૂપે શબ્દસ્થ થઈને ગુજરાતીમાં 'અપંગનાં ઓજસ' (આઠ આવૃત્તિ) અને એ પછી એનો અનુવાદ 'Brave Hearts' (ચાર આવૃત્તિ) અને 'अपाहित तन, अडिग मन' (ત્રણ આવૃત્તિ) જેવાં પુસ્તકોની રચના થઈ.

ચોપાસ પુસ્તકોની દુનિયા અને વાચનનો શોખ. કોઈ પુસ્તક નવું આવે કે જોવા મળે તો જાણે કોઈ નવી દુનિયા મળી ગઈ! શબ્દના સથવારે એ દુનિયાનો અનુભવ પામવા દોડી જતો. પુસ્તકનું 'વાચન' સમયનું વિસ્મરણ કરાવી દેતું! ભોજન બાજુએ પડ્યું રહેતું અને વાંચનની સફરમાં સાંજ છેક મધરાત સુધી લંબાઈ જતી.

એ સમયે 'ગુજરાત સમાચાર' દૈનિકની જીવાદોરી એનું બાલસાપ્તાહિક 'ઝગમગ' હતું. 'ગુજરાત સમાચાર' દૈનિકની દસેક

હજાર કોપી ખપતી હતી ત્યારે એના બાળસાપ્તાહિક 'ઝગમગ'ની ચાલીસ હજાર! એણે ગુજરાતનાં બાળકોમાં જેટલો રસ જગાવ્યો હતો, એટલો ભાગ્યે જ કોઈ બાળસામયિકે જગાવ્યો હશે! એલિસબ્રિજ વિસ્તારમાં ફેરિયાઓ 'ઝગમગ' બાલસાપ્તાહિક સહુ પહેલું એલિસબ્રિજ (આજના ગાંધીગ્રામ) સ્ટેશન પર વેચવા લઈ આવતા. રેલવે-સ્ટેશને વહેલો પહોંચી જતો અને ફેરિયાની બૂમની રાહ જોતો. કોઈક દિવસ મોડું થયું હોય તો માદલપુરથી રેલવેના પાટા પર દોટ મૂકીને સ્ટેશન પર પહોંચી જતો. વરસાદ આવતો હોય તો 'ઝગમગ' સાપ્તાહિકને ખમીસ નીચે ઢાંકીને, સહેજે પલળે નહીં તે રીતે જાળવીને ઘેર લાવતો હતો. ઘેર પહોંચીને પહેલું કામ એ આખુંય સાપ્તાહિક વાંચવાનું કરતો વાંચ્યા પછી સાપ્તાહિકના અંકોની ગોઠવણી કરીને સરસ ફાઈલ બનાવતો.

આ સમયે રોજ સવારે મારા પિતા 'જયભિખ્ખુ'ને લેખનકાર્ય કરતા જોતો હતો. તેઓ ટેબલ પર બેસીને શાહીમાં કલમ બોળીને સુંદર અક્ષરે લખતા હોય. એ લેખ દૈનિકો અને સામયિકોમાં પ્રગટ થતા હોય. મને પણ એમ થતું કે આવું લખવા મળે અને તે પ્રગટ થાય તો કેવું સારું!

કોણ જાણે કેમ પણ બાળપણથી જ દેશના ક્રાંતિકારીઓની જીવનકથા વાંચવી ખૂબ ગમતી હતી. ક્યારેક અંગ્રેજોને થાપ આપીને અદૃશ્ય થઈ જતા નાનાસાહેબ પેશ્વા દેખાય તો ક્યારેક હસતે મુખે દેશને ખાતર ફાંસીના માંચડા પર ચડી જતા ભગતસિંહ મનને ઘેરી લેતા હતા, તો વળી ક્યારેક મૂછ પર તાવ દેતા ચંદ્રશેખર આઝાદની છબી મનમાં જડાઈ જતી હતી. રાત્રે સ્વપ્નમાં પણ અંગ્રેજોને હંફાવતા ક્રાંતિકારીઓ જોવા મળતા. એમનાં પરાક્રમોથી મારી બાળસૃષ્ટિ ઊભરાઈ જતી.

એક દિવસ હાથમાં કલમ લઈને કોઈ કથા લખવાનો વિચાર કર્યો. બીજી કથા આવે પણ ક્યાંથી? એક અનામી શહીદની વાર્તા લખી અને મારા પ્રિય સાપ્તાહિક 'ઝગમગ'માં મોકલી. મનમાં થયું કે નામ શું લખું? વિચાર કર્યો કે 'જયભિખ્ખુ'નો પુત્ર છું એવું કોઈ કાળે જણાવા દેવું નહોતું, કારણ કે એ કારણે વાર્તા પ્રગટ થાય તો એમાં મજા શી? 'જયભિખ્ખુ'નું મૂળ નામ હતું બાલાભાઈ. કદાચ બાલાભાઈ નામ લખવાથી પણ તંત્રીને ખ્યાલ આવી જાય તો? પરિણામે 'કુ. બા. દેસાઈ'ના નામથી અનામી શહીદની વાર્તા 'ઝગમગ'માં પ્રસિદ્ધ કરવા માટે ગુજરાત સમાચાર કાર્યાલયમાં ટપાલથી મોકલી.

વળતી ટપાલે સ્વીકારનો પત્ર આવ્યો અને આપણા આનંદનો તો પાર ન રહ્યો! જાણે ઈડરિયો ગઢ જીત્યા! પહેલો લેખ સ્વીકારાય અને પ્રગટ થાય એ સમયની લહેજત, રોમાંચ અને સિદ્ધિના શિખરે બિરાજતો આનંદ કંઈક ઓર હોય છે! એ પછી જીવનમાં ગમે તેટલી વાર્તા પ્રગટ થાય, પુસ્તક લખાય, પણ પેલા પ્રથમ પ્રેમ સમો રોમાંચ પુનઃ સાંપડતો નથી.

થોડા સમયમાં 'ઝગમગ' સાપ્તાહિકના તંત્રીએ અનામી શહીદની વાર્તા ત્રીજે પાને સરસ રીતે પ્રગટ કરી. મનમાં થયું કે બે-ત્રણ વધુ નકલ લઈ આવું કે જેથી મિત્રોને એ રુઆબભેર બતાવી શકાય. એની નકલો લેવા માટે 'ગુજરાત સમાચાર' કાર્યાલયમાં ગયો અને 'ઝગમગ'ના તંત્રીને મળ્યો. એમણે કુ. બા. દેસાઈ જેવા વિચિત્ર નામની સમજૂતી આપી. એ સમયે હું પકડાઈ ગયો. સાચી ઓળખ છતી થઈ ગઈ. જ્યારે એમણે જાણ્યું કે ગુજરાતના સિદ્ધહસ્ત લેખક 'જયભિખ્ખુ'નો હું પુત્ર છું, ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. એમણે મને બેસાડ્યો અને 'ઝગમગ'માં દર અઠવાડિયે નિયમિત રૂપે એક કૉલમ લખવા કહ્યું. એ કૉલમનું નામ હતું 'ઝગમગતું જગત' અને આમ નાની વયથી જ નિયમિત કૉલમ લખવાનો મહાવરો થઈ ગયો. એ પછી શ્રી રમણલાલ ના. શાહને 'બાલજીવન' માટે વાર્તા મોકલી. આ વાર્તાને પહેલું ઈનામ મળ્યું અને એ રીતે લખવાનું શરૂ કર્યું. ત્રેવીસ વર્ષની ઉંમરે તો પહેલું પુસ્તક પ્રકાશિત થયું. શૈશવનાં સ્વપ્નાં શબ્દોમાં પરિણમ્યાં. આમાં માતૃભૂમિ માટે સમર્પણ કરનારા ભેખધારીઓની કથા આપી. પુસ્તકને નામ આપ્યું, 'વતન, તારાં રતન'. આ પુસ્તકમાં અંગ્રેજોના દમનનો સામનો કરનાર લાલા લજપતરાયની કથા હતી, તો યુવાન ચંદ્રશેખરની શહીદ-ગાથા હતી. બંને આંખે બહુ ઓછું જોઈ શકનારા પં. વિષ્ણુ દિગમ્બરના પુરુષાર્થની કથા લખી, જેમાં તેઓ અપાર મુશ્કેલીઓ વેઠીને કઈ રીતે મહાન સંગીતકાર બન્યા, તેની પુરુષાર્થ કથા લખી. બાસઠ પાનાંનું એ પુસ્તક બાળકો માટે લખ્યું હતું અને ત્યારથી બાલસાહિત્ય લખવાનો આરંભ થયો.

બાળપણમાં સહુને મોસાળમાં રહેવું બહુ ગમે. મારું મોસાળ હતું રાણપુર. આ રાણપુરમાં નદીએ ફરવા જઈએ તથા એની બાજુમાં આવેલા વિશાળ ગઢમાં ઘૂમીએ. ગઢના રાણાનાં પરાક્રમની ઘણી વાતો સાંભળવા મળતી. આખોય ઇતિહાસ ગઢના કાંગરામાંથી ગુંજતો હોય તેવું લાગે. ગઢમાં કેવી રીતે યુદ્ધ ખેલાયું હશે તેની કલ્પના આવે. નીચા વળીને ભમ્મરિયો કૂવો જોવાની બહુ મજા આવે. એના અંધારા અવાવરું ભોંયરામાં પણ થોડો સમય જતા. આ સ્મૃતિઓએ ઇતિહાસમાં રસ જગાડ્યો. એને પરિણામે શૌર્યકથાઓ

અને ઇતિહાસકથાઓની રચના કરી.

શૈશવનાં એ સ્મરણોને યાદ કરું ત્યારે મને સાગરનાં મોજાં ઊછળતાં દેખાય છે. મુંબઈનો ચોપાટીનો કિનારો હોય કે પછી સોમાનાથના મંદિર પાસે ઘૂઘવતો દરિયો હોય – એની સામે બેસીને કલાકો સુધી દરિયો જોયા કરતો. દરિયાનું એવું તો આકર્ષણ કે સઘળું ભૂલી જાઉં. આ વિરાટ દરિયા સામે બેસીને કેટલાંય વિચારો આવે. એના ઊછળતાં મોજાંઓ, એના ફરતી નૌકાઓ અને અફાટ પાણી વચ્ચે ઘૂમતા નૌકાખેડુઓ – આ બધાં દૃશ્યો મનમાં જડાઈ જતાં.

શૈશવથી માંડીને આજ સુધી કુદરતી સૌંદર્યએ અઢળક આનંદ આપ્યો છે. શૈશવમાં શબ્દશિલ્પીઓનું સાનિધ્ય મળ્યું. શહીદોનાં સ્વપ્ન મળ્યાં અને પ્રકૃતિનો પરિવેશ મળ્યો અને તેથી આજે શૈશવનાં મીઠાં સ્મરણો સંઘરી રાખવાં અને વારંવાર વાગોળવાં ગમે છે.

(ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

# વિલ યાને વસિયતનામાની જરૂરીયાત અને જાણકારી

**સોલિસીટર શ્રી વી. આર. ઘેલાણી**

**૧.** કોઈપણ પુખ્ત વયની વ્યક્તિ પોતે જાતે કમાયેલી અને/અથવા પોતાની સ્વતંત્ર માલિકીની સ્થાવર-જંગમ મિલકતોનું વિલ યાને વસિયતનામું બનાવી શકે છે.

**૨.** પતિ-પત્ની, સગીર સંતાનો તથા મા-બાપનો ભરણપોષણનો હક્ક હોવાથી વસિયતનામામાં તેવી વ્યક્તિઓના ભરણપોષણ તથા દીકરી કુંવારી હોય તો તેના લગ્ન-ખર્ચનો પણ વિચાર કરી, તેને માટે જરૂરી રકમ અલગ ફાળવ્યા પછી બાકી રહેતી સ્થાવર-જંગમ મિલકતોનું વસિયતનામા દ્વારા પોતાને મનપસંદ વ્યક્તિઓમાં યોગ્ય લાગે તે રીતે વિતરણ તેમજ નિકાલ કરી શકાય છે.

**૩.** હિંદુઓ, મુસલમાનો, પારસીઓ તથા ખ્રિસ્તીઓનું વસિયતનામું તેમને લગતા અલગ કાયદા અનુસાર જ કરી શકાય. દા.ત. મુસલમાનો વસિયતનામા દ્વારા પોતાની બધી જ મિલકત આપી શકતા નથી. મિલકતના અમુક ટકા જ વિલથી આપી શકે છે. જ્યારે હિંદુઓ કે જેમાં જૈન, શીખ, બૌદ્ધનો પણ સમાવેશ થાય છે, તેઓ પોતાની બધી જ મિલકત વસિયતનામા દ્વારા પોતાની મનપસંદ વ્યક્તિને કે દાનમાં ઉપરોક્ત કલમ નં. ૨ને આધીન રહીને આપી શકે છે.

**૪.** વસિયતનામું કરવા માટે સ્ટૅમ્પ પેપરની જરૂર રહેતી નથી. કોઈપણ કોરા કાગળ ઉપર પોતાને આવડતી ભાષામાં પોતે સ્વ-હસ્તે લખીને કે બીજા પાસે લખાવી કે ટાઈપ કરાવીને વસિયતનામું બનાવી શકાય છે. વિલ કરનારે ઓછામાં ઓછી બે પુખ્ત વયની વ્યક્તિની હાજરીમાં વસિયતનામામાં સહી કરવાની રહે છે તથા તે બે વ્યક્તિઓએ તેમાં સાક્ષીઓ તરીકે પોતાની સહી કરી પોતાના પૂરાં નામ તથા સરનામા લખવા જરૂરી છે. જે વ્યક્તિને વિલની રૂએ કંઈપણ મિલકત મળવાની હોય તેવી વ્યક્તિ વિલમાં સાક્ષી તરીકે સહી કરી ન શકે. અને જો કરે તો તેને વિલમાં લખેલ મિલકત મળે નહીં.

**૫.** વિલ રજીસ્ટર્ડ કરાવવું ફરજિયાત નથી. મોટી ઉંમરની વ્યક્તિઓએ પોતાનું વિલ ગેરવલ્લે ન જાય અથવા તેમની સહીને શંકા કરી કોર્ટમાં કોઈ પડકારી શકે નહીં માટે તેમણે વિલ રજીસ્ટર્ડ કરાવવું હિતાવહ છે. વિલને સબ-રજીસ્ટ્રાર સામે સહી કરી સીલ-બંધ કવરમાં આપી દેવામાં આવે છે અને વિલ કરનાર ગુજરી ગયા પછી જ સબ-રજીસ્ટ્રાર વિલના એક્ઝિક્યુટર અને ટ્રસ્ટીને જ વિલનું સીલ-બંધ કવર આપે છે અથવા બીજા દસ્તાવેજની જેમ વિલને ખુલ્લું રાખીને પણ સબ-રજીસ્ટ્રાર સામે સહી કરી રજીસ્ટર્ડ કરાવી શકાય છે. એમ બેમાંથી કોઈપણ રીતે વિલ રજીસ્ટર્ડ કરાવ્યા પછી તેને રદ-બાતલ કરી ભવિષ્યમાં સંજોગો અનુસાર બીજું નવું વિલ પણ વખતો વખત કરી શકાય છે.

**૬.** વિલ કરનારની ઉંમર, તેનો ધર્મ, દા.ત. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે તેમનું રહેઠાણ તથા તેમના કુટુંબના સભ્યોના નામો વિલમાં સ્પષ્ટ રીતે લખવા જોઈએ. વિલ કરતી વખતે વિલ કરનારનું ચિત્ત, તબિયત તથા ભાન બરાબર હોવા જરૂરી છે. તેથી વિલના બે સાક્ષીઓમાં એક વકીલ અને એક ડૉક્ટર હોય તો સૌથી સારું.

**૭.** વિલમાં મિલકતની વ્યવસ્થા અને નિકાલ કરવા માટે વહીવટકાર અને ટ્રસ્ટી (Executor and Trustee) તરીકે કોઈપણ એક વ્યક્તિ અથવા વધુ વ્યક્તિઓની નિમણૂંક કરવી જરૂરી છે.

**૮.** બને ત્યાં સુધી જે વ્યક્તિને મોટાભાગની મિલકત વિલથી પ્રાપ્ત થવાની હોય તેવી વ્યક્તિની નિમણૂંક કરવી હિતાવહ છે. કેમકે અન્ય વ્યક્તિની એક્ઝિક્યુટર અને ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરી હોય તો તે મિલકતની વહેંચણી એક વર્ષ સુધી રોકી શકે છે અને બધી

જ મિલકતને વહીવટ વર્ષો સુધી તેમના હાથમાં કંટ્રોલ જતો રહેવાની શક્યતા રહે છે.

૯. વિલમાં એક્ઝિક્યુટર અને ટ્રસ્ટીની નિમણૂંક તેમની સંમતિ લીધા વગર કરી હોય તો તેવી વ્યક્તિને વિલ કરનારના મૃત્યુ બાદ ખબર પડે ત્યારે પોતે આ કામ માથે લેવા માંગે છે કે કેમ તે તેણે નક્કી કરી લેવું પડે છે. એક વખત એક્ઝિક્યુટર અને ટ્રસ્ટી તરીકે કાર્ય ચાલુ કર્યા પછી કોર્ટની મંજૂરી સિવાય તે જવાબદારીમાંથી છટકી શકાતું નથી.

**૧૦.** વિલનું પ્રોબેટ મેળવવાથી વિલ કોર્ટમાં સાબિત થયેલું ગણાય છે. મુંબઈ તથા અમુક મોટા શહેરોમાં ખાસ કરીને મરનારની સ્થાવર મિલકત હોય તો તેનું પ્રોબેટ લેવું કાયદેસર જરૂરી છે. અન્યથા મરનારના વારસદારોને વિલમાં લખેલ બધું કબૂલ હોય, અને મરનારની કોઈ સ્થાવર મિલકત ન હોય તો, આપસમાં સમજૂતી હોવાથી પ્રોબેટ લેવાની જરૂર રહેતી નથી.

**૧૧.** વિલ કરનાર વ્યક્તિ હિંદુ અવિભક્ત કુટુંબ (H.U.F.)માં કૉ-પાર્સનર હોય તો તે પોતાનો હિસ્સો વિલથી મનપસંદ વ્યક્તિને આપી શકે છે. હિંદુ કૉ-પાર્સનરી મિલકતમાં દીકરીને જન્મથી જ દીકરાની જેમ હક્ક આપતો મહારાષ્ટ્રનો હિંદુ સકશેસન એકટમાં સુધારો કરતો ધારો પિતાક્ષર હિંદુ અવિભક્ત કુટુંબને તારીખ ૨૨મી જૂન ૧૯૯૪થી લાગુ પડેલ છે. તેથી આ તારીખ પછી પરણેલ દીકરીના, દીકરાની જેમ જ કૉ-પાર્સનર તરીકેના હક્ક ચાલુ રહે છે અને તેથી આવા હિંદુ અવિભક્ત કુટુંબ (H.U.F.)માં કૉ-પાર્સનર હોય તેવા દીકરા કે દીકરીઓ પોતાનો તે મધ્યેનો હિસ્સો વિલથી મનપસંદ વ્યક્તિને આપી શકે છે.

**૧૨.** લશ્કરમાં ફરજ બજાવતાં સૈનિકો તેમના સાથીદારને અથવા અન્ય વ્યક્તિને મૌખિક રીતે જણાવી પોતાનું વિલ કરી શકે છે તથા સાદા કાગળ ઉપર તેમણે પોતાની મિલકત બાબત જે કાંઈ લખ્યું હોય તેમાં તેની સહી કરવાની રહી ગઈ હોય અથવા જેમાં કોઈ સાક્ષીની સહી ન હોય તો પણ તેવા કાગળ ઉપરના લખાણને વિલ તરીકે કાયદેસર માન્યતા મળી શકે છે. આ ખાસ જોગવાઈ લશ્કરની કોઈ પણ પાંખમાં ફરજ બજાવતા સૈનિકો પૂરતી સીમિત છે.

**૧૩.** વિલ કરવાથી વ્યક્તિ પોતાના મનપસંદ વ્યક્તિને પોતે ઇચ્છે તે પ્રમાણે પોતાની મિલકત આપી શકે છે. જ્યારે વિલ ન કરવાથી વ્યક્તિની મિલકત તેમના કાયદેસરના જે કોઈ વારસદારો થતા હોય તે તમામને કાયદેસર રીતે થતા તેમના હિસ્સા મુજબ આપવાની રહે છે. જેમાં મરનારની ઇચ્છા ન હોય તેવી વ્યક્તિને પણ તેનો વારસો મળવાની શક્યતા રહે છે. માટે દરેક પુખ્ત વ્યક્તિએ પોતાનું વિલ સમયસર બનાવી લેવું જોઈએ અને તેને સંજોગો પ્રમાણે વખતો વખત બદલતા રહેવું જોઈએ.

**૧૪.** વિલની ગેરહાજરીમાં હિંદુઓને લગતા કાયદા મુજબ અવસાન પામનાર પુરુષની પત્ની, દીકરા-દીકરીઓ (પરણીને જુદા રહેતા હોય તો પણ) તથા તેમના માતુશ્રી હયાત હોય તો તેમને દરેકને મિલકતમાં સરખે હિસ્સે ભાગ આપવાનો રહે છે. અને અવસાન પામનાર સ્ત્રીની મિલકતમાં તેમનાં પતિ તથા દીકરા-દીકરીઓ (પરણેલા જુદા રહેતા હોય તો પણ) તેનો સરખે હિસ્સે ભાગ લાગે છે. માટે દરેક પુખ્ત વયની વ્યક્તિએ પોતપોતાનું વિલ સમયસર બનાવવું હિતાવહ છે.

**૧૫.** કૉ-ઓપરેટીવ સોસાયટી મધ્યેના પોતાના રહેણાંક, ફ્લેટ, દુકાન, ઓફિસ કે ગેરેજ વગેરેના લગતા ઓનરશીપ હક્કો ફક્ત નોમિનેશન ફોર્મ ભરીને સોસાયટીમાં આપવાથી તેમાં લખેલ પોતાની મનપસંદ વ્યક્તિને વારસામાં મળી જતા નથી. માટે ગફલતમાં ન રહેતાં નોમિનેશનમાં ફોર્મમાં નામ લખવા ઉપરાંત પોતાના વિલ દ્વારા તેમ કરવું ખૂબ જ જરૂરી છે. જેથી પોતાની મરજી મુજબની કુટુંબ વ્યવસ્થા તથા સંપ જળવાઈ રહે. વિલ કરનારના મૃત્યુ બાદ વિલ પ્રમાણે ફ્લેટ વગેરેનું વિલમાં દર્શાવેલ વ્યક્તિના નામે ટ્રાન્સમીશન થતું હોવાથી સરકારી સ્ટેમ્પ ડ્યુટી તથા સોસાયટીની ટ્રાન્સફર ફી ભરવી પડતી નથી.

**૧૬.** સારા વકીલની સલાહ મુજબ સમયસર પોતાનું વિલ બનાવી, મિલકતનું વિલ દ્વારા થઈ શકતું કાયદેસરનું ટેક્સ પ્લાનિંગ કરી, ભવિષ્યમાં ટેક્સની બચત તથા કુટુંબના સભ્યો વચ્ચેના સંભવિત ઝગડાઓ નિવારી શકાય છે. અને દાનમાં જરૂરતમંદ વ્યક્તિઓને પોતાની મિલકતનો અમુક ભાગ આપી મિલકતનો સદ્‌ઉપયોગ પણ કરી શકાય છે.

**૧૭.** આ જમાનામાં ટેક્સ પ્લાનિંગના હિસાબે અથવા અન્ય કારણોસર પત્નીના નામે રહેણાંક ઓનરશીપનો ફ્લેટ, દુકાન, ઓફિસ કે અન્ય અકસ્માતો હોય શકે છે તેથી પતિએ તથા પત્નીએ પણ પોતાનું વિલ સમયસર કરવું ખૂબ જ જરૂરી છે અને પોતે વિલ કર્યાની જાણ તથા તે ક્યાં મૂક્યું છે તેની ખબર એકબીજાને આપી રાખવી જોઈએ જેથી સમયસર તેનો અમલ થઈ શકે.

**૧૮.** પોતાના નામની ભાડાની જગ્યાના ભાડુઆત તરીકેના હક્કો કાયદેસર રીતે વસિયતનામા દ્વારા કોઈપણ મનપસંદ વ્યક્તિને

આપી શકાતા નથી. ભાડુતી હક્કો ભાડા ધારા (Rent Act) મુજબ મરનારના કુટુંબના સભ્યો જે મરનારની સાથે કુટુંબના સભ્ય તરીકે રહેતા હતા તેમને મળે છે.

**૧૯.** વિલ કરનાર વ્યક્તિએ કોઈને પણ પાવર-ઑફ-ઍટર્ની આપ્યો હોય તો વિલ કરનારનું મૃત્યુ થવાથી તુરંત જ તેવો પાવર-ઑફ-ઍટર્ની રદ (cancel) થઈ જાય છે અને મરનારની મિલકતનો બધો જ વહીવટ વિલમાં નિયુક્ત કરેલ એક્ઝિક્યુટર અને ટ્રસ્ટીના હાથમાં ચાલી જાય છે.

**૨૦.** વિલ એક ખૂબ જ અગત્યનો તથા પવિત્ર દસ્તાવેજ છે. જેનાથી વ્યક્તિ પોતાની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવાનો આદેશ કુટુંબીજનોને આપી શકે છે. જેમણે વિલ કર્યું હોય તેમનું મન શાંત રહે છે. પોતાનું મૃત્યુ ક્યારે થશે તેની ખબર ન હોવાથી દસ કામ છોડી વિલ દ્વારા પોતાની મિલકતનું પોતાની મરજી મુજબ સુંદર આયોજન કરી રાખવું ખૂબ જ જરૂરી છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૧ ૫૭૮૮૯

(લેખક પ્રખ્યાત ટેક્ષ કન્સલ્ટન્ટ છે અને કાયદાના સલાહકાર છે.)

# જ્ઞાન મંથનનો પરિપાક : સમણસુત્તં

**ડૉ. રમજાન હસણિયા**

**કો**ઈપણ ધર્મ બે મુખ્ય આધારો પર ટકેલો હોય છે – એક એના સ્થાપકનું જીવન અને બીજું એમણે આપેલ ઉપદેશ. ધર્મપુરુષનું જીવન ધર્મની પરાકાષ્ઠાએ સ્થિર થયેલું હોય છે જે સાધક માટે એક લક્ષ્યાંક ઊભું કરે છે કે એણે કેટલી ઊંચાઈ સુધી પહોંચવાનું છે. આ ઊંચાઈને આંબવાનું બળ મળે છે પ્રભુના ઉપદેશમાંથી. ધર્મોપદેશમાં વાત એકડે એકથી શરૂ થાય છે. કોઈપણ જીવાત્મા જેને આત્મોત્કર્ષ કરવો છે તેને આરંભથી લઈને અંતિમ ઉપલબ્ધિ સુધીનું માર્ગદર્શન મળી રહે છે ઉપદેશમાં. સાદી ભાષામાં કહીએ તો તીર્થંકર પરમાત્માનું જીવન તે ગિરિરાજની ટોચ છે ને એના પગથિયાં તે એમની વાણીમાં વહેલો ધર્મોપદેશ. આ પગથિયાંના સહારે પરમ સુધી પહોંચવાનું છે. એટલે સાધક માટે જીવનની લગોલગ બલ્કે વિશેષ ઉપકારક છે પ્રભુનો સંદેશ. જૈન ધર્મનો આવો જ એક મજબૂત પાયો એટલે પ્રભુ મહાવીરનો ધર્મોપદેશ(દેશના). કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર પરમાત્માના સઘળા કર્મો ખપી ગયા પછી જે શેષ રહે છે તે છે અનુગ્રહ. ભગવાનની દેશના એટલે પ્રાપ્તિ પછીની પ્રસાદની વહેંચણી. કેટલાંય જીવોના કલ્યાણના કારણરૂપ ભગવાન મહાવીરના આ દિવ્ય પ્રસાદને ઝીલી લીધો એમના અધિકારી શિષ્યોએ. આકંઠ પીધેલા એ અમૃતને એમણે પચાવ્યું તો ખરું જ પણ કંઠોપકંઠ પરંપરાએ એને વહેતું પણ રાખ્યું. એટલું જ નહીં એને આગમોમાં સંકલિત કરીને આપણી સમક્ષ મૂકી આપ્યું. પ્રભુ મહાવીરનો જેટલો ઉપકાર છે એટલો જ મોટો ઉપકાર ગણધર ભગવંતોનો છે કે જેમણે આ વાણીને હૃદયસ્થ કરીને શબ્દસ્થ કરી લીધી, ગ્રંથસ્થ કરી લીધી.

પ્રભુ મહાવીરે પોતાનો ઉપદેશ લોકબોલી પ્રાકૃતમાં આપ્યો. ધર્મનો માર્ગ વીતરાગ પ્રભુએ સાદી સીધી ભાષામાં સામાન્યજનને પણ સમજાઈ જાય એવી રીતે પ્રબોધ્યો. પરંતુ સમયનાં વહેણની સાથે અને ભાષાના નિત્ય બદલાતા સ્વરૂપની સાથે એ સમયની ભાષામાં થયેલી એ બધી વાતો હવે આપણા જેવાં જનસામાન્ય માટે દુર્ગમ બનતી ગઈ. વળી આટલા બધા આગમોમાંથી પસાર થવું પણ એક સામાન્ય વ્યક્તિ માટે અઘરી વાત ગણી શકાય. એટલે આધુનિક સમયના ઋષિ વિનોબા ભાવેને એક વિચાર સ્ફૂર્યો કે આ બધા જ આગમોના સારરૂપ જો કોઈ ગ્રંથ તૈયાર થાય કે જેની બધી જ વાતો સર્વસ્વીકૃત હોય તો તે ગ્રંથ જૈન ધર્મના ધર્મગ્રંથ તરીકેની ગરજ સારી શકે. કોઈપણ જૈન-જૈનેતર અભ્યાસીને ટૂંકમાં જૈન દર્શનનો પરિચય કરાવવા માટે તે ગ્રંથ પર્યાપ્ત હોય. આ વિચાર-બીજમાંથી અંકુરિત થયેલું યજ્ઞકાર્ય સમાન ગ્રંથ એટલે સમણસુત્તં. અગમને સમજાવે તે આગમ ને આગમોના અર્કરૂપ ગ્રંથ એટલે સમણસુત્તં.

સમણસુત્તં જેવા જૈન ધર્મના સારરૂપ ગ્રંથના સંકલન, પ્રકાશન અને અનુવાદનું કાર્ય એ જૈન ધર્મના ઇતિહાસમાં અનેક રીતે વિશિષ્ટ કહી શકાય તેવી ઘટના છે. રાષ્ટ્રીય સંત વિનોબાજીની પ્રેરણાથી આરંભેલું આ ભગીરથ કાર્ય કેટલાંય સાધુજનો, વિદ્વાનો અને સુશ્રાવકોના અનન્ય પ્રયાસોથી સંપન્ન થઈ શક્યું છે. જિનાગમોમાંથી ચૂંટેલાં સર્વમાન્ય જિનવચનોના સંચયરૂપ સમણસુત્તંના સર્જનનો ઇતિહાસ પણ જાણવા જેવો છે.

સમણસુત્તંનું વિચારબીજ સૌપ્રથમ સંત વિનોબાજીના મનમાં રોપાયું હતું. મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મનાં ધર્મગ્રંથો સહજ સુલભ છે જેના પરથી જે તે ધર્મનો પરિચય સરળતાથી મેળવી શકાય છે. આ પ્રકારનો કોઈ એક ગ્રંથ જૈન ધર્મ પાસે ન્હોતો. આ સંદર્ભે જૈન ધર્મના તમામ પેટા સંપ્રદાયો-ફિરકાઓને માન્ય હોય તેવા એક ગ્રંથની આવશ્યકતા વિનોબાજીને જણાઈ. વિનોબાજીના આ ઉમદા

વિચારને મૂર્તિમંત કરવાની જહેમત ઉઠાવી જિનેન્દ્ર વર્ણીજીએ. તેમણે અથાગ પરિશ્રમ થકી આગમોનું પરિશીલન કરી જૈન ધર્મના પ્રત્યેક સંપ્રદાયને માન્ય હોય તેવી ગાથાઓનું એક સંકલન તૈયાર કર્યું, જેની 'જૈન ધર્મસાર' નામે એક હજાર નકલ છપાવી ભારતભરના મુનિઓ, આચાર્યો, જૈન-જૈનેતર વિદ્વાનોને મોકલાવી. વિદ્વાનોના સૂચનો અને સંશોધનોને ધ્યાન પર લઈ બીજું સંકલન પંડિત દલસુખભાઈ માલવણિયાએ કર્યું. સંત કાનજી સ્વામીની પ્રેરણાથી ડૉ. હુકુમચંદ ભારીલ્લે કેટલીક જરૂરી ગાથાઓ સૂચવી. ઉદયપુરના ડૉ. કમલચંદજી સોગાણીએ પણ ઊંડાણપૂર્વક અધ્યયન કરી સૂચનો કર્યાં. આ બધા સૂચનોનું અવલોકન કરી શ્રી વર્ણીજીએ ત્રીજું સંકલન કર્યું જેને 'જિણધમ્મ' એવું નામ અપાયું.

આ ગ્રંથને અંતિમ રૂપ આપવા અર્થે વિનોબાજીના સૂચનથી ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષની ઉજવણીના ભાગરૂપે દિલ્હીમાં તારીખ ૨૯-૩૦ નવેમ્બર ૧૯૭૪ના રોજ અણુવ્રત વિહાર તથા જૈન બાલાશ્રમમાં વિશાળ સભા ભરાઈ, જેમાં જૈન ધર્મના સર્વ પેટા સંપ્રદાયના અગ્રણી સાધુ ભગવંતો, આચાર્યો તેમજ વિદ્વાનો હાજર રહ્યા. બે દિવસ ૪ બેઠકોમાં ચાલેલા આ સંમેલનની બેઠકોની અધ્યક્ષતા અનુક્રમે મુનિશ્રી સુશીલકુમારજી, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનકવિજયજી તથા ઉપચાર્ય શ્રી વિદ્યાનંદજીએ સંભાળી હતી. આ સંમેલનને આચાર્ય તુલસી, આચાર્ય ધર્મસાગરજી, આચાર્ય વિજયસમુદ્રસૂરીજી તથા આચાર્ય દેશભૂષણજીના આશીર્વાદ પ્રાપ્ત થાય હતા. ઉપાધ્યાય કવિ અમરમુનિજી, મુનિ સંતબાલજી, પૂ. કાનજી સ્વામી, આચાર્યશ્રી આનંદઋષિજી, મુનિશ્રી યશોવિજયજી આદિ સંતોએ પણ આ કાર્યને સમર્થન આપ્યું હતું. સંમેલનની નિષ્પત્તિરૂપ અંતિમ અને સર્વમાન્ય ચયન 'સમયસુત્તં'ના નામે ઈ.સ. ૧૯૭૫માં પ્રકાશિત કરવામાં આવ્યું. આ પ્રકાશનમાં પંડિત દલસુખ માલવણિયા અને મુનિ શ્રી નથમલજીનું વિશેષ પ્રદાન રહ્યું, તો ડૉ. એ.એન. ઉપાધ્યાયે તથા ડૉ. દરબારીલાલજી કોઠિયા જેવા વિદ્વાનોનો સહયોગ પણ સાંપડ્યો. 'સમયસુત્તં'ની ગાથાઓનું સંસ્કૃત છાયા પરિશોધન પંડિત બેચરદાસજીએ કર્યું તો એનો હિંદી અનુવાદ પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી અને મુનિશ્રી નથમલજીએ કર્યો.

મહાવીર જયંતીના અવસર પર દેશના અનેક શહેરો તેમજ તીર્થક્ષેત્રોમાં એક સાથે આ ગ્રંથનું ઉત્સાહપૂર્વક વિમોચન કરવામાં આવ્યું. એપ્રિલ ૧૯૭૫માં છપાયેલી પ્રથમ આવૃત્તિની બધી જ નકલો બીજા જ દિવસે સમાપ્ત થઈ ગઈ અને તાત્કાલિક મે ૧૯૭૫માં ૮૦૦૦ પ્રત સાથે તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી. ઈ.સ. ૧૯૮૨માં રાજસ્થાન સરકારના સૂચનથી ૭૩૦૦ પ્રત સાથે તેની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરાઈ. ઉદયપુર તથા નાગપુર યુનિવર્સિટીમાં પ્રાકૃત અને જૈન ધર્મના બી.એ. તથા એમ.એ.ના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે તેનો સમાવેશ કરવામાં આવ્યો. આ કારણસર ઈ.સ. ૧૯૮૨માં ચોથી આવૃત્તિ થઈ અને તે પછી પણ તે પ્રકાશિત થતું રહ્યું છે. યજ્ઞ પ્રકાશન વડોદરાએ તાત્કાલિક તેનો ગુજરાતી અનુવાદ કરાવવાનું નક્કી કર્યું અને જાન્યુઆરી ૧૯૭૬માં તેનું પ્રથમ ગુજરાતી સંસ્કરણ પાંચ હજાર પ્રત સાથે પ્રકાશિત કરવામાં આવ્યું. પ્રથમ ગુજરાતી અનુવાદ અંગ્રેજી, સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાના વિદ્વાન શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણીજીએ કર્યો હતો.

આ સમયગાળા દરમિયાન રાજસ્થાનના વિદ્વાન અધ્યાપક ડૉ. કમલચંદ સોમાણીએ સંપાદિત કરેલ **'समणसुत्तं चयनिका'**નું પ્રકાશન પ્રાકૃત ભારતી અકાદમી જયપુર દ્વારા ૧૯૮૫માં કરવામાં આવ્યું, જેની પાંચ આવૃત્તિઓ થઈ. મૂલ 'સમણસુત્તં'માં ૭૫૬ ગાથાઓ સમાવવામાં આવેલ છે. પ્રસ્તુત ચયનિકામાં એમાંથી ચૂંટેલી ૧૭૦ ગાથાઓનો હિન્દી-અંગ્રેજી અનુવાદ કરવામાં આવ્યો છે. સમગ્ર 'સમણસુત્તં'નો અંગ્રેજી અનુવાદ ડૉ. કમલચંદ સોમાણીએ કર્યો છે, જે પ્રાકૃત ભારતી અકાદમી દ્વારા ૧૯૯૩માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

આ કાર્યની સમાંતરે પંડિત દલસુખભાઈ માલવણિયાના સૂચનથી ડૉ. કે. કે. દીક્ષિતે પણ 'સમણસુત્તં'નો અંગ્રેજી અનુવાદ કર્યો, તો વળી ભારતના તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જટ્ટીના સૂચનથી શ્રી ટી. કે. તુક્કલે પણ અંગ્રેજી અનુવાદ કર્યો. આ બંને અનુવાદ પાર્શ્વનાથ શોધપીઠ વારાણસીના નિયામક ડૉ. સાગરમલ જૈનને સુપ્રત કરાયા. ચીમનભાઈ ચકુભાઈ શાહે તેની ભલામણ કરેલી. બંને લેખકોના અનુવાદોને ભેગા કરી, સુધારીને અંતિમ લખાણ તૈયાર કરાયું. ડૉ. હરિહર સીંઘ (લેક્ચરર, બનારસ હિંદુ યુનિવર્સિટી ઇતિહાસ વિભાગ) તથા ડૉ. આર. કે. સીંઘે 'સમણસુત્તં'ની ગાથાઓનું રોમન લિપિમાં લિપ્યંતર કર્યું. ઈ.સ. ૧૯૯૩માં સર્વ સેવા સંઘ પ્રકાશન-રાજઘાટ દ્વારા તેનું પ્રકાશન થયું. બીજી આવૃત્તિ ભગવાન મહાવીર મેમોરીયલ સમિતિએ ૧૯૯૯માં બહાર પાડેલી.

આગળ નોંધ્યું તેમ 'સમણસુત્તં'નો પ્રથમ ગુજરાતી અનુવાદ શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણીએ કરેલો. આ અનુવાદ હિન્દી-સંસ્કૃત શબ્દોના પ્રાચુર્યના કારણે વિદ્વદભોગ્ય બની રહ્યો હતો. યજ્ઞ પ્રકાશન વડોદરાના સંવાહકો તેનો સરળ છતાં અર્થસભર ગુજરાતી અનુવાદ કરાવવા મથી રહ્યા હતા. તેમણે કેટલાંક વિદ્વાનોને આ કાર્ય

માટે વિનંતી પણ કરેલી. કચ્છ ગાંધીધામના જાણીતા લેખક, ચિંતક, અનુવાદક શ્રી માવજીભાઈ સાવલાને પણ અનુવાદ કરવા માટે અનુરોધ કરાયો હતો. તેમણે આ કાર્ય માટે પાર્શ્વચંદ્રગચ્છીય મુનિશ્રી ભુવનચંદ્રજીનું નામ સૂચવ્યું. મુનિશ્રી ભુવનચંદ્રજીએ ભારે ખંતપૂર્વક આ કાર્ય પાર પાડ્યું. ઈ.સ. ૧૯૯૫માં જૈન સાહિત્ય અકાદમી ગાંધીધામ દ્વારા મુનિશ્રી ભુવનચંદ્રજી દ્વારા ગુજરાતીમાં અનુવાદિત 'સમણસુત્તં' પ્રકાશિત કરવામાં આવ્યું, જેના ત્રણ પુનઃમુદ્રણો સમયાંતરે યજ્ઞ પ્રકાશન વડોદરા દ્વારા કરવામાં આવ્યા. તદ્ઉપરાંત પ્રાધ્યાપક શ્રી કુમુદચંદ્ર ગોકળદાસ શાહે પણ અમૃતલાલ સવચંદ ગોપાણી દ્વારા અનુદિત 'સમણસુત્તં'માંથી માત્ર ગુજરાતી અનુવાદ અલગથી પ્રકાશિત કરાવેલ. શ્રી જ્યોતિબેન અને નવીનભાઈ શાહે શ્રુતરત્નાકર પ્રકાશન દ્વારા પ્રાકૃત, ગુજરાતી અને અંગ્રેજી અનુવાદ રોમન લિપ્યંતર સાથે વર્ષ ૨૦૦૮માં 'સમણસુત્તં'નું પ્રકાશન કરાવેલ છે. આ સિવાય પણ અન્યત્રથી પ્રકાશન થયેલ હોવાનો સંભવ છે.

વળી, 'સમણસુત્તં'નો પંજાબી ભાષામાં પણ અનુવાદ થયેલ છે. આ અનુવાદ પંજાબના નામાંકિત સહલેખકો શ્રી રવીન્દ્ર જૈન તથા શ્રી પુરુષોત્તમ જૈને કરેલ છે. તદુપરાંત તેનો ઉડિયા ભાષામાં પણ અનુવાદ થયેલો છે. આ બંને અનુવાદો પુસ્તકાકારે પ્રાપ્ય નથી. પરંતુ www.jainworld.comની વેબસાઇટ પર E-Bookના રૂપમાં PDF ફોર્મેટમાં ઉપલબ્ધ છે. ડૉક્ટર અનુપમ જે સંશોધનો બંગાળી અનુવાદ કરી રહ્યા હતા જેની આગળની વિગત પ્રાપ્ત થઈ શકી નથી.

વિશ્વ સમસ્તમાં ફેલાયેલા જૈન ધર્મના સારરૂપ ગ્રંથનો વિદેશી ભાષાઓમાં પણ અનુવાદ થાય તે સ્વાભાવિક ઘટના છે. તેમાં ઈટાલીના લેખિકા ક્લાઉડિયા પેસ્ટોરીનો દ્વારા ઈટાલિયન ભાષામાં અનુદિત 'સમણસુત્તં' Saman Suttam il Canone del jainismo la piu Antica Dettrina Della Nanviolanza' નામે 'Mondadori Editior' જેવી પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૧માં પ્રકાશિત થયેલ છે. તો વળી 'Le Saman Suttam' નામે તેનો ફ્રેંચ ભાષામાં પણ અનુવાદ થયેલો છે. ચાઈનીઝ તેમજ હોંગકોંગ તથા ચાઈનાના કેટલાંક વિસ્તારોમાં બોલાતી કેન્ટનીઝ ભાષામાં પણ તેનો અનુવાદ થયેલો છે. ચાઈનીઝ તેમજ કેન્ટનીઝ ભાષાના અનુવાદો અંગ્રેજી લિપ્યંતર સાથે મૂકવામાં આવ્યા છે, તો ફ્રેન્ચમાં માત્ર સીધો અનુવાદ મૂકાયો છે. સ્પેનીશ ભાષામાં અનુવાદ થયેલ હોવાની નોંધ મળે છે, પરંતુ પુસ્તક પ્રાપ્ત થઈ શક્યું નથી. ઈટાલિયન ભાષાના અનુવાદને બાદ કરતાં અન્ય વિદેશી ભાષામાં થયેલ અનુવાદો મોટેભાગે E-bookના રૂપમાં જ પ્રાપ્ત થાય છે. તેથી તેમના અનુવાદક કે પ્રકાશક વિશે માહિતી પ્રાપ્ત થઈ શકી નથી. આ સઘળાં અનુદિત પુસ્તકો www.jainworld.org તથા www.jainelibrary.org પર સહજ સુલભ છે.

'સમયસુત્તં'માં આગમો ઉપરાંત અન્ય પ્રમુખ ગ્રંથોમાંથી કુલ ૭૫૬ ગાથાઓ પસંદ કરી સંકલિત કરાઈ છે. આ ગ્રંથને ચાર પ્રમુખ વિભાગોમાં વિભાજીત કરાયો છે : જ્યોતિર્મુખ, મોક્ષમાર્ગ, તત્વદર્શન અને સ્યાદ્વાદ. ચાર ખંડ પેટા ૪૪ વિભાગોમાં વહેંચાયા છે. જૈન દર્શનના પ્રમુખ વિચારો અહીં કર્મસૂત્ર, ધર્મસૂત્ર, શિક્ષાસૂત્ર, આવશ્યકસૂત્ર, તપસૂત્ર, સાધનાસૂત્ર, તત્વસૂત્ર, સમન્વયસૂત્ર વગેરે જેવાં ૪૪ જેટલાં પેટા શીર્ષકો હેઠળ મુકાયાં છે. એક-એક વિચારને સ્પષ્ટ કરતી ગાથાઓ એક સાથે મુકીને અભ્યાસુ માટે જે તે વિષયને સમજવા અહીં સગવડ કરી અપાઈ છે. પરંતુ જે તે વિષયની ગાથાઓ ભિન્ન ભિન્ન આગમાદિ ગ્રંથોમાંથી લીધેલી હોઈ તેમાં વિષય સિવાય કોઈ આંતર સંબંધ નથી. દરેક ગાથા સ્વતંત્ર છે. હા, ક્યાંક બે-ચાર શ્લોકોમાં સળંગ-સૂત્રતા દેખાય પણ ખરી.

અહીં જૈન દર્શનના પ્રમુખ સિદ્ધાંતોની સમજ અપાઈ છે તો સાથોસાથ એ સિદ્ધાંતોના રોજિંદા જીવનમાં અમલીકરણ માટેની કેડી પણ કંડારી અપાઈ છે. મનુષ્ય-જીવનની ગુંચોને ઉકેલવાની ગુરુચાવીઓ અહીં છે તો જીવનને સાધનામય બનાવી ઉન્નતિના પથ પર લઈ જવા માટેનું માર્ગદર્શન પણ અહીં છે. આ સંદર્ભમાં આ ગ્રંથ જીવન જીવવાની કળા શીખવતું શાસ્ત્ર બની રહે છે. અહીં એની કેટલીક ગાથાઓના પરિચય દ્વારા ગ્રંથનો આસ્વાદમૂલક પરિચય કરાવવાનો જ આશય છે. કેટલીક શાસ્ત્રીય બાબતોની ચર્ચા મારા ગજાની વાત ન હોઈ તેની વાત ટાળી છે. એક વિહંગાવલોકન દ્વારા ભાવકને ગ્રંથ સમીપે લઈ જવા માટેનો આ એક નાનકડો પ્રયાસ છે. મૂળ રત્નો મેળવવા તો રત્નાકરની અંદર ભાવકે સ્વયં જ ડૂબકી લગાવવી રહી. માંહે પડી સૌ મહાસુખ પામે એવા ભાવ સાથે થોડાં છબછબિયાં કરવાની કોશિશ કરું છું.

ભારતીય પ્રણાલી અનુસાર ગ્રંથારંભે કરાયેલા મંગલાચરણમાં જેમણે આ ધર્મમાર્ગ પ્રબોધ્યો છે એવા અરિહંત પરમાત્માથી માંડીને આ માર્ગ પર ચાલતા તમામ સાધુભગવંતોને વંદના કરાઈ છે. દરેકના ગુણવિશેષનું સ્મરણ કરી ભાવપૂર્વક વંદના કરાઈ છે. અહીં કેટલીક ગાથાઓ લોગસ્સ સૂત્ર, જયવીયરાયસૂત્ર જેવાં પ્રસિદ્ધ પ્રાર્થનાસૂત્રોમાંથી સીધેસીધી લેવાઈ છે. જિનશાસનની મહત્તા સમજાવી આરંભે જ એકવીસમી ગાથામાં જિનવચનના અનુરાગી અને એના પ્રમાણે આચરણ કરનારને અલ્પસંસારી ગણાવી શાસ્ત્રકાર ભગવંતોએ સાધકનો જુસ્સો વધાર્યો છે, તો સાથોસાથ ૨૩મી ગાથામાં જિનવચનના

મર્મને કોણ સમજાવી શકે તે માટેની સ્પષ્ટ કરી અભ્યાસીની અધિકૃતતા પર પણ ભાર મુક્યો છે. શાસ્ત્રકારો નોંધે છે, 'સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના જ્ઞાતા, ગંભીર, તેજસ્વી, પવિત્ર, સૌમ્ય અને એવા બીજા સેંકડો ગુણોથી સંપન્ન મુનિ જ જિનવચનના મર્મને સમજાવી શકે.' (ગાથા-૨૩) સ્વશાસ્ત્રની સાથે પરશાસ્ત્રના જ્ઞાન પર પણ અહીં ભાર મુકાયો છે, તો વળી તેજસ્વીતાની સમાંતરે ગંભીરતા અને સૌમ્યતાની આવશ્યકતા પર પણ ભાર મુક્યો છે. ગાંધીજીના અગિયાર વ્રતોનું ગીત સ્મરણમાં આવે... ''આ અગિયાર મહાવ્રત જાણી નમ્રપણે દઢ આચરવા...'' અહીં બે શબ્દો બહુ મજાના છે – નમ્રતા અને દઢતા. આ વ્રતો નમ્રપણે કોઈપણ જાતની મોટપ અનુભવ્યા વિના તે છતાં દઢપણે આચરવાના છે. આચરણ કરનાર જ ધર્મનો મર્મ બરાબર પામી શકે છે ને એ જ અધિકારી બને છે ધર્મના મર્મને સમજાવવા. પોથી પંડિતોનો છેદ અહીં આપોઆપ ઉડી જાય છે.

૨૫મીથી ૩૧મી ગાથામાં જિનેશ્વર ભગવંતોએ સ્થાપિત કરેલ શ્રી સંઘની મહત્તા ગવાઈ છે. ૩૦ અને ૩૧મી ગાથામાં શ્રી સંઘનું કેવું આલંકારિક વર્ણન કરાયું છે તે જુઓ : 'સંઘ એક કમળ સમાન છે, તે કર્મરૂપી પાણીમાં ઉત્પન્ન થાય છે; એને શ્રુતજ્ઞાનરૂપી લાંબી દાંડી છે; એ પાંચ મહાવ્રતરૂપી કર્ણિકા અને ગુણરૂપી તાંતણા ધરાવે છે; શ્રાવકજનરૂપી ભમરા તેને વીંટળાયેલા રહે છે; જિનેશ્વરરૂપી સૂર્ય દ્વારા વિકસિત થાય છે; હજારો શ્રમણો જાણે એનાં પાંદડા છે; આવા સંઘકમળનું સદા કલ્યાણ હો!' (ગાથા ૩૦-૩૧) બે જ ગાથામાં શ્રી સંઘનું સ્વરૂપ સમજાવી આપણને મળેલ આ ભવ્ય વિરાસતનો શાસ્ત્રકાર ભગવંતો કેવો કાવ્યાત્મક પરિચય કરાવે છે તે કહેવાની જરૂર ખરી?

ધર્મ માર્ગનું પ્રબોધન અત્યંત સરળ શૈલીમાં તીર્થંકર પરમાત્મા દ્વારા કરવામાં આવ્યું છે. ધર્મના માર્ગને કોણ જાણે કોણે આટલો અટપટો ચીતરી દીધો બાકી મૂળ સ્થાપકોની વાત તો જુઓ કેટલી સરળ છે. સંસારચક્ર સૂત્રમાં સંસારના ભ્રામક સુખનું સ્વરૂપ કેવાં વ્યવહારિક ઉદાહરણ દ્વારા પરમાત્માએ સમજાવ્યું છે, જુઓ : 'કેળના ઝાડમાંથી ખૂબ શોધવા છતાં કોઈ સારભૂત (નક્કર) ભાગ હાથમાં આવતો નથી તેમ, ગમે તેટલું શોધો તો પણ ઈન્દ્રિયવિષયોમાંથી સુખ મળી શકતું નથી.' (ગાથા-૪૭) દેખીતું સુખ પણ ઘણીવાર દુઃખનું કારણ હોઈ આખરે દુઃખરૂપ જ હોય છે ત્યારે સાચા સુખની શોધમાં નીકળી પડવા આવી ગાથા ક્યાંક ઓચિંતા ચિનગારીરૂપ બની રહે છે.

એક બહુ મોટી વિટંબણા તરફ પણ ભગવાને અંગુલીનિર્દેશ કર્યો છે. ધર્મનો માર્ગ જાણતા હોવા છતાં એને ન અનુસરી શકનાર આપણા સૌમાં એક દુર્યોધન શ્વસી રહ્યો છે જેને ધર્મ શું છે એની ખબર છે છતાં એનું આચરણ કરી શકતો નથી અને અધર્મ શું છે એની જાણ હોવા છતાં એને છોડી શકતો નથી. શાસ્ત્રકારો કહે છે કે, 'જન્મ-જરા-મરણનાં દુઃખોને જાણવા છતાં, વિચારવા છતાં વિષયોથી વિરક્ત થવાતું નથી. કેવી દઢ છે આ ગુપ્તગાંઠ?' (ગાથા-૫૧) ભવોભવના દઠ થયેલા સંસ્કારો કઈ રીતે ધર્મમાર્ગમાં બાધક બને છે એ સમજાવી ભગવાન એ સંદર્ભે સાધકને સાવધ પણ કરે છે.

આ સંસ્કારોના ગાઢ થવા પાછળનું કારણ છે કર્મબંધન સમયની અભાનતા. અભાન અવસ્થામાં બંધાઈ ગયેલાં કર્મોના ભોગવટા સમયે આત્મા લાચાર થઈ જાય છે. કર્મની આ વાત એકદમ સચોટ ઉદાહરણ સાથે સમજવતા ભગવાન કહે છે કે, 'ઝાડ પર ચડતી વખતે માણસ પોતાની ઇચ્છાથી ચડે છે. પણ પડતી વખતે એ પરવશ હોય છે. એમ લોકો કર્મ બાંધતી વખતે સ્વતંત્ર હોય છે પણ એ કર્મોનો ઉદય થાય ત્યારે પરાધીનપણે તેનું ફળ તેમણે ભોગવવું પડે છે.' (ગાથા-૬૦) આ ગાથા આપણને યાદ અપાવે છે કે આપણે જ આપણા સંસારનું નિર્માણ કરીએ છીએ. ઝાડ પર ચડવું એટલે કે કર્મબંધ વખતની કાળજી આપણા હાથની વાત છે એ જો ન લઈ શક્યા તો પછી મળનાર પડછાટ આપણા હાથમાં નહીં રહે. એક એવી સઝ્ઝાય છે કે, 'હસતાં બાંધ્યા રે કર્મ, રડતાં ન છૂટે પ્રાણિયા...' આ ગાથા એક સંકેત છે કે આપણી આ સ્થિતિ થાય એ પહેલાં ચેતી જઈએ.

સમજાતો હોવા છતાં ધર્મ કેમ ગમતો નથી એનું કારણ કેવાં કેવાં અનુભવમૂલક ઉદાહરણ દ્વારા ભગવાને સમજાવી આપ્યું છે. જુઓ : 'તાવવાળા માણસને મીઠી વસ્તુ નથી ભાવતી તેમ મિથ્યાત્વને આધીન વ્યક્તિનું દર્શન વિપરીત બની જાય છે – તેને ધર્મ પણ ગમતો નથી.' (ગાથા-૬૮) તકલીફ મીઠાઈમાં નથી આપણને તાવ છે એમાં છે ને દોષ આપણે મીઠાઈને આપીએ છીએ. આ બધી વાતો એટલી સચોટ રીતે કહેવાઈ છે કે એક વાક્યમાં જ સમજાઈ જાય. વીરવિજયજી મહારાજ યાદ આવે, 'રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારીજી.'

આ બધા માટે જવાબદાર કોણ? તો જવાબ છે આપણા જ રાગ અને દ્વેષ. સઘળાં કર્મોના બંધ પાછળ મુખ્ય કારણરૂપ આ રાગ-દ્વેષ જ આપણા ખરા રિપુઓ છે. ભગવાન સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'નિરંકુશ એવા રાગ અને દ્વેષ આપણું જેટલું બૂરું કરે છે એટલું ગમે તેટલો છંછેડાયેલો અને બળવાન શત્રુ પણ નથી કરી શકતો.' (ગાથા-૭૨) દુઃખનું કારણ આપે અને નિવારણ ન આપે તો ભગવાન

શાના? એટલે આગળની ગાથામાં કહે છે કે, 'ભયંકર ભવસાગરને પાર કરવાની ઇચ્છા હોય તો હે સુજ્ઞ બંધુ! તપ અને સંયમરૂપી નૌકા જલ્દી મેળવી લે.' (ગાથા-૭૪) સંયમ દ્વારા સંવર અને તપ દ્વારા નિર્જરાનો માર્ગ બતાવ્યો એ વાત તો અગત્યની છે જ પણ વધુ અપીલિંગ છે સુજ્ઞ બંધુ સંબોધન. ગુજરાતી અનુવાદક મુનિશ્રી (હવે ઉપાધ્યાયશ્રી) ભુવનચંદ્રજીની એક સાધક તરીકેની મૃદુતા-કોમળતા હૃદયને સ્પર્શી જાય છે. 'બંધુ' સંબોધન પોતીકું લાગે છે ને અનુવાદમાં ભગવાનને અભિપ્રેત મીઠાશ અનુભવાય છે.

ધર્મસૂત્રના આરંભે દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથા મૂકી ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા આપી દીધી છે. ભગવાન કહે છે, 'ધર્મ ઉત્કૃષ્ઠ મંગળ છે, અહિંસા, સંયમ અને તપ એ જ ધર્મ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે તેને દેવો પણ નમન કરે છે.' (ગાથા-૮૨) અહિંસા, સંયમ અને તપને જ ધર્મ ગણાવી આ ત્રણ બાબતોમાં સઘળું સમાવી લઈ આ સંજ્ઞાઓનો કેવો અર્થ વિસ્તાર કર્યો છે ભગવાને! ધર્મવાન વ્યક્તિનું કેટલું અદકેરું મૂલ્ય છે એ પણ અહીં સૂચિત કરી ભગવાને એ દિશામાં અગ્રેસર થવા જાણે સૂચન કરી દીધું છે. 'વત્થુ સહાવો ધમ્મો' એ ન્યાયે વસ્તુ એટલે કે આત્માનો સ્વભાવ જ ધર્મ છે. આત્માનો સ્વભાવ એના ક્ષમા આદિ દશ ગુણો છે, તેથી એ ગુણ તે જ ધર્મ. ગુણવાન હોવું એટલે ધર્મવાન હોવું. યશોવિજયજીના એક સ્તવનમાં પણ ભગવાન પરમપદને કેમ વર્યા એનું રહસ્ય સાદી સીધી શૈલીમાં સમજાવતાં તેઓ કહે છે કે, 'ગુણ સઘળાં અંગી કર્યાં, દૂર કર્યાં સવી દોષ લાલ રે.' સાધકે આટલું જ તો કરવાનું છે. પોતાના આત્મસ્વરૂપના સઘળાં ગુણોને એનાં મૂળ રૂપમાં આત્મસાત કરવાના છે ને એની પ્રાપ્તિ માટેનો માર્ગ તે જ ધર્મ.

ધર્મ પમાડવાની રીત પણ કેટલી મનોહર છે પ્રભુની! એનાં ઉદાહરણ પણ આપણને ઠેરઠેર મળી રહે છે. આચાર્ય મમ્મટ્ટ સાહિત્યના છ પ્રયોજનો પૈકી એક પ્રયોજન પ્રિય પત્નીની જેમ ઉપદેશ આપવાનું ગણાવે છે. જુઓ ભગવાન સત્ય બોલવાથી શું થાય એ સમજાવી કેવી સલુકાઈથી સત્યકથન તરફ વાળી દે છે. 'સત્યભાષી વ્યક્તિ માતાની જેમ વિશ્વાસપાત્ર, ગુરુની જેમ પૂજ્ય અને સ્વજનની જેમ સૌને પ્રિય બને છે.' (ગાથા-૯૫) જો તમારે આ સ્થાન મેળવવું હોય તો સત્યના માર્ગે ચાલો એવો સીધો ઉપદેશ ન આપી ભગવાન અહીં માત્ર ઈશારો કરી ચૂપ થઈ જાય છે ને એમાં જ સાધકની ગરિમા પણ જળવાય છે. તો જરૂર પડે સામાન્ય ભાવકો માટે વાર્તા આદિ દૃષ્ટાંતોની મદદથી પણ શાસ્ત્રકારો પથપ્રદર્શન કરે છે. ૯૭મી ગાથામાં લાભ વધતાં લોભ કેવી રીતે વધતો જાય છે તેની વાર્તા કહી લોભથી બચવાની સીધી શીખ પણ આપી છે. ટૂંકમાં ભગવાન દરેક પ્રકારના સાધક માટે તેમને યોગ્ય ઉપદેશ આપી તેમના રાહબર બન્યા છે. આ જ છે એમની કરુણા.

ધર્મોપદેશ સીધો અને સ્પષ્ટ હોવો જોઈએ. એનો વિનિયોગ અભિધામાં જ થાય તે વધુ અપેક્ષિત છે. એમાં બહુ જાજી સાહિત્યિકતાની અપેક્ષા ન રાખવી જોઈએ. કેમકે સાહિત્યમાં અર્થઘટનના વૈવિધ્યના પ્રશ્નો રહે છે. ભગવાને મોટેભાગે બધું એકદમ સ્પષ્ટ શબ્દોમાં જ કહ્યું છે જેથી સાધકે ક્યાંક અટવાવાનું ન આવે. આ ગ્રંથમાં આપેલી કેટલીક સ્પષ્ટ વ્યાખ્યાઓને લઈને અલગથી અભ્યાસ થઈ શકે. ત્યાગીની વ્યાખ્યા આપતાં ભગવાન કહે છે કે, 'જે વ્યક્તિ સુંદર અને પ્રિય એવા ભોગો મળતા હોય છતાં તેની સામે ન જુએ અને સ્વાધીન હોય એવા સુખોનો પણ ત્યાગ કરે તે ખરો ત્યાગી કહેવાય.' (ગાથા-૧૦૪) કશું પાસે ન હોય તે વ્યક્તિની અભાવગ્રસ્ત અવસ્થા ત્યાગ નથી. ભીખારી અને ત્યાગીમાં આ પાયાનો ફરક છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલ યાદ આવે : 'તારું કશું ન હોય તો છોડીને આવ તું, તારું જ બધું હોય તો છોડી બતાવ તું.' પ્રિય વસ્તુ કે વ્યક્તિના પાશમાંથી છૂટી શકે તે ત્યાગી...આવી જ વ્યાખ્યા કરી છે બ્રહ્મચર્યની. 'બ્રહ્મ એટલે આત્મા. દેહ અને પરની આસક્તિથી મુક્તિ મુનિ બ્રહ્મને અર્થે જે આચરણ કરે તેને બ્રહ્મચર્ય કહે છે.' (ગાથા-૧૧૧) બ્રહ્મચર્યની કેટલી સૂક્ષ્મ વાત ભગવાને આપણને શીખવીને આપણે એની કેટલી સ્થૂળ વ્યાખ્યામાં અટવાઈ ગયા! આત્મરમણતા એ જ બ્રહ્મચર્ય. જે પોતાના મૂળ સ્વરૂપમાં રમમાણ કરે અને સ્થૂળ બ્રહ્મચર્ય આદિ ગુણો તો સહજ ઉપલબ્ધ થઈ જાય. આવા સાધકનું એકેએક કૃત્યુ બ્રહ્મ પ્રાપ્તિ અર્થે જ હોય. નિજ સ્વરૂપમાં ઠરવાની મથામણને જ અહીં બ્રહ્મચર્ય કહ્યું છે.

આગળ નોંધ્યું તેમ વાર્તા દ્વારા જીવન સંદેશ આપવાની પ્રણાલીને તીર્થંકર પરમાત્મા પણ અનુસર્યા છે. બાળજીવો માટે આ વાર્તાઓ માત્ર વાર્તાઓ ન રહેતા કલ્યાણદાત્રી બની રહી છે. એક સમાન ધર્મમાર્ગ મેળવનાર વ્યક્તિ તેનો ક્યા પ્રકારે વિનિયોગ કરી કઈ સ્થિતિને વરે છે એની વાત વેપારીની વાર્તાથી સમજાવતાં ભગવાન કહે છે કે, 'ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને નીકળ્યા. એકે નફો કર્યો, બીજો મુદ્દલ લઈને પાછો આવ્યો, ત્રીજો વેપારી મૂળ રકમ ગુમાવીને પાછો ફર્યો. એવું જ ધર્મ વિશે પણ સમજવું.' (ગાથા-૧૧૯-૧૨૦) આના બે અર્થ થઈ શકે. એક : ધર્મ તો બધાને સરખો મળ્યો પણ જેણે જે રીતે એનો વિનિયોગ કર્યો એ પ્રમાણે તેનું પરિણામ મેળવ્યું. બીજો : આત્મનો સ્વભાવ એટલે કે તેના ગુણો જ ધર્મ છે. આ સંપદા તો બધાને સરખી જ મળી છે. આપણે આપણી

સંપદાને વેડફી દઈએ એમાં બીજાનો શો વાંક? આપણા વિકાસ અને રકાસ માટે આપણે સ્વયં જ જવાબદાર છીએ એમ જણાવી ભગવાને ત્રણેય વિકલ્પ સામે ધરી દીધાં. હવે સાધકે નક્કી કરવાનું છે કે એણે ક્યો વિકલ્પ પસંદ કરવો.

૧૨૧મી ગાથામાં તો બહુ મોટી વાત ભગવાને કરી દીધી. 'આત્મા આત્માને જાણે છે. આત્મસાક્ષીએ કરાતો ધર્મ સાચો છે. ધર્મ એવી રીતે આચરવો કે જેથી આપણા પોતાના માટે એ સુખદાયક નીવડે.' (ગાથા-૧૨૧) ધર્મ એ પ્રદર્શનનો વિષય નથી. આત્માથી મોટો કોઈ પરીક્ષક નથી. આપણે પોતે જ જોનાર ને જાણનાર છીએ. ધર્મ લોકરંજન માટે કરવાનું નથી. જો એમ થયું તો એનું મૂલ્ય કેટલું થઈ જશે એની બહુ જ માર્મિક વાત શ્રી યતિધર્મ બત્રીશી-સંજમ બત્રીશીની ૨૮મી ગાથામાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કંઈક શબ્દોમાં કહે છે :

**'આતમ સાખે ધર્મ જે તિહાં જનનું શું કામ?**
**જનમનરંજન ધર્મનું મૂલ ન એક બદામ...'**

આજ વાતને વિસ્તારતા આગળની ગાથામાં શાસ્ત્રકારો કહે છે કે, 'હું મારી જાતે તપ અને સંયમ વડે મારા પર કાબુ મેળવું એ જ સારું છે. વધ અને બંધન જેવી શિક્ષાઓ વડે બીજાઓ મને કાબૂમાં લે એ ઠીક નહીં.' (ગાથા-૧૨૮) દુઃખના ડરથી કે સુખની અપેક્ષાથી કોઈપણ કાર્ય જ્યાં સુધી આપણે કરીએ છીએ ત્યાં સુધી સમજવું કે આપણે બાલમંદિરમાં છીએ. આપણે જ આપણા નિરીક્ષકને પરીક્ષક થવાનું છે. પાપભીરુતા એના સ્થાને યોગ્ય છે પણ ક્રમશઃ એ ભૂમિકાએથી આગળ વધી સાધકે સ્વયંશિસ્ત પાલન કરતાં શીખવાનું છે. એજ ખરી રીત છે. અખાની જેમ ગુરુ થા તારો તું જ કહીને પ્રભુએ જાતને જીતવાનો રાજમાર્ગ બતાવી દીધો છે.

સાધના માર્ગે આગળ વધતા સાધકે સતત સાવધ રહેવું પડે. નાનકડો લાગતો કષાય ક્યારે મોટું રૂપ લઈ લે એનો ખ્યાલ જ ન રહે માટે ભગવાન એનો જરા પણ વિશ્વાસ ન કરવાની શીખ આપે છે. બધાં દૃષ્ટાંત એટલાં વ્યવહારુ છે કે સામાન્યથી પણ સામાન્ય વ્યક્તિને તરત સમજાઈ જાય. જુઓ કેવી રીતે ભગવાને વાત કરી છે, 'થોડુંક કરજ, નાનો ઘા, નાનકડી આગ કે જરાક જેટલો કષાય – આ બધાંનો તમારે કદી વિશ્વાસ ન કરવો. એમને નાનામાંથી મોટું રૂપ લેતાં વાર લાગતી નથી.' (ગાથા-૧૩૪) પહોંચેલા સાધકો કહે છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મનનો વિશ્વાસ ન કરવો. ક્રોધ, માન, માયા, લોભ આદિ જેવાં તણખલાથી સાવધ કરી ભગવાન મોટી આગથી આપણને બચાવી લે છે. આ માટે જરૂરી સાવધાની કઈ રીતે રાખવી એનો રસ્તો પણ ભગવાન બતાવે છે. તેઓ કહે છે, 'કાચબો પોતાના અંગોને પોતાની અંદર લઈ લે છે એમ વિચારશીલ પુરુષ આત્મલક્ષ્ય વડે સંવરણ કરે.' (ગાથા-૧૩૭) આ રીતે ભગવાન રોગ પણ બતાવે છે ને રોગની દવા પણ આપે છે.

કોઈ સાધક પૂછે કે મારે અન્ય જીવો પ્રત્યે કેવી રીતે વર્તવું? તો તેનો જવાબ ભગવાન કંઈક આ રીતે આપે છે : 'જેમ તને દુઃખ ગમતું નથી તેમ બીજા સર્વ જીવોને પણ ગમતું નથી. સૌને પોતાના સમાન ગણીને ખૂબ આદર અને સાવધાનીથી, સર્વ જીવો પર દયા રાખ.' (ગાથા-૧૫૦) દરેક વાતે ભગવાનની સરળ છતાં વિશિષ્ટ એવી શૈલીનો પરિચય સાધક મેળવતો જાય છે. દરેક વાત એટલી કન્વીન્સીંગલી કરાઈ છે કે તમને કાન પકડીને કબૂલવું પડે. જો તમને દુઃખ ગમતું હોય તો બીજાને આપો, જો તમને નથી ગમતું તો બીજાને કેવી રીતે ગમે? એટલું જ કહીને ભગવાન અટક્યા નહીં, એમણે સૌને સમાન ગણવાની વાત કરી સાવધાનીપૂર્વક સમાદર આપવાની વાત પણ કરી. આપણે ફરિયાદ કરીએ કે સામેવાળી વ્યક્તિ તો આવી છે, તો ભગવાન કહે કે એ જેવી હોય તેવી, તને તો સુખી થવું છે ને? તારો સદ્વ્યવહાર તારા જ સુખનું કારણ બનશે ને તારો દુર્વ્યવહાર તારા દુઃખનું. નક્કી તારે કરવાનું છે ને એ પ્રમાણે વ્યવહાર પણ તારે જ કરવાનો છે. કેટલી મજાની છે વિભુની આ રીત! તેઓ આગળ વધુ સ્પષ્ટતા કરતા કહે છે કે, 'કોઈ જીવને મારવો એ પોતાને મારવા બરાબર છે; કોઈના પર દયા કરવી એ પોતાની ઉપર દયા કરવા બરાબર છે. તેથી આત્મહિતૈષીજનો સર્વજીવોની હિંસાથી દૂર રહે છે.' (ગાથા-૧૫૧) અહિંસા એ સ્વયં પર જ કરેલો ઉપકાર છે ને હિંસા એ આત્મદ્રોહ છે. માટે જ આત્મહિતૈષી છે તે જાતને બચાવવા સર્વજીવોને બચાવે છે.

આ પ્રકારે અહિંસા પાલન માટે આવશ્યક છે અપ્રમત દશા. સાધક માટે સૌથી અનિવાર્ય છે તેની ક્ષણેક્ષણની સાવધતા. ૧૬૧મી ગાથામાં આચારાંગ સૂત્રનું ભગવાનનું સીધેસીધું વચન જેમનું તેમ મુકાયું છે. 'સુત્તા અમુણિ, મુણિણાં સયા જાગરંતિ... અસાવધ તે અસાધુ ને સાવધ તે સાધુ.' ભગવાન મહાવીરે શિષ્ય ગૌતમને આપેલ આત્મ જાગૃતિનો આ સંદેશ પ્રત્યેક સાધક માટે સાધનાની અનિવાર્ય શરત બની જાય છે.

આટલું જાણ્યા પછી પણ સાધક અસાવધ રહે છે એવું આપણને જણાય તો એની પાછળનું કારણ ભગવાન સાધકની મોહદષ્ટિને ગણાવે છે. બે દષ્ટિ છે : મોહદષ્ટિ અને જ્ઞાનદષ્ટિ. મોહદષ્ટિમાં બધું જ મારું લાગે ને એના પ્રત્યે આસક્તિના સંસ્કાર દઢ થતાં રહે. દષ્ટિ મંજાઈ જાય, પરિમાર્જિત થઈ જાય ત્યારે જે જેવું

છે તેવું જ દેખાય. જે તે પદાર્થનું અનિત્ય સ્વરૂપ સમજાઈ જતાં તેની આસક્તિ પણ સહજ રીતે છૂટતી જાય. એમ કરતાં પોતાનું પણ મૂળ સ્વરૂપ સમજાય. જાતને ભૂલી ગયેલાં ને પોતાનાં મૂળ સ્વરૂપને બદલે ભ્રમણાઓમાં ફસાઈ ગયેલાં આપણા જેવાંને ભગવાન યાદ કરાવે છે કે, 'હું દેહ નથી, મન નથી, વાણી નથી, એમનું કારણ પણ નથી, નથી કોઈનો પ્રેરક કે નથી કોઈનો અનુમોદક.' (ગાથા-૧૮૯) હું તો શુદ્ધ આત્મ સ્વરૂપ છું એ વાતને અનુભૂતિના સ્તરે લઈ જવાનો મહાવરો સાધકે સતત કરવાનો છે. પોતાના મૂળ રૂપને સતત ઘૂંટવાનું છે ને સાથોસાથ એને જીવવાનું છે. હું આત્મા છું એવું રટણ આપણા સંસ્કાર બલદશે ને આચરણ – એમાં રમણતા આપણો સ્વભાવ બદલશે. રટણ માત્ર શુકપાઠ ન બની રહેતાં આચરણનું સત્ય બને એમ જ્ઞાનીઓ ઇચ્છે છે ને એમાં જ સાધકનું શ્રેય છે.

સાધનામાર્ગમાં કેટલુંક એવું પણ છે જે આપણને એવું તો ગમવા લાગે કે આપણે એમાં જ અટવાઈ જઈએ. ભક્તિને પરમ આનંદના બીજરૂપ ગણાવવામાં આવી છે એ જેટલું સત્ય છે એટલું જ એ પણ સત્ય છે કે એના વ્યમોહમાં પણ અટવાઈને અટકી જવાનું નથી. ભક્તિ શુભ આલંબન છે, એનો ટેકો સાધકે લેવાનો છે, પણ શુભમાં અટકી પડશે તો શુદ્ધને કઈ રીતે પામી શકશે? સાધક ગમતી અવસ્થામાં અટકી ન જાય તે માટે ભગવાન કહે છે કે, 'શાસ્ત્રાભ્યાસી વ્યક્તિ પણ ભ્રમવશ એવું માનવા લાગે કે ભક્તિ આદિ શુભભાવ મોક્ષકારક છે, તો તે વ્યક્તિ પરભાવમાં રમનારો છે એમ સમજવું.' (ગાથા-૧૯૪) ભક્તિ સીડી છે, જેને મૂકવી પડશે. ભક્તિનું આલંબન બનાવી આગળ વધવાનું છે, એમાં અટવાઈ જવાનું નથી એમ સમજાવી ભગવાન સાધકને લપસી જતાં બચાવે છે.

ભગવાને સમન્વયનો માર્ગ બતાવ્યો છે. વ્યવહાર અને નિશ્ચયના સમન્વયની વાત ભગવાને કરી છે. બંનેમાંથી એકેયની ઉપેક્ષા ન કરવાની શીખ આપતાં ભગવાન કહે છે કે, 'નિશ્ચય અને વ્યવહાર – આ બંને દૃષ્ટિએ રત્નત્રયને જે આત્મા સમજતો નથી તે જે ધર્માચરણ કરતો હોય તે જિનેશ્વરનિર્દિષ્ટ હોય તો પણ મિથ્યા છે.' (ગાથા-૧૯૬) વ્યવહાર કરવાનો છે પણ વ્યવહાર જડ નથી થવાનું ને નિશ્ચયવાદી થઈ વ્યવહાર ત્યજવાનો નથી. સાધનામાં એકાંગી બનવું એ કેટલું ભયાવહ છે તેનો ભગવાને અહીં ઈશારો કરી દીધો છે.

મોક્ષમાર્ગસૂત્રમાં ભગવાન પાપ-પુણ્ય બંને પ્રકારના કર્મોથી મુક્ત થવાની વાત કરે છે. સંસારમાં લઈ જનાર પુણ્યકર્મ શ્રેયસ્કર કઈ રીતે હોઈ એવો પ્રશ્ન કરતાં ભગવાન કહે છે કે, 'પુણ્યકર્મને સારું' અને પાપકર્મને ખરાબ ભલે સમજો, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો જે કર્મ (પુણ્યકર્મ) સંસારમાં ખેંચી જાય તેને સારું કેમ કહેવાય?' (ગાથા-૨૦૦) ધર્મનો માર્ગ એટલે મુક્તિનો માર્ગ, માત્ર દુઃખ-મુક્તિનો નહીં. નરસિંહ મહેતા યાદ આવે – 'પુણ્ય કરી અમરાપુરી પામ્યા અંતે ચોરાસી માહીં રે.' પણ ભગવાનની સમજાવવાની રીત તો જુઓ કેવી મજાની છે! કોઈ એમ વિચારે કે તો પુણ્યકાર્ય પણ નહીં કરવાના? તો ભગવાન જવાબ આપે છે, 'તેમ છતાં, વ્રત-તપ વગેરે શુભભાવોથી સ્વર્ગ કે સદ્‌ગતિની પ્રાપ્તિ થતી હોય તો ભલે થાય, હિંસા આદિ અશુભ ભાવો કરીને નરકાદિ દુઃખોને આમંત્રણ આપવું એ તો સારું નહીં. રાહ જોવી જ હોય તો છાંયડામાં ઊભા રહીને જોવી સારી છે, તડકામાં ઊભા રહીને નહીં.' (ગાથા-૨૦૩) કર્મ માત્ર બંધનકર્તા હોવાં છતાં જ્યાં સુધી કોઈને કોઈ કર્મ કરવાના જ છે તો નિરપેક્ષભાવે પુણ્ય કર્મ કરવાની વાત કેવી સરસ રીતે કરી. રાહ જોવી જ છે તો છાંયડે ઊભા રહીને રાહ જોવાની વાતમાં ભગવાનના માતૃત્વ-પિતૃત્વના દર્શન થાય છે. ભગવાને માવતરની અદાથી સલાહ આપી છે એ વાત વધુ ગમી જાય તેવી છે.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયની વાત ભગવાને આંધળા અને લંગડાની વાર્તા દ્વારા સામાન્યજનને પણ સમજાઈ જાય એ રીતે કરી હોવા છતાં આપણે એકાંગી થઈ કેમ ગોથા ખાઈએ છીએ એ સમજાતું નથી. ભગવાન સ્પષ્ટ કહે છે કે, 'ક્રિયા વિનાનું જ્ઞાન નકામું છે અને જ્ઞાન વિનાની ક્રિયા નિકામી છે. લંગડો દેખી શકતો હોય અને આંધળો દોડી શકતો હોય છતાં બંને જંગલમાં લાગેલી આગથી બચી ન શકે. બંનેનો સંયોગ થાય તો સફળતા મળે છે. રથ એક પૈડાથી નથી ચાલતો. વનમાં આંધળા અને લંગડાએ પરસ્પર સુમેળ સાધ્યો અને સાથે મળીને તેઓ સ્વસ્થાને પહોંચ્યા.' (ગાથા-૨૧૨, ૨૧૩) જ્ઞાનની આંખ અને આચરણની પાંખ થકી આ સંસારાગ્નિમાંથી બહાર નીકળવાની વાતની આનાથી સરળ પ્રસ્તુતિ બીજી કઈ હોઈ શકે?

રત્નત્રયસૂત્રની વાતને વધુ સૂક્ષ્મતાથી સમજાવતાં ભગવાને સમ્યક્‌દર્શનસૂત્રમાં સમ્યક્‌દર્શનનો કેટલો બધો મહિમા કર્યો છે તે તો જુઓ! ભગવાન કહે છે કે, 'સમ્યગ્ દર્શનથી જે ભ્રષ્ટ થાય છે તેને પૂરો ભ્રષ્ટ સમજવો. સમ્યક્‌ત્વરહિતનો મોક્ષ નથી. ચારિત્ર્યરહિતનો મોક્ષ થાય, સમ્યક્‌ત્વરહિતનો કદી નહીં.' (ગાથા-૨૨૩) જે જેવું છે તેવું જોવું, જાણવું ને સમજવું તે સમ્યક્‌દર્શન. સમ્યક્‌દર્શનની મહત્તા સમજાવતાં ભગવાને તેને ચારિત્ર્ય કરતાં પણ અગ્રીમ સ્થાન આપ્યું

છે. આપણી પાસે ભરત ચક્રવર્તીનું ઉદાહરણ પણ છે કે જેમને અરીસાભુવનમાં કેવળજ્ઞાન થયેલું. દર્શન શુદ્ધિ વિના સઘળું વ્યર્થ છે એમ કહી ભગવાને તેની અનિવાર્યતા અહીં પ્રમાણી છે.

સમ્યક્ દર્શન કેળવી સાધક સંસારના કર્મો ભોગવે. પુણ્ય કે પાપ જે ઉદયે આવે તેમાંથી અલિપ્ત ભાવે પસાર થઈ કર્મ ખપાવે, પણ નવા કર્મ ન બાંધે. કર્મને કર્મ તરીકે ભોગવે ને કર્મ ખપાવી મુક્ત બને. જુદી રીતે કહીએ તો બધું જ કરવા ખાતર કરે. આજ વાતને નાટકના ઉદાહરણથી સમજાવતાં ભગવાન કહે છે કે, 'વિષયોનો ઉપભોગ કરતો હોવા છતાં નથી કરતો એમ કહી શકાય, ને કોક ન કરતો હોવા છતાં ઉપભોગ કરે છે એમ કહી શકાય. કોઈ માણસ નાટકમાં લગ્નાદિ કાર્યમાં જોડાયો હોય તો તે કાર્ય કરતો હોવા છતાં કાર્યનો કર્તા ગણાતો નથી, તેની જેમ.'(ગાથા-૨૨૯) શેક્સપિયર યાદ આવે, **'All the world's a stage, and all the men and women merely players...'** આપણે આપણને મળેલ વિભિન્ન ભૂમિકા સારામાં સારી રીતે નિભાવવાની છે એવી શેક્સપિયરની વાતથી ભગવાન એક ડગલું આગળ વધીને કહે છે કે આ ભૂમિકા નિભાવતી વખતે એ સભાનપણે યાદ રાખવાનું છે કે આ ભૂમિકા અદા કરનાર અદાકાર તે હું નથી. મારે તો લીંપાયા વિના માત્ર અભિનય કરીને સરકી જવાનું છે. અકર્મ બનવાની થીયરીની સમજાવવાની કેટલી સરળ રીત!

તો વળી, ભગવાને જ્ઞાનનું મૂલ્ય સમજાવવા કેવું ઘરગથ્થુ ઉદાહરણ આપ્યું છે તે જુઓ : 'દોરો પરોવેલી સોય પડી જાય તોયે ખોવાઈ જતી નથી, તેવી જ રીતે જ્ઞાનયુક્ત આત્મા સંસારમાં ફસી જવા છતાં તેમાં ખોવાઈ જતો નથી.' (ગાથા-૨૪૮) જ્ઞાનરૂપી સંસ્કાર પડ્યા હશે તો કદાચ ભટકી જવાશે તોયે જ્ઞાનનો દોરો આપણી આત્મરૂપ સોયને ગુમ થવા નહીં દે. આ વાતને વિવરણની જરૂર ખરી? ભગવાને ધર્મમાર્ગની પ્રરૂપણા કેટલી સરળત્તમ વાતોથી કરી છે એના એકથી એક ચડે એવા ઉદાહરણ વાચક અહીં મેળવી શકશે. આગળની ગાથાઓમાં જ્ઞાન સાથે આચરણની વાત ઉમેરતાં ભગવાનના કથનોમાં જાણે એક પછી એક આવતાં આત્મોન્નતિના પગથિયાંના દર્શન થાય છે. આચરણ વિનાના જ્ઞાનને જ્ઞાનીઓ નિરર્થક માને છે. રસ્તો જાણવાથી મંજિલે પહોંચી જવાતું નથી. ચાલવું અનિવાર્ય છે. ભગવાન કહે છે, 'ઉચિત આચરણ વિના જ્ઞાન ઇચ્છિત લક્ષ્યની પ્રાપ્તિનું સાધન બનતું નથી. રસ્તો જાણતો હોય પણ ચાલતો ન હોય એવો મનુષ્ય અથવા પવનનો સાથ જેને ન હોય એવું વહાણ ઈષ્ટ સ્થાને પહોંચતા નથી.' (ગાથા-૨૬૫) આચરણ સાથેનું ઓછું જ્ઞાન પણ કામનું અને આચરણ વિનાનું પાંડિત્ય પણ નકામું એ વાતને સમજાવતાં ભગવાન આગળ કહે છે કે, 'જે ચારિત્રયુક્ત છે તે થોડું શીખ્યો હશે તો પણ વિદ્વાનને હરાવી દેશે. જે ચારિત્રવિહીન છે તે ગમે તેટલું ભણે તોય તેથી શું?' (ગાથા-૨૬૭) ચારિત્ર્ય પાળવું એટલે ચારિત્ર્ય જીવવું. ભગવાને કોરા જ્ઞાન કરતાં આચરણને વધુ મૂલ્યવાન ગણ્યું છે. અનુભવીનું બોલ્યું શાસ્ત્ર બની જાય ને ભણેલા શાસ્ત્ર બોલ્યા કરે, આ પાયાનો ભેદ.

સમણસુત્તંમાં કોઈને કોઈ રૂપે ધર્મમાર્ગની વાત સતત આવ્યા કરે છે. ક્યાંક અંગુલીનિર્દેશ છે તો ક્યાંક આ રહ્યો માર્ગ એમ કહી સાધકે શું કરવું ને શું ન કરવું એની વાત સ્પષ્ટ રીતે ભગવાન કરે છે. સાધનાસૂત્રમાં ભગવાનના વચનોમાં સીધા માર્ગની વાત આ રીતે આવે છે, 'અને મોક્ષની ઉપલબ્ધિ માટેનો આ છે માર્ગ : ગુરુ અને વડીલોની સેવા, અજ્ઞાનીના સંગનો ત્યાગ, સ્વાધ્યાય અને એકાંતની આરાધના, સૂત્ર અને અર્થનું મનન અને અખૂટ ધૈર્ય.' (ગાથા-૨૯૦) એકલની પગદંડી પર કઈ રીતે ચાલવું એની વાત કરતાં ભગવાન Does and Dont'sની વાતો કરી છે. છેલ્લે અખૂટ ધૈર્યની આવશ્યકતા પર ભગવાને ભાર મૂક્યો છે. અવધૂત આનંદઘનજી મહારાજ વીતરાગના માર્ગે ચાલવા માટે ભૂમિકારૂપ જે ત્રણ શરતો બતાવી છે તેમાં પણ એક છે ધૈર્ય. તેઓ કહે છે, 'સેવન કારણ પ્રથમ ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ...' અહીં અખેદ એટલે વણથાક્યા ચાલ્યા કરવું. અનંતની યાત્રાના પથિકે નિરપેક્ષભાવે અણથક અવિચળ ચાલ્યા જ કરવાનું છે. ફળની અપેક્ષા આવે ત્યાં ધૈર્ય ખૂટી પડે. માટે સાધકે પોતાના કતૃત્વને ગૌણ બનાવી માત્ર જે આવતું જાય છે તેનો સ્વીકાર કરતાં જીવવું. મીરાની ભાષામાં કહીએ તો રામ રાખે તેમ રહેવું.

આ ગ્રંથમાં ભગવાને દેખીતી રીતે નાની નાની લાગતી પણ મૂળે બહુમૂલ્ય એવી વાતોનો ખજાનો જાણે છૂટ્ટે હાથે વહેંચ્યો છે! ભગવાનની વાત મૂકવાની શૈલી પણ એટલી જ અસરકારક છે. તેઓ કહે છે, 'રસપ્રચુર ભોજન અધિક કદી ન કરવું જોઈએ, કારણ કે સામાન્ય રીતે રસયુક્ત આહાર મદવર્ધક છે અને મદોન્મત પુરુષને કામ એવી રીતે સતાવે છે કે જેવી રીતે સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષને પક્ષીઓ સતાવે છે.' (ગાથા-૨૯૩) સાધકે ખાવા-પીવામાં પણ કેટલી તકેદારી લેવાની છે તેની વાત ભગવાને અહીં કરી છે. કામવાસનાના મૂળમાં પણ આ પ્રકારનો ખોરાક છે એ વાત કરી આ પ્રકારના ભોજનથી મન પર થતી અસરની વાત કેવાં લોકભોગ્ય ઉદાહરણથી સમજાવી. વળી અતિમાત્રામાં પણ ખોરાક ન લેવાની વાત શાસ્ત્રો કરે છે. ગાંધીજી તો કહેતા કે, 'શરીરને એટલું જ પોષણ આપવાનું જેટલું એની પાસેથી આપણે કામ લઈ શકીએ.'

આ પ્રકારે હિતચિંતા કરીને વીતરાગ પ્રભુ જગતના જીવમાત્રના કલ્યાણમિત્ર બની શક્યા છે.

ભગવાનની એક એક વાત સ્પર્શી જાય તેવી છે. આપણે સામાન્ય રીતે ઘડપણમાં ભગવાનનું નામ લઈશું, પૂજા, ભક્તિ કરીશું એવું વિચારનારા. ભગવાન જાણે ટકોર કરતાં કહે છે કે ધર્મપાલન તો યુવાનીનો વિષય છે. ઘડપણમાં ગોવિંદના ગુણ ગાઈશુંની અવધારણા જ ખોટી છે. મીઠાઈ માવા કેમ અત્યારે ખાઈએ છીએ? તેમ ધર્માચરણ પણ અત્યારે જ કરવાનું છે. પછી તો એને માત્ર વાગોળવાનું છે. વૃદ્ધાવસ્થા સુધી ધર્મપાલનમાં એવા ચોક્કસ થઈ જઈએ કે પછી તો એ સહજ ઘટના બની જાય. માટે ભગવાન કહે છે કે, 'જ્યાં સુધી ઘડપણ આવીને પજવતું નથી, જ્યાં સુધી રોગો વધ્યા નથી અને ઈન્દ્રિયોની શક્તિ જ્યાં સુધી ઘટી નથી ત્યાં સુધીમાં ધર્મસાધના કરી લેવી જોઈએ.' (ગાથા-૨૯૫)

ધર્માચરણ માટે જૈન દર્શને બે માર્ગ બતાવ્યા છે : એક શ્રમણનો અને બીજો શ્રાવકનો. ગાથા ક્રમાંક ૩૦૧ થી ૩૩૫માં શ્રાવક-ધર્મની અને ૩૩૬ થી ૩૮૩માં શ્રમણ-ધર્મની વાતો બહુ જ સરળ છતાં અસરકારક રીતે મૂકવામાં આવી છે. જો આચરી શકાય તો શ્રમણ-ધર્મ ઉત્તમોત્તમ છે, પણ જો કોઈ કારણસર નથી આચરી શકાતો તો ભગવાને શ્રાવક-ધર્મ પણ આપ્યો ને એમાં પણ કેટકેટલી સુવિધાઓ કરી આપી. નિયમોની જડતાની વાત કરનાર જરા ઊંડાણપૂર્વક જોશે તો એમને એમાં ગર્ભિત લવચીકપણાંના દર્શન થયા વિના નહીં રહે. સાધક જે પણ ભૂમિકાએ હોય ત્યાંથી કઈ રીતે આગળ જઈ શકાય એનો જાણે એક ધોરીમાર્ગ ભગવાને કંડારી આપ્યો છે. શ્રાવકને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યોની તમામ વાતો ભગવાને અહીં કરી છે. દરેક શ્રાવકે આ ગાથાઓમાંથી પસાર થવું રહ્યું, તેમને જીવન ઉત્કર્ષનો રસ્તો અહીં મળી રહેશે. એવું જ માર્ગદર્શન પ્રત્યેક સાધુ ભગવંત પણ અહીં પ્રાપ્ત કરી શકશે.

૩૪૦મી ગાથામાં સાધુતા વિશેનું કેટલું સ્પષ્ટ કથન છે તે જુઓ : 'માથું મુંડાવવા માત્રથી શ્રમણ થવાતું નથી, ઓમનો પાઠ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી, જંગલમાં વસવાથી કોઈ મુનિ બની જતો નથી અને દર્ભના વસ્ત્ર પહેરવાથી કોઈ તાપસ થઈ જતો નથી.' (ગાથા-૩૪૦) સાધુતા એ આંતરિક ભૂમિકાની વાત છે, બાહ્ય પરિવેશની નહીં. સાધુતા વેશમાં જ માત્ર નહીં પરંતુ વ્યવહારમાં પણ અનુભવાય એ જરૂરી છે. જેના આરાધ્ય તેના વ્યવહારમાં અનુભવાય તે સાચો સાધક. યોગમાર્ગના સંત શ્રી કૃષ્ણપ્રેમજીએ વૈષ્ણવના સંદર્ભમાં કરેલું વિધાન અહીં કામ લાગે. તેઓ કહે છે કે, 'જેને જોતાં વેંત મનમાં કૃષ્ણનું સ્મરણ વીજળીની પેઠે ઝબૂકી ઉઠે તેનું નામ વૈષ્ણવ.' આવા સાધુ કઈ રીતે થવાય એનો જવાબ આગળની ગાથામાં મુકાયો છે. 'સમતાથી શ્રમણ બનાય અને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય, જ્ઞાન વડે મુનિ થઈ શકાય અને તપથી તાપસ થવાય.' (ગાથા-૩૪૧)

સાધુ એટલે કે બહોળા પરિપ્રેક્ષ્યમાં સાધકમાત્ર કઈ-કઈ પરિસ્થિતિમાં સમભાવ રાખે છે તેની વાત આગળ વધે છે. 'લાભ-હાનિ, સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા, માન-અપમાન, દરેકમાં મુનિ સમાનભાવ રાખે છે.' (ગાથા-૩૪૭) સાધકને મન આ બધા જ પૌદ્‌ગલિક ભાવો છે. આ પ્રકારના સમભાવની અપેક્ષા તો દરેક દર્શનમાં સાધક પાસે રખાઈ છે. ગંગાસતીએ પોતાના ભજનમાં આ વાતને પ્રમાણતા કહ્યું કે, 'ભાઈ રે, હરખ ને શોકની નાવે જેને હેડકી રે, શીશ તો કર્યાં કુરબાન રે... તો વળી નરસિંહ મહેતાએ પણ વૈષ્ણવજનના લક્ષણોમાં સમદૃષ્ટિની વાત કરી છે. અભિવ્યક્તિ ભલે ભિન્ન રહી પણ વિચાર તો એ જ છે. એનું કારણ સત્યની સર્વવ્યાપકતા છે. સાધકે તો માત્ર પસાર થઈ જવાનું છે. ભગવાન બુદ્ધની ભાષામાં કહીએ તો સાક્ષીભાવે માત્ર દૃષ્ટા બની જોવાનું છે, એમાં વહી જવાનું નથી. ચિદાનંદજી મહારાજ 'અવધૂ, નિરપક્ષ વિરલા કોઈ...' કહી સંતત્વની આ ઊંચાઈએ ભાગ્યે જ કોઈ વિરલા પહોંચી શકે એમ કહી તેમની મહત્તા કરી છે.'

મોક્ષસુખને અવગણીને સંસારસુખની અપેક્ષા સેવનારને આત્મા વિશે ભગવાન કહે છે કે, 'મોક્ષસુખની અવગણના કરીને જે અસાર ભૌતિક માગણી કરે છે તે આત્મા કાચના ટુકડા માટે ઉત્તમ રત્ન ખોઈ રહ્યો છે.' (ગાથા-૩૬૬) આજે વાતને સંતકવિ નિત્યલાભજી 'હાંરે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકે...' સ્તવનમાં કહે છે.

**''મુજ મન લોભી ભ્રમર તણી પેરે, પ્રભુ પદ કમળે અટકે...**
**રત્નચિંતામણી મૂકીને રાચે, કહો કોણ કાચ તણે કટકે...''**

શાસ્ત્રોમાંથી ચૂંટીને અપાયેલી કેટલીક વ્યાખ્યાઓ આપણને ફેરવિચાર કરવા પ્રેરે એવી છે. ૩૭૯મી ગાથામાં ભગવાને આપેલી પરિગ્રહની વ્યાખ્યા શાસ્ત્રકારો આ રીતે ટાંકે છે, 'વસ્તુના સંગ્રહને ભગવાને પરિગ્રહ નથી કહ્યો; એ મહર્ષિએ મૂર્છા (આસક્તિ)ને પરિગ્રહ કહ્યો છે.' ભગવાને વસ્તુના સંગ્રહને નહીં તેની આસક્તિને પરિગ્રહ કહ્યો છે. વસ્તુ તો શક્તિ હશે એટલી જ ભેગી કરી શકાશે પણ મનમાં તો કલ્પનાઓના મહેલ બાંધી શકાય છે. મનથી પરિગ્રહ દૂર કરવા પ્રેક્ટીસરૂપે પરિગ્રહપ્રમાણ બાંધવાની વાત ભગવાને કરી છે. ઇચ્છાઓ ગાંડા બાવળ જેવી છે, એને મૂળસોતાં નહીં ઉખેડીએ તો એ વારે-વારે ઉગ્યા જ કરશે. એટલે મૂળે આસ્ક્તિમુક્ત થવાની

કોશિશ સાધકે કરવાની છે.

ગાથા ક્રમાંક ૩૮૪ થી ૪૧૬ સુધી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ – અષ્ટપ્રચનમાતાની વાત વિગતે સમજાવી છે. જે કરવાથી અટકવાનું છે તેની સમજ ગુપ્તિ દ્વારા આપી, જે કરવાનું થાય તો કેવી રીતે કરવું એ માટે સમિતિની સમજ ભગવાન આપે છે. આ બંને આત્માની કેળવણીના સાધન છે. સાધુ આત્મહાનિ થાય એવી પ્રવૃત્તિ ન જ કરે. સાધુ અહિંસક હોય. અહિંસાના મૂળમાં કરુણા છે. કરુણાનો અભાવ એ જ હિંસા. કરુણા હશે તો સહજ સાવધાની રહેશે ને હિંસાથી સહજ અટકી જવાશે. ૩૮૮મી ગાથામાં જયણાપાલનથી અન્યના રક્ષણ દ્વારા સાધુ સ્વરક્ષણ કરે છે એની વાત છે. જયણાથી અહિંસાનો ભાવ ઘૂંટાય છે ને હિંસાનો ભાવ પાતળો થતો જાય છે. જયણા બહુ ઝીણું કામ છે. સાધુ દ્વારા થતાં પડીલેણને શાસ્ત્રકારોએ આત્મનિરીક્ષણનું કાર્ય કહ્યું છે. જો સાધક સંભાળીને ચાલે ને હિંસા થઈ પણ જાય તો તેનો દોષ ઓછો લાગે છે. મૂળે સંભાળનો ભાવ અગત્યનો છે. સાધુ ભગવંતોની એક-એક પ્રવૃત્તિ પર નજર કરીશું તો તેમનાં જીવનમાં વણાઈ ગયેલ સમિતિ-ગુપ્તિના દર્શન થશે. એકાદ ઉદાહરણ જોઈએ : સાધુજન ક્યા પ્રકારે ગોચરી વહોરી પોતાના જીવનનો નિર્વાહ કરે છે એ વાતની રજૂઆત જુઓ કેટલી કાવ્યાત્મક છે : 'ભમરો વૃક્ષના ફુલોમાંથી રસ ચૂસે છે ત્યારે ફુલને ઈજા પહોંચાડતો નથી અને પોતાને તૃપ્ત કરે છે; એવી જ રીતે લોકમાં જે નિર્લોભી સાધુજનો છે તે દાનમાં મળેલા આહારથી પોતાનો નિર્વાહ કરે છે.' (ગાથા-૪૦૭-૪૦૮) દશવૈકાલિક સૂત્રની પ્રારંભિક જ ગાથાઓનો કેવો મધુરો શબ્દશઃ ગુજરાતી કાવ્યાનુવાદ શ્રીપાળરાજાના રાસમાં સાધુપદની વાત કરતાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કર્યો છે તે જુઓ.

**જિમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે**
**લેઈ રસ આતમ સંતોષે, તિમ મુનિ ગોચરી જાવે**
**રે ભવિયા સિદ્ધચક્ર પદ વંદો...**

ભગવાને આપેલી માર્મિક વ્યાખ્યાઓની થોડી વાત પૂર્વે કરી, તેનાં એકાદ-બે વધુ ઉદાહરણ જોઈએ. સામાયિક કોને કહીશું? ભગવાન કહે છે – 'દરેક પ્રત્યે સમાન ભાવ અનુભવવો એ સામાયિક છે.' (ગાથા-૪૨૩) તો ઉપવાસની પણ કેવી માર્મિક વ્યાખ્યા આપી છે જુઓ : 'ઈન્દ્રિયોની ઉપશાંતિ એ જ ઉપવાસ છે. માટે જેઓ જિતેન્દ્રિય છે તે ભોજન કરતા હોય ત્યારે પણ ઉપવાસી છે.' (ગાથા-૪૪૬) ઈન્દ્રિયો શાંત થાય ત્યારે ઉપવાસ થયો કહેવાય. ઉપવાસની આ તાત્ત્વિક વ્યાખ્યાના સંદર્ભમાં જ સાધુને નિત્ય ઉપવાસી કહ્યા છે. આપણે સ્થૂળ વ્યાખ્યાઓમાં અટવાઈ ન જતાં તેના મૂળ મર્મોને પકડતાં થઈએ એ માટે આ ગ્રંથ આપણને વિચારતા કરે છે. સ્થૂળતાથી સૂક્ષ્મતા ભણી લઈ જાય તે ખરું શાસ્ત્ર. આ ગ્રંથ આ સંદર્ભે શાસ્ત્રની ગરજ સારે છે.

સાધુજીવનમાં ધ્યાનનું મૂલ્ય કેટલું? એવા પ્રશ્નના જવાબમાં ભગવાન કહે છે કે, 'મનુષ્યના શરીરમાં મસ્તક મુખ્ય છે અને વૃક્ષોમાં એનું મૂળ મુખ્ય છે, તેમ સાધુના સર્વ ધર્મોમાં ધ્યાન મુખ્ય છે.' (ગાથા-૪૮૪) આપણે ઘડનું મૂલ્ય વધારે કર્યું કે માથાનું? કોઈ કહે કે ધ્યાનને આટલું મહત્વ કેમ આપ્યું એનો જવાબ છે ૪૩૩મી ગાથામાં. ભગવાન કહે છે કે, 'ધ્યાનમાં લીન બનેલો સાધુ સર્વ દોષોને દૂર કરી શકે છે, માટે ધ્યાન જ સર્વ અતિચારો(દોષો)નું પ્રતિક્રમણ છે.' (ગાથા-૪૩૩) દોષમુક્ત થવાનો આ જ તો રાજમાર્ગ છે. નિર્જરાના એક સબળ સાધન તરીકે સાધક સાધનાને વરે છે. અત્યારે મેલા નહીં થઈએ, પણ આગળના મેલનું શું? એને ધોવા માટે ધ્યાન આવશ્યક છે. અંદરનું પરિશોધન કરવું એને શાસ્ત્રકારોએ ધ્યાન કહ્યું છે. ધ્યાન અને એકાગ્રતામાં ફરક છે. આપણે એ કક્ષાનું ધ્યાન કરવાનું છે, ભાવ-પ્રતિક્રમણ કરવાનું છે કે જેનાથી ભીતર ચોખ્ખું થાય.

શુદ્ધ થવા માટે પહેલી શરત સ્વદોષ દર્શનની ને તેની ગુરુ સમક્ષ સ્વીકૃતિની છે. શાસ્ત્રકારો કહે છે કે, 'જેમ પગમાં કાંટો લાગતાં આખા શરીરમાં વેદના અનુભવાય છે અને કાંટો કાઢી લેવાય ત્યારે શલ્યરહિત થવાથી શાંતિ અનુભવાય છે; તેમ જેણે દોષોને ગુરુ સમક્ષ પ્રગટ નથી કર્યા તે કપટી આત્મા અંતરથી બેચેન રહે છે અને જો દોષોને ગુરુ સમક્ષ પ્રગટ કરે તો તે શુદ્ધ થવાથી શાંતિ અનુભવે છે.' (ગાથા-૪૬૩, ૪૬૪) શાંત થવું છે તો શુદ્ધ થવું પડશે ને શુદ્ધ થવા માટે સરળ થવું પડશે. દંભ તો દાટી દે તેવું તત્વ છે. ડૉક્ટર પાસે જઈને દરદ જણાવીએ નહીં તો દરદ મટશે કેમ? ગુરુ પાસે ખુલ્લા થવું એ પ્રથમ શરત છે. સ્વદોષ સ્વીકારથી આરંભાયેલી યાત્રા અચૂક દોષમુક્ત અવસ્થા સુધી પહોંચશે.

૪૬૮મી ગાથામાં તો બે જ વાક્યોમાં કેટલી મોટી વાત કરી દીધી જુઓ : 'એકના અપમાનમાં બધાનું અપમાન છે, એકની પૂજામાં સર્વની પૂજા આવી જાય છે.' (ગાથા-૪૬૮) સર્વ આત્મ સ્વરૂપ હોઈ સમાન છે. એકનું અપમાન કરો તો આત્મભાવે સર્વનું અપમાન કર્યું કહેવાય. જેમ 'નમો અરિહંતાણં' બોલતાં સર્વ અરિહંતોને વંદન થઈ જાય છે તેમ સૌ આત્મા ગુણદષ્ટિએ સરખા હોઈ એકના સન્માનમાં સૌનું સન્માન અને એકના અપમાનમાં સૌનું અપમાન આવી જાય છે. માટે સાધક સૌનું સન્માન કરે ને કોઈનું અપમાન

ન કરે. 'સકળ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કેની રે' જેવી ભાવદશાને વરેલો સાધક આ કામ કરી શકે છે. આ માટે આવશ્યક ગુણ છે વિનય. માટે ભગવાન કહે છે, 'વિનય ધર્મનું મૂળ છે; વિનયી આત્મા જ ચારિત્ર્યવાન બને છે. વિનયરહિતને ધર્મ ક્યાંથી અને તેને તપ પણ ક્યાંથી હોય?' (ગાથા-૪૬૯) પોતાના અહમ્‌ને ઓગળી દઈએ ત્યારે વિનય ગુણ સર્વાંગે ખીલે છે. સાધનામાં મૂળમાં જ વિનમ્રતા છે.

પ્રસ્તુત ગ્રંથની એક એક ગાથા એવી છે કે એની પાસે અટકવાનું મન થાય ને તેની વાત કરવાની ભાવના જાગે પણ એ લોભ જતો કરવો રહ્યો. કેટલાંક ઉલ્લેખોથી જ સંતોષ માનું. ગાથા ક્રમાંક ૫૦૫થી ૫૩૦માં બાર-ભાવનાની વાત છે. ગાથા ક્રમાંક ૫૩૧થી ૫૪૫માં લેશ્યાની વાત આવે છે. આધુનિક વિજ્ઞાન જેને ઓરા કહે છે એવી લેશ્યાની વાત વાર્તાથી ભગવાને સમજાવી છે. લેશ્યા એ થર્મોમીટરનું કામ કરે છે. એનાથી પોતાના ભાવ આરોગ્યને તપાસી તેને સુધારવા સાધકે કામે લાગી જવાનું છે. ગાથા ક્રમાંક ૫૪૬ થી ૫૬૬માં ચૌદ ગુણસ્થાનકની વાત વિગતે આલેખી છે. તો ગાથા ક્રમાંક ૫૬૭થી ૫૮૭માં સંલેખનાની વાત વિસ્તારપૂર્વક મૂકી આપી સાધકને જીવતરની સાથોસાથ મૃત્યુની કળા પણ શીખવી છે ભગવાને. અખાએ કરેલ વિધાન 'મરતાં પહેલાં જાને મરી'નો માર્ગ શીખવી જાય છે આ ગ્રંથમાં સમાવિષ્ટ સંલેખનાની ગાથાઓ. ઈચ્છા-મૃત્યુ આપણા હાથમાં નથી પણ ઈચ્છાનું મારણ આપણા હાથની વાત છે. મમત્વ જશે તો પંડિત મરણ થશે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી એનો મહત્તમ ઉપયોગ કરી, લાગે કે હવે એ કંઈ કામ આવી શકે એમ નથી ત્યારે સંથારો લઈ એનો સાધન તરીકે મહત્તમ કામ લઈ લેવો. મૃત્યુનો ભય નથી રાખવાનો પણ સ્મૃતિ રાખવાની છે. દેહભાવથી મુક્ત થઈ પરમ સુખની દિશામાં અગ્રેસર કરાવનાર આ ગ્રંથ જીવન જીવવાની જડીબુટ્ટી તો આપે જ છે પણ મૃત્યુને મહોત્સવ બનાવવાની કલા પણ હાથવગી કરી આપે છે.

સમણસુત્તંના તૃતીય ખંડ 'તત્ત્વદર્શન'માં જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતોને આવરી લેતી ગાથાઓ આયોજનપૂર્વક સંકલિત કરાઈ છે. તત્ત્વસૂત્ર, દ્રવ્યસૂત્ર અને સૃષ્ટિસૂત્રના પેટા વિભાગોમાં ગાથા ક્રમાંક ૫૮૮થી ૬૫૯ સુધીની ગાથાઓમાં જીવ-અજીવ આદિ નવ તત્ત્વ, કર્મના પ્રકાર, ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય પૃથ્વીકાય આદિ જીવના પ્રકાર તથા લોક, પરમાણું, પુદ્‌ગણ વગેરેની ટૂંકમાં છતાં અર્થસભર માહિતી આપી છે. એકાદ જ ઉદાહરણ જોઈએ : કર્મ મુક્ત થવા માટેનો સંવર અને નિર્જરાનો સીધો-સ્પષ્ટ માર્ગ ભગવાને કેવી સરળત્તમ રીતે સમજાવ્યો છે તે જુઓ : 'કોઈ મોટા તળાવમાં પાણીને આવવના રસ્તા બંધ કરી દેવામાં આવે તો બાકીનું પાણી ઉલેચાઈને ખલાસ થઈ જાય છે અથવા તાપથી સોસાઈ જાય છે, એવી જ રીતે સંયમી પુરુષ નવાં કર્મોને આવવાનાં દ્વાર બંધ કરે ત્યારે અનેક જન્મોનાં એકત્ર થયેલાં તેનાં પુરાણાં કર્મો તપ વડે ખરી પડે છે.' (ગાથા-૬૦૯, ૬૧૦) આજ પ્રકારે અન્ય મુદ્દાની સમજૂતી પણ આટલી જ સરળ રીતે અપાઈ છે.

જૈન દર્શને જગતને આપેલ એક અનન્ય વિચાર એટલે સ્યાદ્વાદ. સત્યની સર્વ પ્રકારની સંભવિતતાઓને સ્વીકારતું જૈન દર્શન અનેકાંતનો સિદ્ધાંત આપી વિવાદનો છેદ ઉડાવી દે છે. આ ગ્રંથના ચોથા ખંડમાં 'સ્યાદ્વાદ'માં ગાથા ક્રમાંક ૬૬૦થી ૭૩૬માં વિભિન્ન પ્રકારે અનેકાંતની મહત્તા શાસ્ત્રકારોએ પ્રમાણી છે. જગત સંચાલન અને સહજીવન માટે અનેકાંતની અનિવાર્યતા પર ભાર મૂકતા જ્ઞાનીઓ અનેકાંતવાદને નમસ્કાર કર્યા છે, 'જેના વિના આ જગતનો વ્યવહાર બિલકુલ ચાલી ન શકે એવા, ત્રણ લોકના એકમાત્ર ગુરુ સમાન અનેકાંત-વાદને નમસ્કાર.' (ગાથા-૬૬૦) પોતાના મતના આગ્રહને સ્થાને સર્વ મતના સ્વીકારની વાત કરતા જૈન દર્શનનો વ્યાપ કેટલો મોટો છે તે કહેવાની જરૂર ખરી?

આ પ્રકારે ધર્મનું પ્રબોધન કરનાર ને જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થનાર વીતરાગ પરમાત્મા જે નિર્વાણ અવસ્થાને વર્યા છે એ અવસ્થાનું વર્ણન કરીને સાધકને એ દિશામાં આગેકૂચ કરવા જાણે આ ગ્રંથ ઈજન આપે છે. જેણે અનુભવ્યું છે એ ભગવાન નિર્વાણના અનુભવને વર્ણવતા કહે છે કે, 'જ્યાં નથી દુ:ખ, નથી સુખ, નથી પીડા કે નથી બાધા; નથી જન્મ, નથી મરણ – એ જ છે નિર્વાણ.' (ગાથા-૬૧૭) તો આગળની ગાથામાં ત્યાં શુ છે એનું વર્ણન કર્યું છે. 'ત્યાં છે માત્ર જ્ઞાન, માત્ર સુખ, માત્ર વીર્ય, માત્ર દર્શન; ત્યાં છે માત્ર અમૂર્તિ-નિરાકાર અસ્તિત્વ-સત્તા માત્ર.' (ગાથા-૬૨૦)

ગ્રંથના આરંભ અને અંત ભાગે જેમના થકી આ માર્ગ મળ્યો એ વીર પ્રભુનું સ્તવન કરવાની આપણી પરંપરા તો છે પણ આ પરંપરા પાછળ પણ કારણભૂત છે સાધકનો કૃતજ્ઞભાવ. અહીં પણ વીરસ્તવન વિભાગમાં જગતગુરુ એવા તીર્થંકર પરમાત્માને વંદતા સાધકના ભાવને વાચા આપતી કંઈક આવી પંક્તિઓ ટાંકી છેઃ

''જયઈ જગજીવજોણી – વિયાણઓ જગગુરુ જગાણંદો
જગણાહો જગબંધુ, જયઈ જયપ્પિયામહો ભયવં''

'જગતના સર્વ પ્રકારના જીવોને જાણનારા, જગતગુરુ, જગતને આનંદ આપનારા, જગતના નાથ, જગતના બંધુ, જગતના પિતામહ

આપનો જય હો’ (ગાથા-૭૫૫) અહીં ભગવાનના જગતના જીવમાત્ર પરના ઉપકારોને યાદ કરી કરાયેલી સ્તુતિમાં શાસ્ત્રકારોએ વીતરાગ પ્રભુને સાંપ્રદાયિક કોચલામાં ન બાંધી દેતાં તેમની કરુણાનો વ્યાપ કેટલો મોટો છે તે વાત પણ આડકતરી રીતે સમજાવી દીધી છે.

સમગ્ર ગ્રંથમાંથી પસાર થનાર ભાવક સાધક આગમના શબ્દોમાં અગમનો સાર મેળવી શકે છે. અહીં સિદ્ધાંતો પણ છે ને એમને જીવવાની રીતિ પણ છે. આગમ જો ભગવાનની વાણીનું નવનીત હોય તો આ ગ્રંથ એ નવનીતમાંથી તાવીને બનાવેલું ઘી છે. અહીં માહિતી પણ છે ને માર્ગદર્શન પણ છે. જ્ઞાનમંથનના પરિપાકરૂપ આ ગ્રંથ સમણસુત્તંમાંથી પસાર થનાર પ્રત્યેક અભ્યાસી સાધક જીવન ઉત્કર્ષની સાથોસાથ મુક્તિનો માર્ગ મેળવી શકશે તે નિશંક વાત છે. જોગાનુંજોગ વિનોબાજીની ૧૨૫મી જન્મજયંતિના વર્ષે તેમની પ્રેરણાથી તૈયાર થયેલ આ ગ્રંથનો અભ્યાસ કરવાની તક મળવી એને પણ હું પરમ સદ્ભાગ્ય સમજું છું. આ અભ્યાસ નિમિત્તે આગમના શબ્દોનો રોમાંચક સંગ મેળવી વીરની વાણીને પ્રત્યક્ષ પામ્યાની ધન્યતા અનુભવતા વિરમું છું.

*નોંધ – આ લેખ માટે ઉપાધ્યાય ભુવનચંદ્રજીએ કરેલ સમણસુત્તંના ગુજરાતી અનુવાદનો આધાર લીધો છે. પ.પૂ.ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજ તેમજ પ.પૂ. રત્નકીર્તિવિજયજી મહારાજના પ્રેરક માર્ગદર્શનથી આ કાર્ય થઈ શક્યું છે એનો સાનંદ સ્વીકાર કરી એમની કૃપા પ્રાપ્ત થયાની ધન્યતા અનુભવું છું.*

✦ ✦ ✦

સંપર્ક : ૭૫૬૭૦ ૬૪૯૯૩

# ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ-૩

**ડૉ. રેણુકા પોરવાલ**

## જૈન ગુફાઓ :

ગત અંકમાં આપણે બિહાર, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોમાં સ્થિત જૈન ગુફાઓની સંક્ષિપ્ત માહિતીઓ મેળવી. ઉદયગિરિ-ખંડગિરિની ગિરિકંદરાઓમાંથી ઉદયગિરિ પરની ગુફાઓની અગત્યતા પણ જોઈ. હવે, એમાની હાથીગુફાની વિશેષરૂપે ચર્ચા કરીશું. ટેકરીના માર્ગે આગળ વધતાં સૌ પ્રથમ હાથીગુફા નજરે પડે છે જે એની વિશાળતા અને દરવાજા પરની હાથીઓની કોરણીને લીધે એનું હાથીગુફા નામ સાર્થક લાગે છે. રાજા ખારવેલનો શિલાલેખ અહીં ખૂબ જ ઊંચે અંકિત થયેલ જોઈ શકાય છે. બે હજાર વર્ષમાં થયેલા ઘસારાને કારણે ઘણા અક્ષરો વંચાતા નથી છતાં પણ એ ભારતદેશના ઇતિહાસ અને જૈન ધર્મની ગૌરવ ગાથાની તવારીખ રજૂ કરવામાં સક્ષમ છે. લેખની જાળવણી માટે હવે આસપાસ સ્તંભો મૂકવામાં આવ્યા છે.



## ખારવેલના શિલાલેખની શોધ, વાંચન અને અનુવાદ :

સૌ પ્રથમ સ્ટર્લિંગ અને અન્ય ઇતિહાસકારોએ ઈ.સ. ૧૮૨૫માં આ શિલાલેખ શોધી કાઢ્યો. તે સમયે બ્રાહ્મી ભાષાના જાણકારો આંગળીને વેઢે ગણાય તેટલા જ હતા માટે એને ઉકેલવામાં થોડી મુશ્કેલી નડી. બાવન વર્ષ પછી ઈ.સ. ૧૮૭૭માં એક અનુવાદ જનરલ કનિંગહામ તૈયાર કરાવ્યો પરંતુ તે અયોગ્ય અને અપૂર્ણ જણાયો. ત્યારબાદ આઠેક વર્ષ પછી ભગવાનલાલ એને થોડો ઉકેલ્યો અને એ લેખ જૈન ધર્મનો છે એમ જણાવ્યું. પ્રસ્તુત શિલાલેખ પર ઘણા વિદ્વાનો – રાજેન્દ્રલાલ, રાખાદાસ બેનરજી વગેરેનું કાર્ય ચાલુ જ હતું એ દરમ્યાન ગુજરાતી સામાયિક ‘‘જૈન’’માં એના તંત્રી સુશીલે એ લેખની ચર્ચા પોતાને આવડતી બ્રાહ્મી ભાષાને આધારે કરી. તે સમયે ગુજરાતી, સંસ્કૃત, મરાઠી વગેરે સામાયિકો અંગ્રેજ વિદ્વાન પણ વાંચતા હતા. ગુજરાતી લોકપ્રિય ‘‘જૈન’’ સામાયિકના તંત્રીલેખ પર વિન્સન્ટ સ્મીથની નજર પડી, તેણે તંત્રી સુશીલની વિદ્વતાને માપી લીધી અને લેખના અંતિમ વાંચન માટે એને પટણા બોલવી કાર્યની સોંપણી કરી દીધી. સુશીલે લેખની છાપ મેળવી એના પર મહિનાઓ સુધી ચિંતન કરી અન્ય વિદ્વાનોના પણ મંતવ્ય લઈ લેખનો પાઠ બેસાડ્યો. પ્લાસ્ટર ઑફ પેરીસનું બીબું તૈયાર કરાવી શબ્દોની ચકાસણી કરી ઉપરાંત પોતે

ઉદયગિરિ જઈને ઉંચાઈએ આવેલા લેખનું પાલખ પર બેસીને વ્યવસ્થિત પઠન પણ કર્યું. ત્યારબાદ ઈ.સ. ૧૯૧૭માં બિહાર-ઓરિસ્સાની રિસર્ચ સોસાયટીએ એ પાઠને પ્રસિદ્ધ કર્યો. આમ શિલાલેખ વાંચનના કાર્યમાં ઘણા વિદ્વાનોનું યોગદાન છે, જેમાં ભગવાનલાલ અને સુશીલ બંને ગુજરાતી હતા.

**કલિંગના ઉલ્લેખો :**

આજે ઓરિસ્સા તરીકે જાણીતો પ્રદેશ ત્યારે કલિંગના નામે ઓળખાતો. એની સીમામાં ગંગાનદીથી ગોદાવરી સુધીનો પૂર્વ પ્રાંતનો સમાવેશ હતો. આગમશાસ્ત્રોમાં કરકંડુ કલિંગનો રાજા હતો એવા ઉલ્લેખો મળે છે – ''કરકંડુ કલિંગેષુ''.

મગધ સાથેના ભીષણ સંગ્રામમાં કલિંગની થયેલ હારથી આપણે પરિચિત છીએ પરંતુ ત્યારપછી પણ કુદરતી હોનારતના કારણે કલિંગ સંપૂર્ણ નષ્ટપ્રાય થઈ ગયું હતું તેની માહિતી ઓછી છે. આવા કપરા સમયમાં ત્યાં જૈન રાજવી કુટુંબમાંથી એક પ્રભાવશાળી રાજા ખારવેલ રાજ્યગાદી પર આવે છે અને ટૂંક સમયમાં જ આખા ભારતમાં પોતાનું વર્ચસ્વ જમાવે છે. આ સર્વ નોંધપાત્ર હકીકતોનું દસ્તાવેજીકરણ તારીખ સાથે પત્થર પર તેણે કોતરાવી દીધું જેથી ક્યારેય નષ્ટ નહીં થઈ શકે. આ લેખ અને અન્ય બે શિલાલેખો વૈકુંઠગુફા અને માણેકગુફાની દિવાલ પર અંકિત છે. આ પુણ્યશાળી રાજાની વંશ પરંપરા અને અન્ય જાણકારીઓ તેના ત્રણ શિલાલેખોના માધ્યમથી આપણી પાસે પહોંચી.

**રાજા ખારવેલની જીવનની માહિતી :**

રાજા ખારવેલનો જન્મ આશરે ઈ.સ. પૂર્વે ૧૯૭માં અને અવસાન ઈ.સ. પૂર્વે ૧૫૯ થયું હતું. તેઓ ચેદિ-ચૈત્રી વંશમાં થયેલા ક્ષેમરાજ તથા વૃદ્ધિરાજના વંશ જ હતા. આયુષ્ય ૩૮ વર્ષનું હતું પરંતુ એ ૩૮ વર્ષમાં એણે ઘણા મોટા અદ્‌ભૂત પરાક્રમો કરી બતાવ્યા. તેની રાણી સિંહપથના રાજા વિજીરરાજની કન્યા ધુસી હતી.

**શિલાલેખની વિગતો અને વિષયવસ્તુ :**

રાજા ખારવેલની દૂરંદેશીનો પરિચય એટલે એનો આ શિલાલેખ-લીપિ બ્રાહ્મી, ભાષા અર્ધમાગધી - પ્રાકૃત, પંક્તિઓ સત્તર અને લેખની તિથિ મૌર્યકાળને ૧૬૪ વર્ષ પુરા થયા તે દિવસની છે. આપણે આ જૈન રાજાએ કેવી રીતે અગત્યની વિગતોનો લેખમાં સમાવેશ કર્યો તે જોઈએ. તે માટે લેખને ચાર ભાગમાં વહેંચીએ.

**પ્રથમ ભાગ –** માંગલિક ચિન્હો-શ્રીવત્સ, સ્વસ્તિક, ત્રિરત્ન અને ધર્મધજા. નવકારમંત્રના પ્રથમ બે પદો, પોતાના વંશનું નામ અને વિશેષણો ઉપરાંત પંદર વર્ષ સુધી બાળક્રિયાઓ કરીને યુવરાજ થયો એ સર્વ ઘટનાઓ.

**બીજો ભાગ –** ચોવીસ વર્ષે રાજ્યગાદી સંભાળી અને તરત જ તોફાનોમાં તૂટી પડેલા ભવનો. કિલ્લાઓ, જળાશયો રિપેર કરાવ્યા અને સરોવર, બાંધ, ઉદ્યાન, ફૂવારા વગેરે નવા બનાવ્યા અને પોતાની રાજ્યની વસ્તીનો આંકડો આપીને કહે છે કે તેણે પાંત્રીસ લાખ લોકોને સંતુષ્ટ કર્યા. લોકોમાંથી ભય નાબૂદ કરવા સાતકર્ણી રાજાના રાજ્યમાં હાથી, ઘોડા, રથ સાથે વિશાળ લશ્કર મોકલીને કૃષ્ણા નદી પરના મૂષિક નગરને હેરાન કર્યા એના આ કાર્યથી રાજ્યમાં ખુશીની લહેર આવી. જેવો લોકોમાં થોડો આત્મવિશ્વાસ વધ્યો કે તરત જ પોતે ગીત-ગંધર્વ વિદ્યા શીખ્યો અને લોકોને કલા શીખવા પ્રોત્સાહિત કર્યા. નૃત્ય, સંગીત, ગીત, વાદ્ય વગેરે સાથે ઉત્સવો કરીને રાજ્યમાં નવચેતના આણી.

**ત્રીજો ભાગ –** રણમાં કૌશલતા અને અણમોલ કાર્યોનો અહેવાલ નજરે પડે છે. તેણે રાજ્યકાળના ચોથા વર્ષમાં અજેય એવા વિદ્યાધરોના ક્ષેત્રને જીતી તેની મૂલ્યવાન સંપદાને પોતાની કરી. રાષ્ટ્રીક અને ભોજક વંશના રાજાઓને નમાવી કલિંગની રણ કૌશલતા અને વ્યુહ રચનાનો પુરાવો આપ્યો. નંદરાજાએ એક નહેર ત્રણસો વર્ષ પહેલાં ખોદાવી હતી તેને ફરી ચાલુ કરાવી લોકોને પાણી માટે કોઈ અગવડ ન રહે તે જોયું. રાજસૂય યજ્ઞ કર્યો અને લોકોનો કર માફ કર્યો. ધૃષ્ટિ નામની સ્ત્રી સાથે લગ્ન કરી તેને માતૃત્વ પદે સ્થાપી.

મથુરાનગરના યવનરાજાની નજરે મગધરાજ્ય ચઢયે અને તેને જીતવા માટે તેમણે રાજગૃહિ ઉપર ઘેરો ઘાલ્યો. મગધ પર પરદેશીઓ કબજો ન કર તે માટે ખારવેલ પણ પોતાની સેના સાથે રાજગૃહિ પાસેના ગોરથગિરિ પર પહોંચ્યો. પરિણામે યવનરાજ ડરને કારણે પોતાની સેનાને ત્યાં જ છોડીને તરત જ મથુરા ભાગી ગયો. આ પ્રમાણે મગધપર કબજો કરતાં યવનરાજાને તેણે રોક્યા.

સોનાના કલ્પવૃક્ષો, સારથિ સહિત હાથી-ઘોડાના રથો અને ભૂમિઓનું દાન એણે કર્યું. ૩૮ હજાર ખર્ચીને મહાવિજય પ્રાસાદ નામનો રાજમહેલ બનાવ્યો.

ભારતવર્ષ શબ્દ પહેલી જ વાર અહીં પુરાતત્વમાં જોવાયો. મગધમાં હાથીઓના મોટા ઝૂંડ મોકલીને લડાઈ વગર બૃહસપતિમિત્રને હારાવ્યો અને નંદરાજા કલિંગજિનની પ્રતિમા લઈ ગયો તે લાવીને ફરી સ્થાપિત કરી. સાથે મગધના મૂલ્યવાન રત્નો પણ કલિંગ માટે લાવ્યો. આ સમયે તેણે શિખરયુક્ત મોટા ભવન બનાવ્યા, તેના આવા કાર્યોથી ખુશ થઈ પંડ્યા રાજાએ હાથીની આવન-જાવન માટે તોતિંગ વહાણો, માણેક, મોતી વગેરે નજરાનામાં આપ્યા.

**ચોથો ભાગ – જૈન શાસન કાર્યો :**

તેણે પોતાના રાજ્યકાળના તેરમા વર્ષે અહીં કુમારી ટેકરી પર ધર્મચક્રનું પ્રવતન કરાવ્યું. સુવિહિત શ્રમણો, શાસ્ત્રજ્ઞાની અને તપથી પરિપૂર્ણ ઋષિઓ માટે એક સંઘાયન, સમાધિસ્થળ પર કાયનિષિધિ અને ગુફાઓનું નિર્માણ કરાવ્યું. અર્હંતોની નિષધ્યા પાસે દૂર દૂરની ખાણોમાંથી લાવેલ શિલાઓ અને સુંદર રત્નો વડે રહેવા માટે આવાસ બનાવ્યા અને રત્નજડિત સ્તંભો પટાલિકાઓમાં સ્થાપિત કરાવ્યા. રાજ્યની વસ્તી પાંત્રીસ લાખ હતી. આડત્રીસ હજાર ખર્ચીને મહાવિજય પ્રાસાદ બનાવ્યો.

કલિંગમાં વિદ્યાધરોના નિર્મિત કરેલા ઘણા પ્રાચીન દેવાલયો-ધર્મકૂટા હતા. જેમાં થોડો ફેરફાર કરીને તેણે ત્યાં છત્ર, કળશ વગેરેનો ઉપયોગ કરી ત્રિરત્નનું પ્રતિક બનાવ્યું જેથી મોટા સરદારોને ધર્મ પ્રતિ શ્રદ્ધા જાગે.

મૌર્યકાળમાં વિચ્છિન્ન થયેલ આગમને વ્યવસ્થિત કરાવ્યું અર્થાત્ તેણે આગમવાંચના કરાવી. તે સર્વનું કલ્યાણ ઇચ્છતો અને તેવી જ ઇચ્છા રાખતો તથા પૂજા, વ્રત, ઉપવાસ રાખી શુભ ભાવના ભાવતા જીવ, દેવકલ્પ વગેરે પર વ્યાખ્યાન સાંભળતો હતો.

આમ જૈન સંસ્કૃતિ-સંસ્કાર તથા જૈનધર્મને પોતે જે સુરક્ષા આપી તે બધું પથ્થર પર લખાવ્યું. ઉપરાંત ભવિષ્યમાં કોઈપણ વાદવિવાદ કે ચર્ચાઓને અવકાશ ન રહે માટે દૂરંદેશી વાપરી તારીખ અને જૈન મંત્ર પણ સાથે કોતરાવ્યો જેથી એના જૈન રાજ્યની યશોગાથા જીવંત રહે.

અંતિમ પંક્તિમાં ખારવેલ પોતાના વિશેષ ગુણો અને કુશળ સંચાલનની માહિતી આપે છે કે – તે ગુણવિશેષકુશલ, સર્વ સંપ્રદાયોનું સન્માન જાળવતો, સર્વ દેવાલયોના સંસ્કાર કરવાવાળો, જેના રથ અને સેના કોઈથી રોકાય નહીં શકે, જેના ફરતા ચક્ર ચક્રધર દ્વારા સુરક્ષિત જ છે એવા રાજર્ષિ કૂળમાં તે ઉત્પન્ન થયો. ક્ષેમરાજનો પુત્ર વૃદ્ધરાજ અને તેનો પુત્ર ભિક્ષુરાજ ધર્મરાજ મહાવિજયી રાજા શ્રી ખારવેલ.

તેના શિલાલેખ પરથી તે લોકકલ્યાણના કાર્યો કરનાર એક ઉત્તમ શ્રાવક અને કર્તવ્યોની ઊંડી સમજ ધરાવનાર રાજા તરીકે ઉભરે છે. લેખને અંતે ધર્મરાજાનું અંકન છે જે પ્રભુના શાસનનો જયજયકાર કરવા ઉપરાંત જૈનધર્મનો ધ્વજ આગળ વધતો જ રહે એવો આશય છે.

---

**સંદર્ભ સૂચિ :**


| | |
|---|---|
| *ઉડીસા મેં જૈનધર્મ* | *પ્રો. લાલચંદ જૈન* |
| *ચક્રવર્તી રાજા ખારવેલ* | *મુનિ જિનવિજયજી* |
| *જૈન શિલાલેખ સંગ્રહ* | – |
| *કલિંગનું યુદ્ધ યાને ખારવેલ* | *સુશીલ* |
| *રાજા ખારવેલ વિશેના લેખો* | *ડૉ. રેણુકા પોરવાલ - જ્ઞાનસત્ર, જૈન જગત,* |
| *જૈન ફિલોસોફી, આર્ટ અને સાયન્સ ઇન ઇન્ડિયન કલ્ચર* | *ડૉ. ડી. સી. જૈન, શર્મા.* |


✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૮ ૭૭૩૨૭


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ **વાર્ષિક લવાજમ** | **₹ ૩૦૦** | ✦ **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ **ત્રણ વર્ષનું લવાજમ** | **₹ ૭૫૦** | ✦ **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ **પાંચ વર્ષનું લવાજમ** | **₹ ૧૨૫૦** | ✦ **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ **દસ વર્ષનું લવાજમ** | **₹ ૨૫૦૦** | ✦ **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

## ફરીએ તો વિસ્તરીએ-૧૨ :

# ચિતારે રંગ પ્યાલીઓ ભરી...!

જેલમ હાર્દિક

કરીબુ તેના. વેલકમ બેક. સ્વાહિલીમાં આવકારું તો તમને લાગે ને કે આપણે દારમાં ફરીએ છીએ. એ જ દાર જેણે આપણને આફ્રિકાનો મજેદાર અનુભવ કરાવ્યો. મને યાદ છે આજે આપણે ઝાંઝીબાર જવાનું છે. ટાન્ઝાનિયાનાં નામનો, એની ઓળખનો જે અતૂટ હિસ્સો છે એવું ઝાંઝીબાર દારથી લગભગ ત્રાણુ કિલોમીટર જેટલું દૂર. અમે ત્યાં હતાં ત્યારે બે ફેરી કંપની આ બંને શહેરોને રોજની ઘણી બધી ફેરીથી જોડી આપતી. એમાંની કોઈપણ ફેરી પકડવી હોય તો એ બેમાંથી જે કંપનીમાંથી ટિકિટ મળે એ લઈને આપણા અનુકૂળ સમયે ટર્મિનલ પર પહોંચી જવાનું, ને ત્યારે જે પણ ફેરી ઊભી હોય એમાં બેસીને બીજે શહેર પહોંચી જવાનું. કેટલી બધી સગવડ! મને એમની આ વાત ત્યારેય ખરેખર વખાણવા જેવી લાગી'તી.

તો એકાદી હૂંફાળી સવારે અમે ઉપડ્યાં દારનાં ટર્મિનલ તરફ. ફેરીમાં બેસતાં પહેલાં નજીકની એક નાનકડી હાટડી જેવી જગ્યાએ અટક્યાં ને શું ખાધું ખબર છે? ચા ને ભજિયાં. અસ્સલ હો. તમને એમ થશે કે હું ત્યાં ખાવા જ ગઈ'તી કે શું? પણ આ ખાસ તમને એટલે કહ્યું કે એ હાટડી કોઈ ગુજરાતીની નહોતી! તો એમ શરૂ થઈ અમારી એક દિવસની એ ઝાંઝીબારી સફર. અમારી જેમ જાતજાતનાં ને ભાતભાતનાં લોકોને લઈને અમારી ફેરી હવે દરિયે નીકળી પડી'તી. એમાં મોજથી દોડાદોડી કરતાં છોકરાંઓમાંથી એક-બે ટપુકડાંઓની નાની-નાની અસંખ્ય ચોટલીઓમાં મબલખ મોતી પરોવેલાં હતાં. મને તોએ ટબુડાં એવાં રમકડાં જેવાં લાગ્યાં કે મેં તો એમની સાથે ફોટો જ પડાવી લીધો. થેંન્ક ગોડ, એ દિવસે એમની મમ્મીને પ્રાઈવસીની ચિંતા ન થઈ. અંદર અમે સૌ ગેલમાં ને બહાર દરિયો. પછી તો કેટલીયવાર સુધી બહાર ડેક પર ઊભાને અમે પવનના સુસવાટે હિલ્લોળાતા એ દરિયાને જોયો'તો. જોયા જ કર્યો'તો. ને અચાનક બાળપણમાં ઠેકડા મારતાં-મારતાં ગજવેલો એ લય અંદરથી ધસમસતો આવી ચડ્યો'તો; ખરાં-ખારાં ઊસ જેવાં, આછાં-આછાં તેલ, પોણી દુનિયા ઉપર એવાં પાણી રેલમછેલ. આપણા ત્રિભુવનદાસ વ્યાસનાં આ ગીતમાં ઘૂઘવતા મહાસાગર સાથે લગભગ બે-એક કલાક રહીને અમે ઝાંઝીબારની જમીન પર પગ મૂક્યા.

હવે અમે ચાલી નીકળ્યાં'તાં 'સ્ટૉન ટાઉન' તરફ. આમ તો દરેક શહેરમાં હોય એવો આ શહેરનો એ જૂનો ચહેરો. કેટલીય સદીઓના ઘસાતા જતા સળ જોઈ શકાય એના પથરીલા ચહેરા ઉપર. પોર્તુગીઝ, આરબ, પર્શિયનથી લઈને ઈન્ડિયનને બ્રિટિશ સંસ્કૃતિની છાપવાળાં ચર્ચ, મસ્જિદ, મકાનો, એના બારી-દરવાજાને સાંકળ આપોઆપ ઉઘડીને જાણે આપણને એ સમયમાં દોરી જાય. ગામની પરંપરાગત બાંધણીની આ જાળવણીને લીધે જ એ યુનેસ્કો દ્વારા ૨૦૦૦નાં વર્ષમાં વર્લ્ડ હેરિટેજ સાઇટ બન્યું છે. બહાર ઓટલાવાળા મકાનો વચ્ચેથી સરકતી સાંકડી શેરીઓ, ને વળી, એને ફરતી નાની-મોટી હાટડીઓ આંગળી ઝાલીને ક્યારે આપણને ખુલ્લા ચોકમાં લઈ આવે, ખબર જ ન પડે. જાણે એની જવાબદારી ન હોય આપણે કાંઈ ચૂકી ન જઈએ એ જોવાની!

ત્યાંથી અમે ઉપડ્યાં પ્રિઝન આઈલેન્ડ તરફ. ઓગણીસમી સદીના વચગાળા સુધી માણસના વસવાટ વગરના આ ટાપુનું મૂળ નામ તો ત્યાંની એક માછલીનાં સ્વાહિલી નામ પરથી હતું, પણ પછી ત્યાંના એક સુલતાને આ ટાપુ બે આરબોને વેચી દીધો. એ સમયમાં ત્યાં ગુલામોનો વેપાર થતો. એ ગુલામોમાંથી જો કોઈ વિદ્રોહી થાય તો એમને 'સીધા' કરવા આરબોએ એમને આ ટાપુ પર રાખવાનું ધાર્યું'તું. જોકે એવી જરૂર ક્યારેય ઊભી ન થઈ. પછી તો એ સદીના અંત વખતે આ ટાપુ બ્રિટિશ શાસનમાં આવ્યો. એમણે ત્યાં એક વ્યવસ્થિત જેલ ઊભી કરી, જે ખરેખર એ સમયના યેલો ફીવરના દર્દીઓને રાખવા માટે કામમાં આવી. ધીમે-ધીમે આ ટાપુ એની સુંદરતાને લીધે ફરવાના શોખીનોનાં ધ્યાનમાં આવ્યો, ને ત્યાં ટુરિસ્ટ રિઝોર્ટ્સ બની ગ્યાં'. અત્યારે તો ચારેકોર ભૂરાં પાણીથી ઘેરાયેલા સફેદ રેતી પરના એ લીલાછમ્મ ટુકડા પર મોટ્ટામસ્સ કાચબાઓ ફરતા જોવા મળે. સેશેલ્સના એક સમયના બ્રિટિશ ગવર્નરે ભેટ આપેલા એ 'અલડેબ્રા' કાચબા એવડા તો મોટા કે એના ઉપર એક નાનું છોકરું બેસી જાય તોય એ કાચબાભાઈ બરાબર દેખાય! મેં એના ઉપર પ્રેમથી હાથ પસવાર્યા ને એ લોકોને ત્યાં એકલું તો નથી લાગતુંને એવું પૂછી લીધું. કાચબા ભાઈબંધને

પૂછેલા પ્રશ્નના જવાબમાં ચોતરફ ખીલેલાં ચંપાનાં ફૂલોએ સુગંધ વેરી. એમની ભઈબંધીની યાદી તરીકે પ્રિઝન આઈલેન્ડ પરથી ચંપાનાં ખરી ગયેલાં એકાદ ફૂલને વાળમાં પરોવી હું તો વળતી હોડીમાં ઉપડી ફરી ગામ ભણી. આ વખતે દરિયો થોડો તોફાને ચડ્યો હોય એવું લાગ્યું. પાંચેક લોકો સાથેની અમારી હોડી એવી તો હાલકડોલક થાતી'તી કે વાત નહીં. તમે માનશો, મને તો અંદરથી પરેશ ભટ્ટના અવાજમાં પ્રહલાદ પારેખ જ સંભળાવા માંડ્યા'તા, 'કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે, કોણ લઈ જાય સામે પાર...' અમને જોકે અમારા સુકાનીએ હેમખેમ સામે પાર ઉતારી દીધાં. આગળની અમારી સફર હવે મસાલેદાર થવાની હતી કેમ કે, ત્યાંથી અમે જઈ પહોંચ્યાં'તાં ઝાંઝીબારના એક પ્રખ્યાત 'સ્પાઇસ ગાર્ડન'માં.

પણ આ કાંઈ બગીચો કહેવાય! આ તો નાના-મોટા, લાંબા-ટૂંકા, જાડા-પાતળા, ઊંચા-પહોળા છોડવા, વૃક્ષોને વેલીઓથી હર્યું-ભર્યું જંગલ હતું જંગલ. અંદર દાખલ થતાં જ અમે ખોવાઈ ગ્યાં'. ના, ના રસ્તો નો'તાં ભૂલ્યાં, આ તો તાજા મજાના તેજાનાનાં રંગ-રૂપમાં અટવાઈ ગ્યાં'તાં. આપણાં રસોડાંના ડબ્બાઓમાં કાગળ પહેરી-ઓઢીને ચૂપચાપ બેઠેલાં લવિંગ, મરી, એલચીને તમે પવનની લહેરખીએ મોજ કરતાં જોયાં છે? બહુ જોવા જેવાં છે હો, સાચ્ચે. અમે જોયાં ત્યારે પોતાની ડાળખી સાથે જોડાયેલાં હજી તો એ લીલાં-લીલાં ને કૂણાં-કૂણાં હતાં. એવાં જ આગળ મળ્યાં કૉફી, કોકો ને આદુ-હળદર ને તજ તો એક વૃક્ષની છાલ! એમને પંપાળતાં હું આગળ વધી, ને અમારા ગાઈડે એક નાનું ફળ જેવું કૈંક હાથમાં આપ્યું ને કહે, આને ફોલી જુઓ. આહાહા! જાદુ થ્યો' જેણે. અંદર જે દેખાયું એનું વર્ણન કરવાનો હું માત્ર પ્રયત્ન જ કરી શકીશ હો. તો સામે પ્રગટ્યું સોપારી જેવું એક નાનકું સૂકું ફળ, ને એને વ્હાલથી વીંટળાયેલી હતી એક નાનકી વેલી, સોના વાટકડીમાં ધોળેલાં કેસરમાંથી ઝબોળીને હમણાં જ જાણે બહાર કાઢી હોય ને એવી! મને તો ખબર જ નહીં કે એ તો જાયફળને બાથમાં લઈને બેઠેલી જાવંતરી હતી! મને તો 'અજબ મિલાવટ કરી, ચિતારે રંગ પ્યાલીઓ ભરી...'વાળા જયન્ત પાઠક યાદ આવી ગ્યા'. એ રંગોળી જેવી કારીગરી પરથી નજર હટાવ્યે નો'તી હટતી, ત્યાં નીચેથી નાનકડાં કાંટાળાં ફૂલડાં જેવું કૈંક ડોલતું દેખાયું. અરે, એ તો પાઈનેપલ નીકળ્યું! કુદરત માવડીનાં આ બાળકો તો મને હદ બહારનાં વ્હાલાં લાગ્યાં હો. આવડાં અમથાં તોય લીલાં-સૂકાં દરેક રૂપમાં પણ આખી ગંજાવર પ્રાણીસૃષ્ટિને પોષે! વંદન છે માવડી તને. અરે, પણ આમ ઝાંઝીબારમાં રોકાઈ ગયે આપણને નહીં પોસાય, હજી આપણે આ મહામાવડીનાં બીજાં બાળકોનેય મળવાનું છે. તો જઈએ મીકુમિ નેશનલ પાર્ક?

હા, તમારી વાત સાચી છે કે ટાન્ઝાનિયાની ઓળખાણમાં તો માઉન્ટ કિલમાન્જારોની સાથે ગોરંગોરો ને સેરંગેટી નેશનલ પાર્ક હોય છે, પણ એ દારથી દૂર પડે, ને અમને તો આફ્રિકાના who's whoને મળવાથી કામ હતું, ભલે ને એ ક્યાંયનાં પણ હોય. એટલે અમે ઉપડ્યાં મીકુમિ. સફારી પાર્કના દરવાજા પાસે અમારી ગાડી છોડીને અમે સવાર થ્યાં' એક જીપમાં. થોડીવારમાં તો અમારી સામે હતું ઊંચા-ઊંચાં સોનેરી ઘાસથી છવાયેલું અફાટ મેદાન. અમારી જીપ શક્ય એટલા ઓછા અવાજે પસાર થઈ રહી'તી, ત્યાંના મૂળ રહેવાસીઓને ખલેલ ન પડે ને. ને ત્યાં દેખાયા કાળા-ધોળા ચટાપટા. કેટલાં બધાં ઝેબ્રા! અરે, પેલી બાજુ જુઓ તો, એનાં ટોળેટોળાં દોડે છે. તો કેવાં મઝાનાં જાણે સ્લૉ મોશનમાં જોતાં હોઈએ એવું લાગે છે! મેં તો એમને ઝૂની બહાર પેલ્લીવાર જ જોયાં. ત્યાંથી આગળ ગ્યાં' તો ઊભાં'તાં બે જિરાફ. ફેઈસબુકને ઈન્સ્ટાગ્રામથી સાવ અજાણ, પણ એક બીજાંની સામે એવી રીતે ડોક ગોઠવી'તી, જાણે ફોટા માટે મસ્ત પોઝ ન દેતાં હોય. થોડાંક જિરાફ આપણી ઉપર વટ્ટ પાડવા જાણે ઝાડનાં ઊંચામાં ઊંચા પાંદડાં ગોતીને ખાતાં'તાં! ને વટ્ટ પડ્યોય ખરો હો મારી ઉપર. અરે, ત્યાં તો નજીકમાં જ એક ઝાડને છાંયે જંગલના 'બિગ બી'નું કુટુંબ આરામ ફરમાવતું દેખાયું. સિંહ-સિંહણ ને એની પાસે રમતાં'તાં એમનાં ટાબરિયાં. બિલાડી જેવા દેખાતાં એ મોટાં થશે ત્યારે. દિખાવોં પે મત જાઓ, ભાઈ. પણ જંગલનાં રાજા કાંઈ એ જ થોડા છે, હાથીભાઈ ક્યાં જશે? મને તો ભલે, એ બીજાં કારણેય લાગવાના. એ વાત જવા દો અત્યારે, પણ નફિકરી મોજમાં મ્હાલતા એ હાથીડાનો ઝૂલતો દમામ જોવા જેવો હો. અહીંના હાથી જોકે હોય થોડા ઘાટ્ટા રંગના, ને એના કાન સૂપડા જેવા નહીં હો. થોડા ગોળાકાર. મસ્તીખોર મદનિયાં સાથે પાણીના ફુંવારા છોડી ધમાલ કરતી એની ટોળકી જોઈને હસવું ન રોકાય. થોડે આગળ જંગલના બીજા જોરાવર સભ્યો ગેંડો, મોટી ભેંસ ને હિપ્પો દેખાયાં. ત્યાંથી આગળ વધ્યાં તો સ્માર્ટી વાઘ ને દીપડાને આંટા મારતા જોયા, ને એની ગંધ આવી ગઈ હોય એમ દૂર ટપકીયાળાં હરણ તો ક્યાંક મોટાં શિંગાળાં સાબર ભાગતાં દેખાયાં. બાકી, લાલ મોં વાળા વાંદરા તો રસ્તામાં ઝાડની ડાળે હિંસકતા ને

આમતેમ કૂદતા મળી જ જતા'તા. ભારતના જીમ કોર્બેટ નેશનલ પાર્કમાં વાઘનાં પગલાંનો પીછો કરીને મેં સંતોષ મેળવ્યો હોય, પછી અહીંયા અચાનક આટલાં બધાં રંગે રૂડાં, રૂપે પૂરાં ને આવાં કોડીલાં કોડામણાંને આમ માણસની બીક વગર ફરતાં જોઈને મને જલસો જ પડી જાય ને.

આપણા ભેરુબંધોની એ નિર્બંધ મસ્તીમાંથી મન વાળી અમે બહાર નીકળ્યાં. જતાં-જતાં ત્યાંના માસાઈ લોકોની હાટમાંથી પસાર થયા'. કાપડ પર ઝીણાં-ઝીણાં રંગબેરંગી મોતીઓ ટાંકીને હાથે બનાવેલા એમનાં ઘરેણાં એટલા તો સોહામણાં લાગતાં'તાં કે એની ગૂંથણીની સાદગી આપણને નવાઈ પમાડે. લાકડું કોતરીએ એમણે બનાવેલી સામાન્ય વપરાશની વસ્તુઓ પણ સાચ્ચે અસામાન્ય દેખાતી'તી. એમાંથી થોડુંક અમથું લઈ, ઘણું બધું મનમાં સંઘરી, શક્કરિયાંના બાપદાદા જેવું લાગતું શેકેલું કસાવ ખાઈ, બધાંને 'ક્વાહેરી' કહીને અમે ત્યાંથી ચાલી નીકળ્યાં.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

## નિ:શુલ્ક – અમૂલ્ય એક્યુપ્રેસર સારવાર યજ્ઞ

છેલ્લાં ૪૧ વર્ષથી એક્યુપ્રેસર સારવાર પદ્ધતિ દ્વારા જનતાને બિલકુલ નિઃશુલ્ક રીતે સેવા આપવાનો યજ્ઞ અવિરત ચાલુ છે.

આચાર્યશ્રી નવનીતભાઈ શાહ દ્વારા એક્યુપ્રેસર સારવારના પ્રચાર અને પ્રસાર માટે નિઃશુલ્ક પ્રશિક્ષણ અને સારવાર શિબિરોનું આયોજન મુંબઈ અને પૂરા ભારતવર્ષમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, એમ.પી., યુ.પી., કર્ણાટક, તામિલનાડુ વગેરે રાજ્યોમાં થઈ રહ્યું છે.

આ સેવાયજ્ઞમાં મુંબઈમાંથી લગભગ ૩૦૦ અને ભારતમાં ૧૦૦ જેટલા સેવાભાવી ભાઈ-બહેનો ખૂબ નિષ્ઠા-પૂર્વક જોડાયેલા છે.

અત્યાર સુધીમાં લગભગ ૧ લાખ લોકોને સારવાર અપાઈ છે અને લગભગ ૨ લાખ લોકો પ્રશિક્ષિત થયા છે.

બ્રહ્મલીન ગુરુવીર્ય સ્વ. શ્રી ચીમનભાઈ દવેએ ઈ.સ. ૧૯૭૮માં એક્યુપ્રેસરના નિઃશુલ્ક પ્રચાર અને પ્રસાર અર્થે જય ભગવાન એક્યુપ્રેસર સર્વિસ (આંતરરાષ્ટ્રીય) સંસ્થાની સ્થાપના કરી. આમાં સામ્પ્રત ગુરુજી સ્વ. બિપિનભાઈ શાહનું પણ ખૂબ પ્રસંશનીય કાર્ય લગભગ ૫૫૦ શિબિરો યોજીને ૯૭ વર્ષની જૈફ વય સુધી કર્યું.

સ્થાપક ગુરુવર્ય બે ઉદ્દેશો રાખ્યા : એક આ સેવા નિઃશુલ્ક અને નિસ્પૃહ ભાવે કરવી અને બીજો દર્દી નારાયણમાં ભગવાન-ભગવતીનાં દર્શન કરતાં ખૂબ પ્રેમથી સારવાર આપવી.

આ સંસ્થામાં પૈસાની કોઈ લેણદેણ નથી. બેંકમાં કોઈ ખાતું નથી, બંધારણ નથી, કોઈ પદ કે હોદ્દા નથી ઉપર્યુક્ત આદર્શોને અનુસરી જે પણ આ સેવાકાર્યમાં જોડાય તેમને આપમેળે આ સંસ્થાના પરિવારમાં જોડાઈ જાય છે. આ સંસ્થામાં ૫૦ સેવાકેન્દ્રો મુંબઈમાં અને અન્ય રાજ્યોમાં ૨૦૦ જેટલાં કેન્દ્રો કાર્યરત છે.

આ સંસ્થાના પ્રવર્તમાન ગુરુજી શ્રીમતિ માધુરીબેન મહેતા ખૂબ જ પ્રેમ અને નિષ્ઠાથી સંસ્થાનું સંચાલન કરે છે.

કોરોના મહામારીના કપરા કાળમાં 'ઓનલાઈન' વેબીનાર દ્વારા પ્રશિક્ષણનું કાર્ય ચાલી રહ્યું. અત્યાર સુધીમાં ૧૦ વેબીનારમાં આશરે ૧૨ થી ૧૫ હજાર વ્યક્તિઓએ પૂરા વિશ્વના દેશોમાંથી ઉત્સાહપૂર્વક લાભ લીધો છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, દુબઈ, આબુધાબી, મલેશિયાના લોકોએ આ જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે.

'૧૧'મો વેબીનાર પણ ટૂંક સમયમાં યોજાશે. આ સંસ્થાના લાભાર્થીઓ નાત, જાત, ધર્મ, દેશ-વિદેશના ભેદભાવ વગર જોડાય છે અને કાર્ય કરે છે.

શિબિરોના આયોજનમાં રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, જેસીઝ અને અન્ય સંસ્થાઓ જરૂરી ખર્ચને ઉત્સાહપૂર્વક સંસ્થાના પ્રોજેક્ટ તરીકે ભોગવે છે.

**– જય ભગવાન**

**સંપર્ક :**
નવનીતભાઈ શાહ – ૯૨૨૦૭ ૫૯૬૫૪
દિપકભાઈ સોનેજી – ૯૯૬૯૧ ૫૮૮૫૦
કલ્પનાબેન શાહ – ૯૮૨૧૨ ૨૪૮૮૪

✦ ✦ ✦

# જ્ઞાન-સંવાદ - ૮

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુજ્ઞ** વાચકગણ,

ગયા અંકમાં લેશ્યા વિશે જાણ્યું, હવે આ અંકમાં આઠમો દ્વાર-ઈન્દ્રિય દ્વાર વિશે જાણીશું.

(૮) **ઈન્દ્રિય દ્વાર –** પ્રત્યેક જીવ ત્રણે લોકના ઐશ્વર્યથી સંપન્ન હોય છે. એટલે એને ઈન્દ્ર કહેવાય છે. એ આત્મારૂપી ઈન્દ્ર જેના દ્વારા ઐશ્વર્યનો ભોગવટો કરે છે એને ઈન્દ્રિય કહેવાય છે. અથવા તો આત્મારૂપ ઈન્દ્રની ઓળખ જેના દ્વારા થાય છે એને ઈન્દ્રિય કહેવાય છે. સંસારી આત્માની ઓળખાણ ઈન્દ્રિય દ્વારા જ થાય છે. ઈન્દ્રિય ન હોય તો એને ઓળખવો મુશ્કેલ થઈ જાય છે. એટલે કે ઈન્દ્રિયથી આ આત્મા છે એનું જ્ઞાન થાય છે.

એ ઈન્દ્રિયના મુખ્ય બે ભેદ છે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

**દ્રવ્યેન્દ્રિય –** શરીરના અંગોપાંગ નામ કર્મના ઉદયથી ઈન્દ્રિયોના વિષયને ગ્રહણ કરવા માટે શરીરમાં બાહ્ય - આભ્યંતર જે અવયવની રચના થાય છે તેને દ્રવ્યેન્દ્રિય કહે છે. તેના આઠ પ્રકાર છે. એક કાયા. (૧) જીભ બે નાકના બે નસકોરા, બે આંખ અને બે કાન મળીને આઠ દ્રવ્યેન્દ્રિય છે.

દ્રવ્યેન્દ્રિયના રચનાના આધાર પર મુખ્ય બે ભેદ છે. નિર્વૃત્તિ અને ઉપકરણ.

(૧) **નિર્વૃત્તિ –** ઈન્દ્રિયના આકારની રચનાને નિર્વૃત્તિ કરે છે. આકાર બે પ્રકારના છે બાહ્ય અને આભ્યંતર. **બાહ્ય –** નાક, કાન આદિની બાહ્ય રચના. જે ભિન્ન ભિન્ન જીવોમાં ભિન્ન ભિન્ન પ્રકારની છે. જે આપણને બહારથી જોતા જ ખ્યાલ આવી જાય છે. ગાય, ભેંસ, કૂતરા વગેરેના કાનના બાહ્ય આકાર અલગ અલગ હોય છે. આપણા બધાના કાનના આકાર અલગ અલગ હોય છે એવી જ રીતે આંખ, નાક, જીભ, કાયાના આકાર અલગ અલગ હોય છે. **અભ્યંતર –** એટલે અંદરની કાનની રચના બધાની એક સરખી જ હોય છે. જે પન્નવણા સૂત્ર પદ-૧૫ના પ્રથમ ઉદ્દેશામાં બતાવ્યા મુજબ, શ્રોત્રેન્દ્રિયનો આકાર કદંબવૃક્ષના ફૂલ જેવો, ચક્ષુઈન્દ્રિયનો મસુરની દાળ જેવો, ઘ્રાણેન્દ્રિયનો ધમણ જેવો કે અતિમુક્તના ફૂલ જેવો. રસેન્દ્રિયનો આકાર અસ્ત્રા કે છૂરપલાની ધાર જેવો અને સ્પર્શેન્દ્રિયનો અનેક પ્રકારનો અર્થાત્ પોતપોતાના શરીર પ્રમાણે છે. કારણ કે સ્પર્શેન્દ્રિય = ચામડી આખા શરીર પર છે એટલે એ પ્રમાણેનો આકાર થશે.

**ઉપકરણ દ્રવ્યેન્દ્રિય –** આભ્યંતર નિર્વૃત્તિની અંદર પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની સમર્થ એવી જે પૌદ્ગલિક શક્તિ હોય છે તેને ઉપકરણ દ્રવ્યેન્દ્રિય કહે છે. દા.ત. તલવાર બાહ્ય નિર્વૃત્તિ છે. તલવારની ધાર આભ્યંતર નિર્વૃત્તિ છે. તલવારની છેદન-ભેદન કરવાની શક્તિ ઉપકરણ છે.

**ભાવેન્દ્રિય –** જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોવશમથી ઈન્દ્રિયોના વિષયોને સમજવાની જાણવાની શક્તિ મળવી તે ભાવેન્દ્રિય છે એના પણ બે પ્રકાર છે લબ્ધિ અને ઉપયોગ.

**લબ્ધિ –** સ્પર્શ આદિના વિષયોને જાણવાની શક્તિ. યોગ્યતા ચેતનામાં જ્ઞાન કરવાની ક્ષમતા અને યોગ્યતા હોવી તે લબ્ધિ.

**ઉપયોગ –** પ્રાપ્ત થયેલ યોગ્યતા ક્ષમતા કે શક્તિનો પ્રયોગ કરવો તે. જેમ કે તલવારથી વધ કરવાની શક્તિ છે પણ એનો ઉપયોગ કરીને વધ કરે. પ્રયોગમાં લે તેને ઉપયોગ કહેવાય. લબ્ધિ-મ્યાન કરેલ તલવાર સમાન. ઉપયોગ તલવારનો મ્યાનમાંથી બહાર કાઢી પ્રયોગ કરવો તે.

ભાવેન્દ્રિયના પાંચ પ્રકાર છે.

(૧) **સ્પર્શેન્દ્રિય –** જેના દ્વારા શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ, હળવો, ભારે, ખરખરો, લીસો એ આઠ સ્પર્શને જાણવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્મા જેના દ્વારા સ્પર્શનો અનુભવ કરે છે તે સ્પર્શેન્દ્રિય છે.

(૨) **રસેન્દ્રિય –** જેના દ્વારા ખારો, તીખો, મીઠો, તૂરો કડવો એ પાંચ રસને જાણવાનું, અનુભવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્મા જેના દ્વારા પાંચ પ્રકારના રસનો અનુભવ કરે છે તે રસેન્દ્રિય છે.

(૩) **ઘ્રાણેન્દ્રિય –** જેના દ્વારા સુરભિ અને દુરભિ ગંધનો અનુભવ થાય તે ઘ્રાણેન્દ્રિય છે.

(૪) **ચક્ષુઈન્દ્રિય –** જેના દ્વારા સફેદ, લાલ, પીળો, ભૂરો, કાળો એ પાંચ વર્ણને જાણવાનું સામર્થ્ય મળે છે. આત્મા જેના દ્વારા વર્ણાદિ જુએ છે તે ચક્ષુઈન્દ્રિય છે. ચક્ષુઈન્દ્રિય પોતાના વિષયને સ્પર્શ કર્યા વગર દૂરથી જ ગ્રહણ કરે છે માટે એને અપ્રાપ્યકારી કહી છે. બાકીની ઈન્દ્રિયોમાં એ વિષયના પુદ્ગલો પ્રવિષ્ટ થાય પછી જ જ્ઞાન કરી શકે માટે એને પ્રાપ્યકારી કહેવામાં આવી છે.

(૫) **શ્રોત્રેન્દ્રિય –** જેના દ્વારા જીવ વડે થયેલા, અજીવ વડે

થયેલા અને બંને વડે થયેલા મિશ્ર શબ્દોને સાંભળવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ આત્મા જેના દ્વારા સાંભળી શકે છે તે શ્રોત્રેન્દ્રિય છે.

આમ ૨૩ વિષયોમાંથી પોતપોતાના વિષય સાથે બાહ્ય આકાર મારફતે અંદરના આકાર સાથે સંબંધ થાય છે. અને પોતાની શક્તિથી પોતાના વિષય પૂરતો જ જાણવાનો પ્રયત્ન દ્રવ્યેન્દ્રિય કરે છે તરત જ એની અસર આત્મામાં રહેલા ક્ષયોપશમ પર થાય છે. અને નિર્ણય થાય છે. એ નિર્ણય શબ્દોમાં ગોઠવવો તે શ્રુતજ્ઞાનનો ઉપયોગ સમજવો. શબ્દમાં ન ગોઠવાય ત્યાં સુધી મતિજ્ઞાનના ક્ષયોપશમનો ઉપયોગ સમજવો.

વસ્તુતઃ પ્રત્યેક ઈન્દ્રિયજ્ઞાન માટે ચાર વાતો અપેક્ષિત હોય છે. (૧) ઈન્દ્રિયોની રચના, (૨) ઈન્દ્રિયની ગ્રાહક શક્તિ, (૩) ઈન્દ્રિયની જ્ઞાનશક્તિ અને (૪) ઈન્દ્રિયની જ્ઞાનશક્તિનો પ્રયોગ. દા.ત. આંખની રચનામાં ખામી હોય. ડોળો બરાબર ન હોય, આંખની જગ્યાએ ખાડો હોય. તો જોઈ શકાતું નથી. બહારથી ચક્ષુનો આકાર બરાબર હોય પણ એની આભ્યંતર રચનામાં વિકૃતિ કે ખામી હોય ગ્રાહક શક્તિ ન હોય તો પણ જોઈ ન શકે. આકાર અને ગ્રાહક શક્તિ બન્ને બરાબર હોય પણ અંદર ચેતના ન હોય એવી તરતની મૃત્યુ પામેલ વ્યક્તિ પણ જોઈ ન શકે કારણ કે લબ્ધિ અને ઉપયોગનો આધાર ચેતના પર હોય છે ચેતના જ ન હોય તો કેવી રીતે જાણે. પૂર્વના ત્રણે હોય પણ ઉપયોગ ન મૂકે શક્તિનો પ્રયોગ ન કરે તો પણ જાણી ન શકાય આપણું ધ્યાન બીજે હોય કે શૂન્ય મનસ્ક હોઈએ તો પણ ન જોઈ શકાય જેનો અનુભવ આપણને સર્વને છે જ ઘણીવાર સામે જ વસ્તુ હોય પણ ઉપયોગ મૂક્યો ન હોય તો જાણી શકતા નથી. એટલે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય બંને અપેક્ષિત છે.

**પાંચ ઈન્દ્રિયોની શક્તિ** – ચક્ષુઈન્દ્રિયની જ્ઞાનશક્તિ સૌથી વધારે છે જે રૂપના પુદ્ગલોને સ્પર્શ કર્યા વગર જ જ્ઞાન જ કરી લે છે. એનાથી શ્રોત્રેન્દ્રિયની જ્ઞાનશક્તિ ઓછી છે કારણ કે શબ્દોના પુદ્ગલોને સ્પર્શ કરીને જાણે છે. બાકીની ત્રણેની શક્તિ એનાથી ઓછી છે કારણ કે આ ત્રણે ગંધ આદિના પુદ્ગલોને સ્પર્શમાત્રથી નથી જાણી શકતી પરંતુ ઘનિષ્ઠ સંબંધ થાય તો જ જાણવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

**ઈન્દ્રિય પ્રાપ્તિનો ક્રમ** – ઈન્દ્રિય વિકાસના પાંચ સ્તર છે. એકેન્દ્રિય – એક ઈન્દ્રિયવાળા જીવ. એમાં કોઈ પણ એક ઈન્દ્રિય નથી સમજવાની પરંતુ ક્રમથી જ એક ઈન્દ્રિયવાળા બધાને એક સ્પર્શેન્દ્રિય જ હોય. એ જ રીતે બેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિય હોય. તેઈન્દ્રિયમાં એક ઘ્રાણેન્દ્રિય ઉમેરતા ૩ ઈન્દ્રિય થાય, ચૌરેન્દ્રિયમાં – ચક્ષુઈન્દ્રિય ઉમેરવાથી ચાર ઈન્દ્રિય થાય. આમ ક્રમથી જ સ્પર્શે, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય. આમ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેંદ્રિય એ પાંચ સ્તર છે. જે જીવના શરીરમાં જેટલી ઈન્દ્રિયોનું અધિષ્ઠાન. આકાર-રચના થાય છે તે જીવ એટલી ઈન્દ્રિયવાળો કહેવાય છે. જેટલી જ્ઞાનાત્મક શક્તિ વિકસિત થઈ હશે એ જીવના શરીરમાં એટલી જ ઈન્દ્રિયોની આકૃત્તિઓ બને છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે ઈન્દ્રિયના અધિષ્ઠાન, શક્તિ અને પ્રયોગનું મૂળ લબ્ધિ ભાવેન્દ્રિય છે. એટલે જેટલી ભાવેન્દ્રિયો વિકસિત થઈ હોય એટલી જ દ્રવ્યેન્દ્રિય મળે છે. એના આધારે જીવ એક ઈન્દ્રિયવાળો = એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેંદ્રિય કહેવાય છે.

**દંડકમાં ઈન્દ્રિય** – નારકી, ૧૩ દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેંદ્રિય એ ૧૬ દંડકમાં પાંચે પાંચ ઈન્દ્રિય હોય છે. પાંચ સ્થાવરમાં એક સ્પર્શ હોય, બેઈન્દ્રિયમાં બે, તેઈન્દ્રિયમાં ત્રણ અને ચૌરેન્દ્રિયમાં ચાર ઈન્દ્રિય હોય છે.

**ઈન્દ્રિયની વિચારણા શા માટે?** પ્રત્યેક જીવોને અનાદિકાળથી એક સ્પર્શેન્દ્રિય મળી હોય છે. તેઓ અકામ નિર્જરા દ્વારા પુણ્ય એકઠું કરે ત્યારે બીજી રસેન્દ્રિય મળે છે. તેને બેઈન્દ્રિય કહેવાય છે. આ જીવોનો જ્ઞાનનો ક્ષયોપશમભાવ એકેન્દ્રિય જીવ કરતાં ઘણો વિશેષ હોય છે પણ આ જીવો અનાદિના સંસ્કારને કારણે એ સંસ્કાર દૃઢ કરવામાં જ પોતાની મળેલી ઈન્દ્રિયોનો ઉપયોગ કરે છે. પહેલાં સ્પર્શેન્દ્રિયથી પ્રાપ્ત થતાં પુદ્ગલોમાં અનુકૂળતા-પ્રતિકૂળતા પ્રમાણે રાજી-નારાજી થતી. હવે રસેન્દ્રિયના પ્રતાપે આહારના પુદ્ગલો સ્વાદિષ્ટ હશે તો જ ખાશે નહીં તો બીજા આહારની શોધમાં જશે અને અનુકૂળ (ભાવતા) પુદ્ગલો રાગપૂર્વક ખાશે. આ સંસ્કાર બીજી ઈન્દ્રિય પ્રાપ્ત થતાં જ ઉત્પન્ન થાય છે. અને જલ્દીથી દૃઢ થાય છે. જેથી એકેન્દ્રિય કરતાં રાગદ્વેષની માત્રા પણ વધે છે અને પૂર્વે જે કર્મ બંધાતા હતા એનાથી ૨૫ ગણા અધિક કર્મ બાંધે છે. એટલે કે એકેન્દ્રિયમાં મોહનીય કર્મ એક સાગરોપમનું બંધાતું હતું તે બેઈન્દ્રિયમાં પચીશ સાગરોપણનું બંધાય છે. પહેલાં સ્પર્શેન્દ્રિયના આઠ વિષય હતા હવે એમાં રસેન્દ્રિયના પાંચ વિષય ભળતાં ૧૩ વિષયોમાં રાગદ્વેષ કરીને કર્મબંધ વધારી દે છે.

પૂર્વવત્ બેઈન્દ્રિયપણામાં અકામ નિર્જરાથી પુણ્ય પ્રાપ્ત થતાં ત્રીજી ઘ્રાણેન્દ્રિય પ્રાપ્ત થાય છે. પૂર્વેના ૧૩ વિષયોમાં બે વિષયો

વધતાં ૧૫ વિષયોમાં પૂર્વવત્ રાગદ્વેષ કરતાં ૨૫ સાગરોપમનો આયુષ્ય બંધ થતો હતો તે ૫૦ સાગરોપમનો થઈ જશે. એ જ રીતે ચોથી ચક્ષુઈન્દ્રિય પ્રાપ્ત થતાં પૂર્વેના ૧૫માં ૫ વિષય ભળતાં ૨૦ વિષયોમાં રાગદ્વેષ કરશે. સ્વાદ, ગંધ ઉપરાંત એના દેખાવને પણ જોશે. આમ ૫૦ સાગરનો બંધ ૧૦૦ સાગરનો થઈ જશે. અને છેલ્લે પાંચમી ઈન્દ્રિય શ્રોત્રેન્દ્રિય પ્રાપ્ત થતાં ૨૦માં ૩ ઉમેરાતા ૨૩ વિષયોમાં રાગદ્વેષ કરીને મોહનીય કર્મ ૧૦૦ સાગરનું બાંધતો હતો તે ૧૦૦૦ સાગરનું બાંધશે. આમ ક્રમશઃ ૨૩ વિષયોમાં આસક્તિભાવ રાખીને કર્મબંધની વૃદ્ધિ થાય છે એ લક્ષમાં લઈને એનાથી મુક્ત થવાનો પ્રયત્ન કરવાનો છે. ૨૪ દંડકમાંથી મનુષ્યનો જ દંડક એવો છે જેમાં સંપૂર્ણપણે ઈન્દ્રિયોના વિષયથી ઉન્મુખ થઈને અણિંદિયા થઈ શકાય છે. કર્મબંધ અટકાવીને મોક્ષ મેળવી શકાય છે.

એ માટે શ્રોત્રેન્દ્રિયથી જિનવાણીનું શ્રવણ, ચક્ષુઈન્દ્રિયથી સદ્‌વાંચન, સંતદર્શન ઘ્રાણેન્દ્રિયથી સુગંધ-દુર્ગંધમાં અનાસક્ત ભાવ, રસેન્દ્રિયથી આયંબિલાદિ તપ, અને સ્પર્શેન્દ્રિયથી અનાસક્ત ભાવ રાખવો જોઈએ જેથી કર્મ મુક્ત થઈ જવાય એ જ આ ઈન્દ્રિયોના ભાવને જણવાની ફળશ્રુતિ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

---

# નિંદા

**રતિલાલ બોરીસાગર**

**એ**ક માણસ કહ્યું, અમને નિંદા વિશે કહો.

ત્યારે તેમણે જવાબ દીધો :

નિંદા મનુષ્યજીવનની અત્યંત આનંદદાયક અને નિર્દોષ પ્રવૃત્તિ છે એમ તમે જાણો. નિંદા મનુષ્યજાતિને પરમ કૃપાળુ પરમાત્માની અનન્ય ભેટ છે એમ તેમ સમજો.

નિંદા પ્રેમલક્ષણા ભક્તિ જેવી છે. મનુષ્યમાત્ર એની ઉપાસના કરી શકે છે. ભક્તિ કરતાં પણ નિંદા વધુ વિશિષ્ટ છે, કારણ કે બધાં મનુષ્યો ભક્તિ કરી શકતાં નથી. ભક્તિ કરવા માટે પાત્રતાની જરૂર પડે છે, જ્યારે નિંદા કરવા માટે માત્ર મનુષ્ય હોવું જ પૂરતું છે. શ્વાસમાં ઑક્સિજન લેતો અને ઉચ્છ્‌વાસમાં કાર્બન ડાયૉક્સાઇડ કાઢતો કોઈ પણ મનુષ્ય નિંદા કરી શકે છે. ઈશ્વરની આ અનુપમ ભેટનો યથાશક્તિ ઉપયોગ કરી તમે તમારું જીવન સાર્થક કરો.

સકળ જીવસૃષ્ટિમાં જેમ મનુષ્ય જ કેવળ હસી શકે છે તેમ સકળ જીવસૃષ્ટિમાં કેવળ મનુષ્ય જ નિંદા કરી શકે છે. નિંદા એ મનુષ્યની, મનુષ્ય માટેની, મનુષ્ય વડે ચાલતી પ્રવૃત્તિ છે. એક કૂતરો બીજા કૂતરા સામે જોઈને ભસી શકે છે, પણ એની ગેરહાજરીમાં ત્રીજા કૂતરા આગળ એની નિંદા કરી શકતો નથી. એક શિયાળ સસલાની પાસે હાથીની નિંદા કરી શકતું નથી. આ કેવળ મનુષ્યજાતિ માટેની પરમાત્માની ફેવર છે. આ ફેવર તમે ઉમળકાથી વધાવી લો. હવા પછી મનુષ્યપાત્ર માટે કોઈ પુષ્ટિદાયક પદાર્થ મફતમાં સુલભ હોય તો તે નિંદા છે. નિંદાનો અનિર્વચનીય આનંદ લૂંટવાં માટે પૈસોય ખર્ચવો પડતો નથી. હજી નિંદા કરવા પર ટૅક્સ નાખવાનો જગતની કોઈ સરકારને વિચાર આવ્યો નથી. એટલે નિંદારસનું તમે આકંઠ પાન કરો.

લોકકથાની જેમ નિંદાકથા પણ કંઠોપકંઠ સંચરિત થાય છે. એટલે કોઈ પણ નિંદાકથાનો મૂળ કર્તા કોણ એની કદી ખબર પડતી નથી. તેથી તમે બેધડકપણે નિંદાકથાઓનું પ્રસારણ કરો. લોકકથાની જેમ નિંદાકથાઓમાં પણ વૃદ્ધિ થતી રહે છે. તમે પણ તમે સાંભળેલી નિંદાકથામાં યથાશક્તિ વૃદ્ધિ કરતાં રહો.

'મારામાં પણ ઘના અવગુણો છે' એવું વિચારી નિંદા પ્રવૃત્તિ તમે મોકૂફ ન રાખો. આ એક નિર્બળ વિચાર છે. દરેક મનુષ્ય આમ વિચાર કરવા માંડે તો જગતની એક ઉમદા પ્રવૃત્તિ નાબૂદ થઈ જાય અને મનુષ્યજાતિનું એક મહાન સુખ છિનવાઈ જાય. તેથી આવા વિચારોથી અને આવા વિચારો ફેલાવનારાઓથી દૂર રહેજો.

તમે જુદાં જુદાં સામાજિક મંડળ સ્થાપો છો તેમ નિંદામંડળોની સ્થાપના કરો અને નિંદારસનો ઉત્કૃષ્ટ આનંદ લૂંટો.

સરકાર 'પદ્મશ્રી', 'પદ્મભૂષણ', 'પદ્મવિભૂષણ', 'ભારતરત્ન' જેવા ઇલકાબો આપે છે તેમ 'નિંદાશ્રી', 'નિંદાભૂષણ', 'નિંદાવિભૂષણ', 'નિંદાકલાકોવિદ', 'નિંદારત્ન' જેવા ઇલકાબો આપવાનું સરકારને સૂચન કરી શકો. સરકાર આવા ઇલકાબો આપવાની ના પાડે તો આ મુદ્દા પર તમે સરકારની નિંદા કરી શકશો અને જો સરકાર તમારું સૂચન સ્વીકારી લેશે તો 'મને પણ કોઈક દિવસ આવો ઇલકાબ મળશે' એવી આશામાં તમે તમારું જીવન વ્યતીત કરી શકશો.

(લેખકના પુસ્તક : **'જ્ઞ'થી 'ક' સુધીમાંથી સાભાર)**

# સાંપ્રતકાલીન શ્રમણસંઘના મહાનસૂત્રધાર શ્રી મણિવિજયજી દાદા

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

ફળ આપતાં પહેલા વૃક્ષને કેટલી વેદના થાય છે. તે વૃક્ષને પૂછાય નહીં. સુગંધ વેરતા પહેલા ગુલાબના પુષ્પે કેટલી પીડા ભોગવી છે, તે તેને પૂછાય નહીં. આ પૃથ્વી જેવી ને તેવી છે તેને સુરક્ષિત રાખવા માટે ભીષ્મ પિતામહ બાણની શૈયા પર સૂઈ રહ્યાં અને કેવી કાતિલ પીડા ભોગવી તે તેમને પૂછાય નહીં.

આ પીડા કાતિલ હોવા છતાં તે સૌએ હસ્તા મુખે ભોગવી લીધી અને પાછળથી આવતી પ્રજાને હસ્તી – રળિયામણી પૃથ્વીની પ્રાપ્તિ થઈ. જે પીડાનું વર્ણન ન થઈ શકે. તે માતાને જઈને પૂછો કે તારા પુત્ર અથવા પુત્રીને જન્મ આપતાં કેવી પીડા વેઠી છે ત્યારે તે હસતાં હસતાં એટલું જ બોલે છેઃ આમાં પીડા શેની, એ મારા સંતાનો છે.

હિન્દુસ્તાનની આઝાદી માટે જૈનોએ શું કર્યું? તેઓ એક નાનકડો સવાલ ઘણા લોકો પૂછે છે. તેમને એટલું જ કહેવાનું કે, એક મહાન જૈન સાધુએ બે શ્રીમંતોને તૈયાર કર્યા કે આ દેશની આઝાદી માટે જે બલિદાન આપવું પડે તે માટે તૈયાર રહો. અને તે બંને શ્રાવકોએ કોઈપણ જાતના ખચકાટ વગર આ દેશ માટે સૌથી પહેલી ફાંસી સ્વીકારી લીધી. એ બંનેમાંથી હુકમચંદજી તો કેટલા શ્રીમંત હતાં, આ આંકડાઓ ઉપરથી ખ્યાલ આવશે. તેમની મિલકતોની તેમની ફાંસી આપ્યા પછી હરાજી થઈ તેમાં ૯૦૦૦ એકર જમીન, ૨૫૦૦૦ તોલા સોનું, ૩૫૦૦૦ તોલા ચાંદી, ૨૫૦૦૦ તોલા સોનાના ઢાંળેલા બીબા. આ બધું તો તેમની ફાંસી ચડાવ્યા પછી રેકોર્ડ ઉપર લખાયેલી રકમો છે. બાકીનો તો કેટલું હશે? બીજા જેમને ફાંસી અપાયી હતી તે અમરચંદજી બાંઠીયા ગ્વાલિયર અને બિકાનેરમાં તેમની પેઢી હતી. અને તે સમયે તેઓ બિકાનેરના રાજ ખજાનચી પણ હતા. તેમની સંપત્તિ કેટલી હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે.

આ બંનેને દેશભક્તિનો પંથ બતાવનાર એક જૈન સાધુ હતા. જૈનો રૂઢિચુસ્ત છે. એ વાત વાંચ્યા પછી કોઈ માનશે નહીં. જૈનો ખરેખર તો ક્રાંતિકારી છે. વળી, તે સમયની વિશિષ્ટતા એ છે કે, એક સાધુ બિમાર થાય તો બીજા સમુદાયના સાધુને સેવા કરવા બોલાવે અને તે સાધુ સંઘની વિનંતીને આજ્ઞા માનીને આવે તેવો એ સમય છે. આ બધી વાતોનો ઉત્તમ સારાંશ આજના સમયના સંઘોએ સમજવા જોઈએ અને જે સમુદાય માટે હું આ લખી રહ્યો છું તે સમુદાયના શ્રમણ ભગવંતોએ આ બધી વાતોનો સાર સૌને સમજાવવો જોઈએ.

જેમની આ વર્ષે દીક્ષાની બીજી શતાબ્દિનું વર્ષ ચાલે છે. એ મહાપુરુષનું નામ છે – શ્રી મણિવિજયજી દાદા. સાંપ્રતકાલિન શ્રમણ સંઘનાં મહાન સૂત્રધાર પૂજ્યપન્યાસ શ્રી મણિવિજયજી દાદા જેમની એક જ તસ્વીર સમગ્ર દેશનાં ઉપાશ્રયોમાંથી કોઈક-કોઈક જગ્યાએ નિહાળવા મળે છે. જે આ લેખમાં સાથે મૂકેલી છે.

> **જેમની પ્રેરણાથી બે જૈન શ્રીમંતો ફાંસીએ ચડી ગયા અને જેમની દીક્ષાનું આ દ્વિ–શતાબ્દિ વર્ષ ચાલે છે તે**

તે સમયનાં ઉત્તમ તપસ્વી, વિદ્વાન, તદ્દન નિઃસ્પૃહ વળી જેમનાં નામથી લોકો દીક્ષા લેવા તૈયાર થતાં હતાં તેવાં અને પોતાના સાધુઓને ઉત્તમ સંસ્કારી બને તેની સતત મહેનત કરનારા શ્રી મણિવિજયજી દાદાનું દીક્ષાનું આ દ્વિ-શતાબ્દિ વર્ષ છે અને જૈન સંઘમાં તેનું ભાગ્યે જ સ્મરણ છે.

સુરતમાં તે સમયે ખરતર ગચ્છનાં મુનિશ્રી રત્નાસાગરજી હતા. ક્રાંતિકારી સાધુ હતા. ભારતનાં રાજકારણીઓ પ્રજા માટે સ્કૂલો તૈયાર કરવી જોઈએ. તે વાત તો પછી લાવ્યાં પણ તે પહેલાં આ મુનિ રત્નસાગરજી મહારાજે સુરતમાં સ્કૂલો તૈયાર કરીને જૈન-અજૈન છોકરાઓને શિક્ષણ મળે તે માટે વ્યવસ્થા તૈયાર કરી નાંખેલી. તેમના માટે સેવા કરવા કોઈ સાધુને મૂકો તેવી ભાવના થઈ. રાંદેરનો જૈન સંઘ અમદાવાદમાં મણિવિજયજી મહારાજ પાસે પહોંચ્યો. મણિવિજયજી મહારાજ પણ મૂંઝાયા કે જેમની અવસ્થા થઈ છે. તેમની સેવા કરવા માટે કોને મોકલું. તે સમયે તેમણે એક વર્ષ પૂર્વે કોઈને દિક્ષા આપેલી અને તેમનું નામ સિદ્ધિવિજયજી પાડેલું. આ સિદ્ધિવિજયજી પાછળથી

શ્રી સિદ્ધિસૂરીશ્વરજી બાપજીના નામથી પ્રખ્યાત થયેલાં અને આજે પણ તેમનો સમુદાય છે. તેમણે લગભગ ૧૦૫ વર્ષનું આયુષ્ય ભોગવેલું.

એક વર્ષના દિક્ષિત એ સાધુ પોતાના ગુરુની મૂંઝવણ પારખી ગયા. તેમણે ગુરુચરણમાં વંદન કરીને વિનંતી કરી કે, મહારાજ, જો હું તમને યોગ્ય લાગતો હોઉં તો મને સેવા કરવા મોકલો.

મણિવિજયજી દાદાએ ખૂબ આશીર્વાદ સાથે સિદ્ધિવિજયજીને મોકલ્યા. તેઓ ત્યાં નવ વર્ષ રહ્યાં. તેઓ પાછા વળ્યાં ત્યારે મણિવિજયજી દાદા કાળધર્મ પામી ગયા હતા. એટલે ગુરુ સાથે ભેટો ન થયો. પણ ગુરુની ભાવના પોતે પૂર્ણ કરી શક્યા તેનો આનંદ સમાતો ન હતો. આ સિદ્ધિવિજયજી આગળ જતાં સિદ્ધિસૂરીજી મહારાજ નામે પ્રખ્યાત થયાં. રત્નસાગરજી મહારાજે બંધાવેલ સ્કૂલો આજે પણ સુરતમાં હાજર છે.

શ્રી મણિવિજયજી દાદાનાં પરિવારમાં કહેવાય છે કે, આજે પણ ૩૫૦ શિષ્યો આત્માસાધના કરે છે.

શ્રી મનીવિજયજી દાદાનાં પૂણ્ય સ્મરણથી આપણને પણ આત્મકલ્યાણનો પંથ પ્રાપ્ત થાઓ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૨૪૬ ૪૦૦૮૬

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રીમતિ ચંદ્રિકાબેન વિક્રમભાઈ શાહ - એપ્રિલ ૨૦૨૧ |
| ૨૫,૦૦૦/- | શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી - જૂન ૨૦૨૧ |
| ૫૦,૦૦૦/- | |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૯,૦૦૦/- | શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા |
| ૯,૦૦૦/- | |

### જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૯,૦૦૦/- | શ્રી ઈન્દ્રવદન સી. શાહ |
| ૯,૦૦૦/- | શ્રી ચંદ્રકાન્ત બી. શાહ |
| ૫,૦૦૦/- | શ્રી સતિષ વી. જોષી |
| ૪,૫૦૦/- | શ્રી નવિનભાઈ પી. શાહ |
| ૩૭,૫૦૦/- | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૫,૦૦૦/- | શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા હસ્તે – રમાબેન મહેતા |
| ૧,૧૨૦/- | શ્રી નિતિનભાઈ સોનાવાલા |
| ૧૬,૧૨૦/- | |

**For online reading of full Prabuddh Jeevan Library - http:/prabuddhjeevan.in.**

# ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ મુક્તિ બહુ ધીમે ધીમે અને ભારે પ્રયત્ન દ્વારા જ પ્રાપ્ત કરી શકાય. કાર્ય કરવાનો યંત્રવત્ ઈનકાર કરવા થકી નહીં, પણ કેવળ અનાસક્ત રીતે બુદ્ધિપૂર્વક કાર્ય કરવા થકી જ હું મુક્તિ મેળવી શકું.

☛ ઈશ્વર દરેકેદરેક પદાર્થમાં વ્યાપી રહેલી કોઈક ગૂઢ સત્તા છે, જેનું શબ્દોથી વર્ણન કે વ્યાખ્યા થઈ શકતી નથી... છતાં અમુક હદ સુધી ઈશ્વરની હસ્તી તર્કથી સમજી અથવા સમજાવી શકાય એવું છે.

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૩૧**

**સન્માન પ્રદાયક**

**છત્ર-ત્રયં તવ વિભાતિ શશાંક કાન્ત**
**મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત ભાનુકર પ્રતાપમ્ ।**
**મુક્તાફલ પ્રકર જાલ વિવૃદ્ધ શોભં**
**પ્રખ્યાપયત્ ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૧॥**

ભાવાર્થ :– હે દેવાધિદેવ! આપે ધારણ કરેલા ત્રણ છત્રો આપના ત્રણ લોકના પરમેશ્વરપણાને પ્રગટ કરી રહ્યાં છે. એટલું જ નહીં આ ત્રણે છત્રો સૂર્યના પ્રચંડ તાપનો નિરોધ કરીને ચંદ્ર સમાન શીતળ – ઉજ્જવલ કાંતિ ધરાવે છે. તેમ જ છત્રોની ચારે તરફ ઝાલર પર લાગેલા મોતીઓથી વિશેષ શોભા ધારણ કરી રહ્યાં છે.

વિવેચન :– આ શ્લોકમાં એક પછી એક ભક્તિયોગના અભિનવ ભાવોને વ્યક્ત કરતું ચતુર્થ પ્રાતિહાર્ય છત્રનો ક્રમ સ્વાભાવિકરૂપે છે. કારણ કે ચામર અને છત્રની સંસ્કૃતિ મંદિરોમાં પ્રસિદ્ધ છે. પ્રસ્તુત શ્લોકમાં છત્રની વ્યાખ્યા કરી પ્રભુ ત્રણ છત્રોના ધારક છે તેમ દર્શાવ્યું છે. એક એક છત્ર એક એક લોકનું આધિપત્ય ધરાવે છે. તેથી ત્રણ છત્રો ત્રણે લોકનું આધિપત્ય ધરાવે છે તેવી આ શ્લોકમાં અભિવ્યક્તિ થઈ છે. પરમાત્મા જગતથી નિરાળા હોવા છતાં તેઓ ત્રણે લોકના અધિપતિ છે, તેવું અલૌકિક કથન પ્રસ્તુત શ્લોકમાં છે.

પ્રસ્તુત શ્લોકમાં ત્રણ છત્રનું વર્ણન કરી પ્રભુનું ત્રણ જગતમાં પરમેશ્વરત્વ પ્રગટ કર્યું છે. તીર્થંકર પરમાત્મા કેળવજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થ સ્થાપના કરી તીર્થંકર પદને શોભાવે છે ત્યારથી તેમના મસ્તક પર ત્રણ છત્રો શોભે છે, પ્રભુ વિહાર કરે, દેશના આપે, બેસે, ઊભા રહે. દરેક સ્થળે આ ત્રણ છત્રો પ્રભુના મસ્તકનું રક્ષણ કરતાં સાથે જ રહે છે. જોકે બીજા અતિશયો જેમ કે સમવસરણ, અશોકવૃક્ષ, સિંહાસન વગેરે અમુક સમયે પ્રગટ થાય અને અમુક સમયે અદશ્ય થઈ જાય. જ્યારે આ અતિશયની વિશેષતા એ છે કે પ્રભુને જ્યારથી કેવળજ્ઞાન થાય અને તીર્થ સ્થાપે ત્યારથી સિદ્ધ થાય ત્યાં સુધી સતત વિદ્યમાન રહે છે. અને તેથી જ પ્રભુનું આ પ્રાતિહાર્ય અલૌકિક રૂપે રહ્યું છે.

શ્લોકના પ્રારંભમાં કવિશ્રીએ 'છત્ર' શબ્દનો પ્રયોગ કર્યો છે. સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં 'ત્ર'નો પ્રયોગ થયો છે, તે પ્રાયઃ ત્રાણ વાચી છે, રક્ષાનો સૂચક છે. 'છ' અક્ષર હિંસાવાચી છે, હિંસા અથવા ઉપદ્રવથી જે બચાવે છે તે 'છત્ર' છે. જેમ કે 'મંત્ર' શબ્દનો અર્થ પણ मननात् त्रायते इति मंत्रः। અહીં પણ 'ત્ર' અક્ષર રક્ષણવાચી છે. તે જ રીતે છત્ર પણ એક પ્રકારે સંતાપથી રક્ષા કરે છે. આમ છત્ર શબ્દ અભયદાન, અહિંસા અને રક્ષાનો સૂચક છે. જે સમસ્ત જીવોની રક્ષા કરે તે જ છત્ર ધારણ કરવાના સાચા અધિકારી બને છે.

કવિશ્રીએ અહીં પ્રારંભમાં જ 'છત્ર ત્રય'ની વાત કરી છે. ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે કે ત્રણ જગતના રક્ષણહારના ત્રણ છત્રો ક્યા ક્યા છે? શું ભૌતિક છત્રોથી જગતનું રક્ષણ થઈ શકે? આ પ્રશ્નોનું સમાધાન કવિ બખૂબીથી રજૂ કરે છે કે, રત્નત્રય અર્થાત્ સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે, તે જ પ્રભુના સાચા છત્રો છે. આ રત્નત્રયનું પાલન કરવાથી જગતના જીવોની રક્ષા થઈ શકે છે. રત્નત્રયને ધારણ કરનાર સ્વયં પણ રક્ષા પામે છે અને બીજાની પણ રક્ષા કરે છે. આ રત્નત્રય રૂપ ત્રણ મહાગુણો જ પ્રભુના ત્રણ છત્રો છે.

રત્નત્રય સમ્યક્પણે પ્રગટ થવાથી પ્રભુના ત્રણે યોગો પણ પરમ શુદ્ધિ પામ્યા હોવાથી આ ત્રણે યોગો પણ ત્રણ છત્રો રૂપે ગોઠવાઈ ગયા છે. શુદ્ધ મનોયોગના રજકણો જેને સ્પર્શ કરે છે, તે અહિંસક ભાવને પ્રાપ્ત કરે છે, પ્રભુની વચનયોગરૂપે પ્રકાશિત દિવ્યવાણી લાખો માનવીનું કલ્યાણ કરે છે. તે જ રીતે પ્રભુનો પરમ કાયયોગ જે જે ક્ષેત્રની સ્પર્શના કરે છે, તે બધા ક્ષેત્રો પણ અભયદાનના મંદિર બની જાય છે. આ રીતે પ્રભુના ત્રણે યોગો પણ ત્રણ છત્રો રૂપે રહેલ છે.

પ્રસ્તુત શ્લોકના પ્રથમ પદમાં 'छत्रं त्रयं तव' શબ્દ પ્રયોગ થયેલ છે. તેનો અર્થ હે પ્રભુ! 'તારા ત્રણ છત્ર' એવો થાય. અહીં પ્રશ્ન થાય કે, પરમાત્મા તો સર્વ પદાર્થોની માલિકી ભાવથી દૂર થયા છે. તેઓ ફક્ત આત્માના જ અધિષ્ઠાતા છે. ચૈતન્ય જગતના જ સ્વામી છે તો અહીં 'તારા છત્ર' એમ કહેવામાં કવિશ્રીનો શો આશય છે? ત્યારે તેનું સમાધાન કરતાં કહે છે કે, ચૈતન્યનું ઊર્ધ્વગમન થતાં પૌદ્ગલિક જગત પણ એક વિલક્ષણ ઉચ્ચકોટિનું પરાવર્તન પામી અદ્ભુત રીતે પ્રગટ થાય છે. આધ્યાત્મિક ઊંચાઈનો પ્રભાવ ઈન્દ્ર તથા દેવોના મન પર પણ પડે છે. તેઓ સ્વતઃ સેવામાં આવીને અલૌકિક રચના કરી પ્રભુના વૈભવને પ્રગટ કરવા માટે પ્રયાસ કરે છે. હકીકતમાં અહીં પણ પ્રભુના છત્ર નથી પરંતુ પ્રભુના પ્રભાવથી નિષ્પન્ન થયા હોવાથી કવિશ્રીએ 'તારા છત્ર' આ પ્રમાણે કહ્યું છે. શ્રી રામકૃષ્ણ પરમહંસે પણ કહ્યું છે કે, 'મહાપુરુષો

ચમત્કાર કરતાં નથી કે બતાવતા નથી પરંતુ તેમના પ્રભાવથી ચમત્કાર સ્વતઃ થાય છે. આ ઈશ્વરીય લીલા છે.' આ રીતે છત્રો તે દેવતાઓની રચના છે. પરંતુ પ્રભુનો મહિમા પ્રગટ કરવા માટે છત્ર ત્રયની રચના થઈ હોવાથી 'છત્ર ત્રય' પ્રભુના જ કહેવાય.

આગળ વધતાં કવિશ્રી છત્રો માટે 'વિભાતિ' શબ્દનો પ્રયોગ કરે છે. 'વિભાતિ'નો અર્થ થાય 'વિલક્ષણ રીતે પ્રકાશિત થવું.' કવિશ્રીના એક એક શબ્દમાં ગૂઢ રહસ્ય રહેલું છે. અહીં છત્રમાં વિશેષ પ્રકારે પ્રકાશની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે એક તો પ્રભુનો પોતાનો પ્રકાશ છત્રને શોભાવે છે અને તેમાં દેવકૃત પ્રકાશ ભળી ગયો છે, તેથી છત્રમાં વિશિષ્ટ રીતે પ્રકાશ એક અલગ રૂપ ધારણ કરીને છત્રને શોભાવે છે. જેમ મીઠા પાણીમાં મીઠાશ નથી પરંતુ જે મિષ્ટદ્રવ્ય મિશ્રિત થયું છે તેની મીઠાશ છે. તેમ અહીં છત્ર શોભે છે. તેમાં એકલા છત્રની શોભા નથી પરંતુ પ્રભુકૃત અને દેવકૃત શોભા છે.

પ્રસ્તુત શ્લોકના બીજા પદમાં કવિશ્રીએ છત્રને ચંદ્રની ઉપમા આપી છે. ચંદ્રની કાંતિ સૌમ્યભાવે શાંતિ દેનારી, શાતા ઉપજાવે તેવી હોય છે. પ્રભુના છત્રો પણ સમવસરણના ચંદ્ર તુલ્ય છે. તેઓ પણ સમસ્ત પ્રાણીઓને શાતા ઉપજાવે છે. પ્રભુનું આ પ્રાતિહાર્ય શાતાદાયક તેમ જ સંતાપરોધક એમ બેવડા ગુણનું અધિષ્ઠાનરૂપે છે. એવી જ રીતે પ્રભુનું અસ્તિત્વ પણ હિંસાને રોકનારું અને શાતા આપનારું છે. માનો, પ્રભુના આ ગુણો પણ છત્રમાં પ્રવેશ પામી સાક્ષાત્ પ્રભુના ગુણોને પ્રગટ કરી કાંઈ પણ બોલ્યા વિના જ અલૌકિક રીતે પ્રકાશરૂપ ઉપદેશ આપી રહ્યા છે.

આ છત્રો 'उच्चैः स्थितं' અર્થાત્ આવશ્યક ઊંચાઈ પર સ્થિર થયા છે. ધર્મના કોઈ પણ સિદ્ધાંત કે ઉપકરણ પોતાની ઊંચાઈનું કે ઊંચા સ્થાનનું ઉલ્લંઘન કરતા નથી. શાસ્ત્રોમાં પણ બધા સિદ્ધાંતોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સંતુલિત કરવામાં આવ્યા છે. અર્થાત્ જ્યાં ધર્મ છે ત્યાં મર્યાદા છે અને મર્યાદા છે ત્યાં ધર્મ છે. તેથી છત્રો પણ પોતાની ઊંચાઈની મર્યાદાને સમજી યોગ્ય સ્થાનમાં સ્વતઃ સ્થિર થયા છે. જોકે આ પ્રભુના પ્રભાવથી થતું સ્વતઃ પરિણમન છે. આ રીતે છત્ર પણ સૂર્યના પ્રકાશને રોકીને પ્રભુની પૂજનીય કાયાને છાયાથી આવૃત કરે છે. એટલું જ નહીં આ છત્રો ચારે તરફ સાચા મોતીઓની માળાથી શોભાયમાન બની સમવસરણમાં પોતાનું વૈવિધ્ય પ્રગટ કરી વિશિષ્ટ સ્થાન ધારણ કરીને ભક્તજનોના હૃદયને આકર્ષિત કરી તેમની ભક્તિમાં વૃદ્ધિ કરે છે.

પ્રસ્તુત શ્લોકના ચોથા પદમાં કવિશ્રીએ પ્રભુ ત્રણ જગતના સ્વામી છે તેથી અહીં 'પ્રખ્યાપયત્' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'આખ્યાત્'ના સ્થાને 'પ્રખ્યાત' કહેવાથી 'આખ્યાત'માં જરાપણ કચાશ નથી, ખોટું નથી તેવું સૂચિત થાય છે. પરંતુ મનમાં પ્રશ્ન ઊઠે કે, પ્રભુ તો સ્વામિત્વ ભાવથી નિરાળા છે, તો તેમને ઈશ્વરવાદના સ્થાનમાં મૂકી, ત્રણ જગતના પરમેશ્વર કેમ કહ્યા છે? શું પ્રભુ જગતનું સંચાલન કરે છે? જૈનદર્શનના પરમાત્મા તો માયાથી સર્વથા દૂર રહીને સ્વગુણોમાં સંનિષ્ઠ રહે છે. હકીકતમાં અહીં પરમેશ્વર કહ્યાં છે, તેનો ભાવાર્થ જ નિરાળો છે, બધા દ્રવ્યોમાં પોત-પોતાનું ઐશ્વર્ય હોય છે. પરંતુ આત્માનું ઐશ્વર્ય, પરમ ઐશ્વર્ય છે. પરમાત્માએ ત્રણ લોક કહેતા ત્રણે યોગનું પરમેશ્વરત્ત્વ પ્રાપ્ત કરી લીધું છે. અને પરમ ઐશ્વર્યના ધારક બન્યા હોવાથી તેમને ત્રણ જગતના પરમેશ્વર કહ્યાં છે. વિશ્વમાં જે કાંઈ ઉત્તમ ભાવો છે તે પણ પ્રભુના પ્રસાદરૂપે વ્યાપ્ત થયેલા છે, તેથી સાચા અર્થમાં તેઓ ત્રણ જગતના પરમેશ્વરરૂપે રહેલ છે.

આ શ્લોક પણ પરમાત્મા કે સ્વયં શુદ્ધ આત્મા રાગાદિ દોષોથી સર્વથા મુક્ત છે. તેના પરિણામ સ્વરૂપ તેના બીજા ભાવો પણ શુદ્ધ પર્યાયને ધારણ કરી શોભી રહ્યા છે. તેવો પ્રતિબોધ આપી રહ્યો છે. અંતરાત્માની શુદ્ધ પરિણતિ તે બીજા સર્વ મંગળ ભાવોની ચાવીરૂપ છે. જીવાત્મા જો આભ્યંતર ક્ષેત્રમાં બિરાજમાન પરમાત્માના દર્શન કરે અને તેનું શુદ્ધ સ્વરૂપ નિહાળે તો અન્ય કોઈ મંગળ સિદ્ધિ માટે તેને બીજે ક્યાંય જવાની જરૂર રહેતી નથી. આચાર્યશ્રી પણ ભક્તિયોગના આ કાવ્ય પ્રવાહને ધીરે ધીરે ધ્યાનયોગ તરફ લઈ રહ્યા છે.

**ૠદ્ધિ :–** ૐ ह्रीं अर्हं णमो घोर - गुणाणं - परक्रमाणं।

**મંત્ર :–** ૐ उवसग्गहरं पासं वंदामि कम्म घण मुक्कं। विसहर विसंणिण्णासं मंगल-कल्लाण-आवासं ૐ ह्रीं नमः स्वाहा।

**વિધિ-વિધાન :** પવિત્ર થઈને લાલ વર્ણના વસ્ત્ર ધારણ કરી યંત્ર સ્થાપિત કરવું. યંત્રની પૂજા કરી, જળથી પરિપૂર્ણ કળશ રાખવું. પશ્ચિમ ઉત્તર દિશાની તરફ મુખ કરી લાલ રંગના આસન પર પદ્માસન લગાવી પ્રતિદિન ૠદ્ધિ મંત્રના જાપ કરતાં કરતાં સાત હજાર પાંચસો જાપ પૂરા કરવા.

**ફલાગમ :** પ્રતિદિવસ એક સો આઠ વાર એકત્રીસમી ગાથા, ૠદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તેમ જ યંત્રને પાસે રાખવાથી રાજદરબારમાં સન્માન મળે છે, રાજ માન્યતા મળે છે તથા બધા પ્રકારના ચર્મ રોગોથી છૂટકારો મળે છે. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

## Ekatva Bhavna :

# Soul & Body - the distinct entities

**Prachi Dhanvant Shah**

An Irish Born British Writer - C.S.Lewis had once said a simple quote but so meaningful…

"You don't have a soul, You are a soul, You have a Body."

In life, we often address all worldly assets with the term "MY" when the fact is, nothing is yours. The only asset we should be addressing with the term" MY" is "My Soul", nothing else is Mine. Your body is not yours, your worldly relations are not yours, your materialistic assets are not yours. Only your soul is yours, which resides in the body as a guest.

Many times in life you might have experienced that your mind tells you to do something but your conscious mind (Soul) tells you something else. Your mind inspires you to make certain decisions in life but your soul-conscious does not approve of it. This is because of a simple reason and that is, your soul & your body are separate. The mind is governed by your bodily neurons and your soul, your spirit is your conscious self. Your spirit is your soul, which is a spark of light and also known as your consciousness as described by modern science.

To make life manifest, the union of soul and body is essential, but it is also true that the soul is eternal and the gross body is interim. Your soul is a guest in the body you exhibit. Nevertheless, what your soul exhibits and expresses through the matter (Body) is your true life. This is what is explained through Anyatva Bhavna. Jain philosophy through Anyatva Bhavna explains that the Body and soul are separate. The word Anyatya itself means separate/distinct. Though the soul resides in a body, upon death when that body perishes, the soul finds another body to be guests in. The soul is imperishable and hence what belongs to you is your soul and not your body. And so, instead of working on our external self and outlook, one needs to focus on elevating our inner self, our spirit, our soul. Hence nurture your soul with the divine essence of spirituality so as to be radiant, to shed off all the karmas, and seek the path of liberation.

The popular story of Gajsukual exhibits Anyatva Bhavna. Gajsukumal was a prince of Dwarka Nagari. During his early days of youth, his older brother Shrikrishna who was the king of Dwarka Nagari, had selected Soma, the daughter of Saumilbrahmin to be his bride. But Gajsukumal clearly denied accepting the proposal and refused to get married as he had the strong desire to give up worldly life and become a monk. This certainly distressed Gajsukumal's mother Devkimaata and brother Shrikrhisna as they never wanted Gajsukula to give up the kingdom and be a monk but wanted to see him as Dwarka Nagari's King. They tried all the possible ways to enforce Gajsukumal to change his mind but that did not happen. Gajsukumal was a "Charam-Sharir" Soul, which means this was his last birth on earth and is destined to attain definite salvation. Finally, Dwarkamaa & Shrikrishna agreed to Gajsukumal's strong desire but put the condition that they wanted to see him like a king for at least one day. Gajsukumal accepted the condition and for one full day, he overtook the King's responsibilities and the crown. Although being king, the allure, the power did not force him to change his mind and finally, after that day, he gave up the kingdom & luxurious life and took up Diksha under Tirthankar Bhagwaan Shri Aristanemiji. On the same day upon seeking aagya from Bhagwaan Gajsukumal went to the graveyard to perform meditation known as "Bhikshupratima ''. This form of meditation is the most difficult one and very austere. Though salvation is certain with this Bhikshupratima meditation, one also has to face heavy casualties. While Gajsukumar was intensely enmeshed in

meditation, Saumilbrahmin happened to see him. Seeing this, Saumilbrahmin was enraged with annoyance and acrimony. He decided to take revenge and punish Gajsukumar for not accepting his daughter and leaving her unmarried. He decided to kill Gajsukumar and came up with the plan. He built a clay pot over Gajsukumar's head and filled it with burning coals. This was destined to happen as it was an outcome of similar karma Gajsukumar had attained against Saumilbrahmin in some of his previous births. Muni did not get affected by this exterior torture as he knew he had to get rid of this karma and clean his soul. He had identified his soul as a separate entity from his body and hence the pain his body went through did not affect his soul. His soul was as serene and captivated in meditation. He did not open his eyes and calmly encountered the severity of burning pain. Not even for a fraction of a second, his soul was instigated with displeasure, annoyance, or rage against Saumilbrahmin. But upon contemplation, he recorded wider reasoning that this was his opportunity to redeem his old debts of karma and have attained the opportunity to do nirjara. He should be thankful for this opportunity and expressed blissfulness for this moment. He expressed gratitude to the soul who gave him what he sincerely was waiting for and aided him to achieve nirjara. This reflection immediately enabled him to achieve kevalgyaan and he also acclaimed salvation the same day.

Gajsukumar's contemplation of the fact that his soul being different and distinct from the body, abetted him to be in serenity and focus only on his soul. It enabled him to detach himself from all the worldly attachment and also shed off the karmas his soul was loaded with.

Thus with the understanding and persuasion of Anyatva Bhavna - the soul is different from the body, one eventually binds less karma. With this reflection when one nurtures his thought process with the fact that his soul is immortal and distinct from the body, he will not be governed by the worldly desires, greed, and urges of the body, and eventually will bind less karma and seek spiritual gateway to liberation. Our constant striving to satisfy bodily desires and greed to be happy with materialistic aspirations is merely a fatal yearning. What is quintessential is the urge of your soul, the serenity of your soul through spirituality, to emancipate your soul from attached karma so as to achieve an exalted life in the next birth, to manumit the soul from the cycle of birth and death.

*"Quiet the mind, and the soul will speak.*

*Contemplate Anyatva Bhavna & your soul will shine"*

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# Akalanka

**Dr. Kamini Gogri**

Akalanka occupies a unique place in the development of Indian logic. He was one of the foremost Jaina logicians. If Kundakundacarya is to be considered as the father of Jaina logic, Akalanka cemented the foundations of Jaina logic and built a logical structure with depth and subtlety of thought. His writings are difficult to understand and even eminent logicians have expressed their profound admiration for the subtlety of thought and depth of vision in his writings Prabhacandra, in the first part of his Nyayakumudacaodra has expressed his admiration for Akalanka and said that he was fortunate to have been able to study the writings of Akalanka, although his writings are full of subtlety of thought. Vadirajasuri was amazed at the profoundity of thought expressed in the writings of Akalanka. It is difficult to express in our words the profoundity of thought contained in the writings of

Akalankadeva. The writings of Akalanka are so difficult for understanding that 'ordinary persons like me would not be able to explain much less comment on the writings'. As Dharmakirti is for Buddhist logic, Akalanka is for the Jaina logic. In the Sravanabelagolainscription, it has been stated that Akalanka is the Brahaspati in the six darsanas. After Acarya Pujyapada Akalankadeva has been eulogised as the sun dispelling the darkness of ignorance arising out of the perversity of thought, as the sun clears darkness and gives light.

It is difficult to give a clear picture of the life-history of Akalanka. Similarly there is controversy regarding the period in which he lived. Some have suggested that Akalankalived in the latter part of the 8th century on the basis of the interpretation on 'Vikramanka as samvat', as mentioned in the verse in the Akalankacarita. He has been considered as the contemporary of Raja Dantidurga alia Krishnaraja of the Rastrakuta dynasty. The other view suggested by Sri Jugal Kishore Mukhtar fixed his date as the seventh century A. D. on the basis of the interpretation of the word Vikramarka as 'Vikramasamvat'. Pandit Kailascandra Sastri is of the opinion that Akalanka's period must have been from 620 to 680 A.D. There is verse of Dhananjayain which the Pramanasastra of Akalanka has been mentioned with respect.

Akalanka was a brilliant boy and was well-versed in the Jain philosophy. The two brothers had joined the Buddhist Academy in the guise of Buddhist scholars, as otherwise they would not have been admitted. But once, when the teacher was explaining the Saptabhanginyaya of the Jainas, the lesson was not correctly taught. After the teacher left the class Akalanka quietly corrected the lesson. Later, the teacher got suspicious that the pupil who corrected the lesson must be a Jaina. The life of the two brothers was in danger due to the unhealthy and phanaticrivairy of Buddhists towards Jainas. They ran for life. But unfortunately Niskalanka was caught and killed by the guards of the king. It was destined that Akatanka was to escape for the sake of the promotion of learning and the advancement of logic and metaphysics. Another interesting incident in his life has been narrated in which it was stated that Akalanka defeated the Buddhist scholars in the court of Himasitala of Kalinga in logical and metaphysical discussions with the help of Yaksini Kumandini. The Buddhist scholar was being assisted by the deity (goddess) Tara. Apart from the story contents in the incident, the narration has to be looked at from an historical perspective. From the analysis of the narration it is clear that there was academic and sectional rivalry between the Buddhist and the Jaina sections of society for social and spiritual superemacy. It is also clear that the tantrik and the ritualistic aspects of religion had come to stay. The deities were invented and invoked for the sake of gaining superiority over one another. 'Para-spiritual' ritualistic practices became important in society-may be for the sake of retaining the supremacy of one's religion or for establishing faith in the 'para-spiritual' practices so that the common man would be satisfied.

We now consider the work of Akalanka in the field of logic and metapyhsics with special reference to the Jaina system of thought. Akalanka's contribution to the study of Jaina logic and philosophy is immense. His works may be studied from two points of' view:- (a) his original works, and (b) his commentaries on the works of other great Acaryas.

(a) His original works are :

1. Laghiyastraya the notes.
2. Nydyaviniscaya with notes.
3. Siddhiviniscaya with notes.
4. Pramanasamgraha with notes.

(b) Some the commentaries that be wrote, we may mention :

1. Tattvarthuaritika – sabhasya.
2. Astasati – devagamavrtiii.

Laghiyastraya is primarily a logical treatise with certain explanations of the epistemological

implications of the logical concepts like naya and nikpa. The logical and epistemological critique of the theory of pramaga in the light of the Jaina analysis of the pramanasas is a special contribution of Akalanka in this work.

Laghiyastraya is a critique of knowledge. It gives critical analysis of the problem of knowledge in the light of logical and epistemological implications. It has three parts: (1) Pramanapravsa, (2) Nyaya pravesa and (3) Niksepapravsa. Pramanapravsa bas four sections: (i) pratyakvapariccheda, (ii) Visayapariccheda, (iii) paroksapariccheda and (iv) Agama pariccheda.

In the Nyayakumudacandracommentary on Laghiyastraya, Prabhacandra has mentioned the seven sections in the Laghiyastraya on the basis of the two-fold distinction in the Pravacanapravesa. Akalanka has also written a short treatise on the Laghiyastraya which is primarily in the form of added noted to the work and not an independent work.

Jainism presents a many-folded approach to the understanding of the nature of rea1ity. The Anekanta outlook is the very basis of the Jaina view of life. And Samyag-Jnana (right knowledge) is the essential characteristic of the soul. It is also the prerogative of the soul. Knowledgeand the source of knowledge could be considered from two aspects: (a) pratyakta (direct knowledge) and (b) paroksa (indirect knowledge.) PratyakJnana is the knowledge that the soul gets directly without the help of sense organs, as the sense organs are impediments to the attainment of perfect knowledge. However, with a view to accommodating the traditional views of other systems of Indian thought, knowledge gained directly by the soul without the help of the sense organs was termed as Mukhyapratyaksa, and sense experience was considered as Samvyavaha-rapratyaksa. Akalanka has given an exhaustive and critical analysis of the two types of pratyaksas. He has also given critical exposition of the ontological problems of permanence and change, unity and diversity and the one and the many. Dravyarthikanaya leads to the unity and paryayarthikanaya presents the distinctions. The Jaina view of reality is comprehensive. Reality cannot be considered as mere unity nor mere diversity. It is unity and diversity. It is equally diversified. Similarly it is both eternal and non-eternal – eternalif looked at from the synthetic point of view, and non-eternal from the practical point of view (vyavaharanaya). Akalanka gives a critical exposition of the various forms of knowledge, like mati, smrti, samjna and cinta. In the latter half of Laghiyastraya Akalaka bas discussed the logical and epistemological implications of pramanya and naya along with the fallacies involved therein. Nayabhasa has been critically examined. In this part, he has considered the presentation of the nature or reality given by theother Indian systems of thought from the different nayas. And to assert the exclusive truth of theexpression of reality from a particular point of view is to be dogmatic. It is ekanta. For the Absolutist, assertion of reality as One. The Buddhist gives emphasis on the changing nature of reality as fundamental considered from the point of view of moments. Both give partial views of truth, not the whole truth. But to insist on the exclusive and the full truth for these presentations would be dogmatism and ekanta. The Logical positivists and the school of Analytic philosophy give the view of reality from point of view of linguistic analysis (sabdanaya). But it is not the whole truth. Akalanka, in his Laghiyastraya, has given an exhaustive and critical account of the logical and epistemological problems concerning the nature of reality in the light of his discussions of the problems in other schools of Indian philosophy.

In the Niksepa Visaya Akalanka has discussed the problem regarding the nature and function of niksepa. One can strive for self-realisation through the understanding of the fundamental principles of Jainism by means of pramana, naya and niksepa. One can also understand the nature of jivadravya through the comprehension of the many facts of a

thing. Akalanka has made subtle distinction between the assertion of the many facets of a thing and the assertion regarding the nature of a thing from a particular point of view. The former predication is the pramanavakya while the latter is the nayavakya. The pramanavakya is the comprehensive predication of the nature of a thing as for example the statement 'Syadjivaeva'presents the predication of the Jivadravya. It is called 'sakaladesa' predication. Nayavikya presents the predication of a facet of the nature of Jivadravya, for example from a particular point of view. 'Syadastijivah' is predication of this types which is called Vikaladesa predication. Such distinction is the special feature of the analysis of logical and epistemological concepts made by Akalanka.

Again, Akalanka gives a critical study of the logical and epistemological problems with special reference to the concepts in other Indian systems. In the works Nyayaviniscaya, Pramanasamgraha and Siddhiviniscava the Nyayaviniscyaya has three sections and problem of pratyaksa,anumana and sabda have been thoroughly discussed. Akalanka has refuted the Buddhist,

Samkhya and Yoga theories of the characteristics or pratyaka. While discussing the theory of inference he has given a comparative picture of the nature of anumana and the consequent implications of the validity or the fallacies thereon in the light of the criticism of the theories of inference in other schools of thought. In the third part of the Nyayaviniscyahe bas elucidated the Jaina theory of Agama-pramama and refuted the 'apauruseyatva' of Agamas as propounded by the Mimamsakas. He has also discussed the nature of moksa and other metaphysical problems as the fringe of the logical and epistemological discussions which are the primary problems of thebook.

Siddhivscaya has twelve parts. It gives a critical study of the same problems of logicaland epistemological logical concepts like naya, pramana, pratyksa, pratyabhijna, smrti, jalpaand other logical concepts.

The Siddhiviniscayais a comprehensive and critical treatise on logic and metaphysics, although the emphasis is primarily on the discussion of logical and epistemological problems. Akalanka by his three works on logic has established himself as the undisputed master of logic and the relentless critic of the inadequacies in the theories of other schools of Indian thought.

Now we come to his two important commentaries which have brought him fame as philosophical commentator. The Tattvarthavarittika-sabhasya and the Astasatihave thrown greater light on the subtleties of thought as expressed in the Tattvarthasutra of Umiswami and the Aptamimamsa of Samantabhadra.

Tattvarthavarttika-sabhasyais a unique work which synthesises the explanatory notes in the form of varttika and the commentaries on the sutras of the Tattvarthasutra of Umaswami. The work is based on the Sarvarthasiddhi of Pujyapada. On the basis of the presentational statements of Sarvarthasiddhi Akalanka has formulated the explanatory notes and has commented elaborately on these explanatory notes. It is, in fact, a compendium of Sarvarthasiddhi. And it would be easier to understand the intricacies of the discussions in the Tattvarthavartika-sabhasyaonly when we have a thorough understanding of the Sarvarthasiddhi.

Tattvarthavarttika has ten parts based on the ten chapters of the Tattvarthasutra. The cardinal note of this work is the confidence of the author to present solutions of all the problems in the light of the Anekanta attitude, speciallyin discussing the metaphysical problems. In discussing the metaphysical problems raised in the Tattvdrthasutraand in the Sarvarthasiddhi, several contemporary philosophers of the age have been referred to, such the Akriyavadins, Ajnanavadins, Vinayavadins and the Kriyavadins. Cosmological problems like the structure ofthe Universe have been elaborately presented. Here we are reminded

of the exhaustive presentation of the constitution of the Universe as presented in theTiloyapannatti. Akalanka has shownhis masterly ability as a logician and a critic in the Tattvarthavarttika.

Aptamimamsa of AcaryaSamantabhadra is a scholarly exposition of Anekantdarsana. And Astasatipresents a critique and an enthusiastic exposition of the assertions of Acarya Samantabhadra in the Aptamimamsa. The Astasati is so called because it contains 800 slokas. This work presents a critique of the several philosophical theories like Dvait-advaita, Sasvataasasvata, Daiva-purusartha and Papa-punya and many other views. Vigorous presentation of the anekanta view is the cardinal note of this work.

(IV) The style of Akalanka is tboughtful, cryptic and difficult to understand. He is more concerned with the analysis, critical study and with the presentation of the subtleties of thought than with the flourish of language. Yet his writings are not bereft flourish and we find subtle and meaningful satire against the writings of other schools of thought.

The writings of Akalanka have been an important landmark in the development of logic and metaphysics. His works have contributed to the effective presentation of the development of Jaina logic and metaphysics, in the perspective of the problem in other systems of Indian thought.

Anekanta is the foundational principle on Jainism. It permeates the very texture of Jaina thought and life. In the context of the present day development of logic and linguistic analysis as metaphysical theory, it would be necessary to study the contributions of Akalanka afresh in the light of the modern developments in logic.

Akalanka showed the catholicity of outlook in understanding the problems of other views of thought as expressed in the controversies in the Indian systems of philosophy.

✦ ✦ ✦

Contact: 96193 79589

## ચિંતનનું ઘમ્મર વલોણું

**સ્વ,** સ્વ રચેલું. બડા ભાગ માનુષ તવ ખાવા, છતાં પડી ટેવ મૂવે મટ. ક્યારેક પૂજનીય તો ક્યારેક મનથી પણ જતો હોય છે. ગમા, અણગમાનો ચેપ ખરો. છતાં દુર્લભ અવતાર માણસનો કહેવાયો છે. ભૂતકાળમાં રામ, રાવણ, આમ પણ ખરું ને? વ્યસનો, શોખ, ગમા, અણગમા તો, ગમતાનો કરીએ ગુલાલ! જીવન ઉપયોગી ક્યારેક તો ફેંકી દેવા જેવી, છતાં લોલૂપતા છોડી શકાતી જ નથી જ.

વ્યસન એક કે ઈતર પણ હોઈ શકે. એક મનુષ્યને એવી ટેવ ઢળતી ઉંમરે દૂર કરવા માગતા હોવા છતાં, ઉલટાની બેવડાતી જાય જ છે. માનો કે ના માનો, ક્યારેક વિચારવા, જેવી પણ ટેવ હોય જ છે. જાહેરાતો હોય છે. આમ કરવાથી કેન્સર થાય, આંખને નુકશાન થાય વગેરે.

વ્યસનમાં જ્યારે કરકસર ભાવ પણ આવે. મર્યાદિત ખરીદવાની બાબત હોય કે પછી ઊછીના કે બીજી રીતે. ચેન પડે જ નહીં. સામાન્ય લાગતી પણ વ્યક્તિને કંઈક બોધપાઠ મળે જ છે. કરકસર અને ભવિષ્યમાં કેટલો સમય ચાલશે તેવું ગણિત પડ્યું હોય જ છે. એક આવું આશ્વાસન પણ હોય છે.

અમુક સમયે નક્કી જ કરી લે છે કે નુકશાનકારક જ. પણ તેજિયા તે જાણે કે પથ્થર પર પાણી! મને માંકડુ કહેવાયું છે.

એક વાત માનવી પડે, વ્યસની જ પાસેથી કંઈક બોધપાઠ મળે જ છે. આ મારો જાત અનુભવ હતો, છે ને રહેવાનો. ભૂલી જવું ને માફ કરવું. પણ તે કામ ચલાઉ જ બની રહે છે. મન જ મુક્તિ રાખવાનું કારણ બને છે. ખટાસ હોય કે કડવું, પણ તેનો ઉપયોગ માનવ કરે જ છે. અંતે એટલું જ, ચિંતન લક્ષી, સમજ, વિચારવાનું રહે તો માનવ દાનવમાંથી દેવ જ બની રહે. દા.ત. વાલિયો લૂટારો, જેસલ તોરલમાં પણ આવું હતું જ.

નશ્વર દેહ છે યથામતિ યથાશક્તિ તેને વલોણાની જયમ કરતા રહેવાય તો, પથ્થરમાંથી મૂર્તિ બને જ તેવું થાય તો નવાઈ નહીં. વિચલિત મન, પ્રયત્નો થકી ક્યારેક માનવ પાછો વળી જાય છે જ. પ્રયત્ન થકી ક્યારેક શક્ય બને, નક્કી માનજો.


સંપર્ક : ૯૭૨૩૪૪૯૦૯૨

દામોદર ફ. નાગર 'જુગનું', ઊમરેઠ-૩૮૮૨૨૦.

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : વિનોબા - જીવનપ્રસાદ**
**વિનોબા - ચિંતનપ્રસાદ**
**સંપાદન : રમેશ સંઘવી**
**પ્રકાશક : મીડિયા પબ્લિકેશન, ૧૦૩, મંગલમૂર્તિ, કાલવા ચોક, જૂનાગઢ.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૧૦૮ (પ્રત્યેકના), મૂલ્ય : રૂા. ૨૦૦/- (બે પુસ્તકોના સેટની કિંમત રૂા. ૪૦૦/-)**





રાષ્ટ્રનિર્માણ અને માનવજાતના ઉત્થાનને કાજે અવિરત પુરુથાર્થ કરનારા મહામાનવ વિનોબાજીના સવા શતાબ્દી વર્ષે આ ઋષિતુલ્ય, પુણ્યશ્લોક વિભૂતિને અંજલિ આપવા, તેમના મહાન વ્યક્તિત્વ અને કર્તૃત્વને ફરી એક વાર ચાક્ષુષ કરવા સંપાદકશ્રી રમેશભાઈ સંઘવીએ 'વિનોબા જીવનપ્રસાદ' તથા 'વિનોબા ચિંતનપ્રસાદ' આ બે પુષ્પો અંજલિ રૂપે પ્રગટ કર્યા છે.

સત્ય અને અહિંસાના પ્રખર પુરસ્કર્તા, ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી, એક અપૂર્વ જીવનના સ્વામી વિનોબાજીની સંનિકટ રહેવાનું સૌભાગ્ય જેમને મળ્યું છે તેવા મીરાબહેન ભટ્ટ, ઉષાબેન વોરા, અમૃતભાઈ મોદી, વિજયાબેન પંચોળી અને સુભાષભાઈ ભટ્ટની સાથે મહાદેવ દેસાઈ, દાદા ધર્માધિકારી, વિમલાભાઈ ઠકાર અને ગુણવંત શાહે આ બહુઆયામી વ્યક્તિત્વના ઝગઝગતા પાસાઓ અહીં રજૂ કર્યા છે.

વિનોબાજીના જ્ઞાન, ભક્તિ અને કર્મને વર્ણવતા જીવનપ્રસંગોને સંક્ષિપ્તમાં આલેખીને ભારતીય સંસ્કૃતિના પરિપાકરૂપ વ્યક્તિત્વની મીરાબહેન ભટ્ટે ઝલક આપી છે. સંતની કરુણા આચાર્યની પ્રખર બુદ્ધિમત્તા અને ઋષિની પ્રતિભાની સાથે તેમની અગાધ વિદ્વત્તાને આગવી પ્રતિભાને પ્રગટ કરતા ૧૨૫ પ્રસંગો ઉષાબેન વોરાએ આ સવાસતીએ આલેખ્યા છે. તો વેદ, ઉપનિષદ, પુરાણ અને જગતના તમામ ધર્મોના મૂળ તત્વ પ્રમાણેનું નિર્મળ જીવન જીવનારા, પારાવાર કરુણા થકી સર્વોદય સમાજની સ્થાપના કરનારા, તેર વર્ષની પદયાત્રામાં ભૂમિવિહોણા લોકોને કાજે ૪૦ લાખ એકર જમીન સંપાદન કરનારા આ આરાધકના ૬૦ જીવન પ્રસંગોની માળા અમૃતભાઈ મોદીએ રચી છે. સુભાષભાઈએ સમગ્ર વિશ્વની વિરલ વિરાસત સમા, જ્ઞાત-અજ્ઞાત અને અજ્ઞેયના આ યાત્રીની ૮૯ વર્ષની જીવનયાત્રા, તેમનું શાંત અને ક્રાન્ત દર્શન રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યપંક્તિઓના સંદર્ભે આલેખ્યું છે. લેખક કહે છે તેમ ખરેખર, 'એકાદ અનામ નદીના અનામ તટે વિનોબા સાહિત્યના વીસ ગ્રંથો લઈને સો વરસ અધ્યયનને સાધના કરવાનું મન થઈ આવે છે...'

એકી બેઠકે વાંચી શકાય, હૃદયથી પામી શકાય તેવા માનવરત્ન વિનોબાજીના જીવન વિશેની ઉત્તમ અભિવ્યક્તિનું આ સંકલન સંપાદકના વિશાળ વાંચન અને ઉમદા ચયનને આભારી છે.

### ☆ વિનોબા ચિંતનપ્રસાદ




ભારતીય સંસ્કૃતિની સમન્વય પરંપરાના આચાર્ય વિનોબાજીએ આજીવન જ્ઞાનની ઉપાસના કરી અધ્યયનને અધ્યાપન તેમના પ્રિય વિષયો રહ્યા. સત્યાગ્રહ આશ્રમના અનેક રચનાત્મક કાર્યો સાથે તેમનું અધ્યયન અખંડ ચાલતું રહ્યું. છેવાડાના માનવીના સુખ કાજે આદરેલી ૪૦,૦૦૦ માઇલની ભૂદાન યાત્રામાં તેઓ જ્યાં ગયા તે પ્રદેશના ઉત્તમ સાહિત્યને વાંચવું. અદ્ભૂત સ્મરણશક્તિ અને નિત્ય નવું શીખવાની તમન્નાએ તેઓ સંસ્કૃત, મરાઠી, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, તામિલ, તેલુગુ, કન્નડ, જર્મની, ચીની, જાપાનીઝ – ૨૬ ભાષાઓ શીખ્યા. રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથોની સાથે તમામ ધર્મોના મૂલ્ય ગ્રંથ કુરાન, બાઇબલ, જીપુજી, ગ્રંથસાહેબ, આચારંગ સૂત્ર વગેરેનો અભ્યાસ કરી તેના સારતત્વને સંકલિત કરી સર્વધર્મ સમન્વયનું એક મહાન કાર્ય તેમણે કર્યું. સંત સાહિત્યના ૫૦,૦૦૦ શ્લોકો તેમને કંઠસ્થ હતા. ઉત્તમ સાહિત્ય આત્મસાત્ કર્યા પછી એમની

તપઃપૂત વાણી થકી જે નવનીત પ્રાપ્ત થયું તે સમગ્ર માનવજાતિના આરોહણ માટે સદાય પથદર્શક બની રહે તેવું છે. ૨૧ ગ્રંથોમાં દસ હજાર પૃષ્ઠોમાં અંકિત થયેલા તેમના ચિંતનને સંપાદકે પ્રસાદ તરીકે ભાવકોમાં વહેંચવાનું પૂણ્યકાર્ય કર્યું છે.

વિનોબાજીની સર્વગ્રાહી દૃષ્ટિ રાષ્ટ્રહિત, વૈશ્વિક માનવતાના મૂલ્યો, વૈયક્તિક ઉત્થાન, શિક્ષણ, સાહિત્ય, શ્રમની મહત્તા, પ્રકૃતિ, સમાજ તથા રાષ્ટ્રીય યોજનાના વિશાળ ફલક પર ફરી વળી છે. સંપાદકે બહુ જ ઓછા પૃષ્ઠોમાં એમની અખિલાઈભરી જીવનદૃષ્ટિને પ્રગટ કરતા ચિંતનને વાચકો સુધી પહોંચાડવાનું અઘરું કામ સુપેરે પાર પાડ્યું છે. સારું કાર્ય હાથ ધરીએ ત્યારે, સમગ્ર સૃષ્ટિ સહાયક બનતી હોય છે. રમેશભાઈના 'શાંત તોમાર છંદ', 'શાશ્વત ગાંધી'ના પંચામૃત પુસ્તકોએ ઉત્તમનો આસ્વાદ કરાવવાની તેમની શક્તિનો વાચકોને અંદાજ હોવાથી આગોતરા આયોજનમાં પણ ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો વિનોબાજીની ભૂદાન યાત્રામાં જેમના વડીલે સવાસો એકર ભૂમિદાન કરેલું તે રાવબહાદુર શેઠ નાનજીભાઈ લઘાભાઈ મેકોષી પરિવારે પણ સખાવત આપીને આ કાર્યને વેગ આપ્યો છે.

વિનોબાજીની જીવનયાત્રા અને ચિંતનયાત્રા વાંચીને હૃદય પરમ શાંતિની અનુભૂતિ કરે છે. જીવનપથમાં માર્ગદર્શક બને તેવા બન્ને સત્વશીલ પુસ્તકો હાથવગાને હૈયાવગા રાખવા ગમે તેટલા શિષ્ટ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૪૬ ૮૦૮૦૯

# ભાવ – પ્રતિભાવ

**સા**દર. 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા વિશેષાંક' હાથમાં છે અને થયું તમને ધન્યવાદ અને શુભેચ્છાઓ પાઠવી દઉં. આ વિશેનું કામ એ ધૂળ ધોયાનું કામ જેવું છે. અપ્રતિમ છતાં અપ્રગટ. બાપુ યુગકાર્ય કરી શક્યા તે બાનાં એષણાયુક્ત શીલને લીધે – બાપુએ પણ બાનું ઘડતર અદ્‌ભૂત – પ્રેમપૂર્વક કર્યું. તમે આ વિશેષાંક કરીને દિલથી શ્રદ્ધાપૂર્વક અંજલિ આપી.

'પ્રબુદ્ધ જીવન' પ્રતિ વર્ષ એક યા બે ગાંધી અને ગાંધીવિચાર વિશે ખાસ અંકો વાચકો સુધી પહોંચાડીને કેવું તો મહત્ત્વનું અને ઉપયોગી કાર્ય કરે છે! ગાંધીજીવન અને વિચાર અતૂટ દરિયો છે, આપણે તો કિનારે બેસી લોકો શંખલા - છીપલાંથી જ પ્રસન્ન થઈ જઈએ તેવું છે! 'સમજાયું તે સ્વીકાર્યું અને આચરી બતાવ્યું' એમ જ 'આધારપુરુષ' થોડા અવતારી પુરુષોને બાદ કરતાં ક્યાં કોઈને કળાયો છે! તમે સાતત્યપૂર્વક આ વિચારને ઘૂંટી ઘૂંટી મૂકતાં રહો છો તેનો આનંદ છે! ગાંધી એ જીવનમાર્ગ છે, વિચાર તેની પછવાડે પામે એવો મહત્તમ જીવનવું.

**રમેશભાઈ સંઘવી**

✦ ✦ ✦

કસ્તૂરબા વિષેનાં વિશેષાંક માટે ખૂબ આભાર અને અભિનંદન.

તંત્રી લેખ ખૂબ જ સરસ હતો. પહેલીવાર રાષ્ટ્રમાતાનું સંબોધન વાંચ્યું. શું સરકારે આ સંબોધન સ્વીકાર્યું છે? બા જ બાપુના ખરા ગુરુ હતા. બાપુ, બા પાસેથી અસહકાર અને સત્યાગ્રહ શીખ્યા. જે શસ્ત્ર બાપુએ દેશની આઝાદી માટે વાપર્યું.

પહેલીવાર બાની બાપુની પત્ની ઉપરાંત ઘણી શક્તિ વિષે જાણ્યું. બા ને લીધે જ બાપુ મહાત્મા બન્યા છે, તે સાચે જ સાર્થક છે. બાપુએ બાળકોના શિક્ષણ વિષે બહુ ધ્યાન ન આપ્યું એ જાણી દુઃખ થયું. ખાસ કરીને શ્રી હરિલાલ પ્રત્યે બાપુએ કુણું વર્તન રાખ્યું હોત તો શ્રી હરિલાલે બાપુનો વારસો સાચવ્યો હોત.

રેલ્વે સ્ટેશન પર 'માતા કસ્તૂરબા કી જય' બોલનાર એને બા માટે ફળ લાવનાર બેહાલ હાલતમાં આવેલ શ્રી હરિલાલનું દૃશ્ય નજર સામે ખડું થયું. હૃદયદ્રાવક ચિત્ર હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સૂચન કરો કે બાનું સ્મારક અને મ્યુઝિમ દિલ્હીમાં બનાવે અને બાને મરણોત્તર ભારતરત્નથી નવાજવામાં આવે. બાપુનું વંશવૃક્ષ રજૂ કરશો, તો ઘણું જાણવા મળશે.

**-- હર્ષદ શાહ**

✦ ✦ ✦

કસ્તૂરબા વિશેષાંક સુંદર બન્યો છે. સોહામણું આભૂષણ છે. કસ્તૂરબા પરની પ્રમાણભૂત સામગ્રીથી અંકને દસ્તાવેજી મળી રહ્યું છે. કસ્તૂરબા વિષેની રજેરજ માહિતી આપ વીણી લાવ્યા છો. લેખક-લેખિકાઓને તેમ જ સંપાદન સાથે સંકળાયેલ તમામને વંદન. સૌની મહેનત સુફળસિદ્ધિ લાવી શકી છે, મુખપૃષ્ઠ ૧થી છેલ્લે મુખપૃષ્ઠ ૪ સુધી કસ્તૂરબા જ પથરાયેલાં છે. તસવીરો, પત્રો અને ડાયરીનાં પાનાંની કલાત્મક પ્રસ્તુતિ આંખને, મનને પ્રસન્નતાથી ભરી દે છે.

મારા સ્વર્ગસ્થ જ્યેષ્ઠબંધુ ચુનીભાઈ ગઢિયાએ પોતાના અંગત સંગ્રહમાં ગાંધી-કસ્તૂરબા પરના એક દીર્ઘકાવ્યનો ઉતારો સાચવી રાખ્યો હતો. ક્યાંથી, ક્યા સામયિકમાં એમણે વાંચ્યું હશે, કંઈ જ ખબર નથી. કાવ્યનું શીર્ષક, રચયિતાનું નામ પણ ટાંક્યું નથી. કાવ્ય આ સાથે જોડું છું.

વાચકોને નમ્ર નિવેદન કે કવિનું નામ, એમનો કાર્યકાળ આદિ માહિતી ઉપલબ્ધ હોય તો મને જણાવશો. અમારા લાંબા સમયની આતુરતાનો અંત આવે.

કસ્તૂરબા એક ખ્રિસ્તી ભાઈના પેશાબનું વાસણ ઉપાડવાનો ઈનકાર કરે છે અને બાપુ અને એમની વચ્ચે કટુમધુર કલહ થાય છે. અંતે બાપુ હારે છે, કસ્તૂરબા જીતે છે. એ પ્રસંગનું નિરૂપણ કાવ્યમાં છે.

**– શાંતિલાલ ગઢિયા**

સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

## કવિતા

બાપુની વાત પુણ્ય પાવની રે, વહે સત્ય ગંગાનાં નીર
ખીલ્યાં સુગંધી પ્રેમફૂલડાં, હાં રે રંગરંગ બેય તીર ॥૧॥

દરિયા તે પારના દેશમાં રે, કર્યા બાપુએ નિવાસ
માતા કસ્તૂરબા સંગમાં, હાં રે વેરે સેવાની સુવાસ ॥૨॥

દૂર પડયા એ વિદેશમાં રે, જઈને માંડી વકીલાત
મહેતા કુટુંબમાં સમાવિયા, હાં રે માન્ય નાનેરા ભ્રાત ॥૩॥

સંસારી તો ય સંત વીરના રે, ઘરે સહુનો સત્કાર
હિંદુ, ઈસાઈ, અછૂત સર્વનો, હાં રે નહિ ભેદનો અણસાર ॥૪॥

દેશી, વિદેશી, કાળાં, ઊજળાં રે, આ સ્વજન આ પરજન
માનવદ્રોહી એ ભેદાભેદને, હાંરે એનું ઓળખે નહિ મન ॥૫॥

પત્ની દુભાય આવી રીતથી રે, કદી રોષે ભરપૂર
જીવન પલટાવી મારી ધૂનમાં, હાં રે એની કાઢું રે કસૂર ॥૬॥

મહેતા નવા એક આવિયા રે, પંથ પાળે કિરસ્તાન
પંચમ જાતિની માંહી જનમિયા, હાં રે તોય કીધાં સન્માન ॥૭॥

પશ્ચિમની રૂડી પરંપરા રે, ઘરે વધાવ્યો રિવાજ
ખંડે ખંડે તે ઠામ મૂકવાં, હાં રે લઘુશંકાને કાજ ॥૮॥

મેલાનાં ઠામ અજવાળવાં રે, નિશ્ચે અમારું કામ
પત્ની-પતિ અમો બેઉનું, હાં રે નોકરનું નહિ કામ ॥૯॥

જૂના મહેતા તો રંગાઈ ગયા રે, સ્વચ્છ કરે જાતે ઠામ
પંચમ ઈસાઈ નવા આવિયા, હાં રે ક્યાંથી ફાવે આવું કામ ॥૧૦॥

કામો હોય જે અળખાવણાં રે, જેણે નાનેરા સુગાય
મોટાએ તેહ તુર્ત ઝડપવા, હાં રે સેવાધર્મની દુહાઈ ॥૧૧॥

આવો આ નીમ ભલે આકરો રે, ભલે દિલડું દુભાય
તો યે પત્નીએ સાથ આપિયો, હાં તે મનની રાણી મનમાંય ॥૧૨॥

અવધિ પરંતુ આવી આ સમે રે, કલેશ ઊપજ્યો આ વાર
પંચમ જાતિનું ઠામ વાળવું, હાં રે હૈયે પીડ પારાવાર ॥૧૩॥

ટગટગ જોતી એ ઊભી રહી રે, એના ઠરી ગયા હાથ
પત્ની રોમેરોમે કળકળે, હાં રે એને લાગ્યો વજ્રાઘાત ॥૧૪॥

ને હું ઉપાડું પેલા ઠામને રે, એય તેણે ના સહેવાય
કપરી કટોકટી આવી પડી, હાં રે કથા કોને રે કહેવાય ॥૧૫॥

ત્યાં તો આંખેથી મોતી નીસર્યાં, હૈયું કૂણું રે કપાપય
વાદળ ઊમટ્યાં શું જાણી શોકનાં, હાં રે વેળા વસમી વર્તાય ॥૧૬॥

આંસુ વહે ને આંખ રાતડી રે, મને કરે રે નિશાન
સીડી ધીરે ધીરે ઊતરી, હાં રે હાથે ઝાલી પેલું ઠામ ॥૧૭॥

આવું તે ચિત્ર હૃદયરંગનું રે, એ તો ભૂળ્યું શેં ભૂલાય
અંતર અજવાળાં પૂરે રૂડલાં, હાં રે એનો મોંઘેરો મહિમાય ॥૧૮॥

પ્રેમથી ભરથાર જેવો હું હતો રે, તેવો વજ્ર શો કઠરો
લેખું હું ગુરુ મને પત્નીનો, હાં રે આજ થયો રે નઠોર ॥૧૯॥

જેમ તેમ ઠાક એ તો લઈ ગઈ રે, મને વળયો ના સંતોષ
હસતે હૈયે ને મુખે જો કરે, હાં રે મારો તો જ શમે રોષ ॥૨૦॥

ક્રૂર ક્રોધભર્યો હું તો તાડુક્યો રે, છોડ્યા તાતા શબ્દતીર
મારે ઘરે આવું ના પરવડે, હાં રે હું તો થયો રે અધીર ॥૨૧॥

શબ્દોમાં બાણ મર્મ ભેદતા રે, અંગ અંગ ઊઠે લાય
પત્નીનું ધૈર્ય એ ખૂટિયું, હાં રે પૂર્ણ શેષે ઊભરાય ॥૨૨॥

ઘાયલ હૈયે એ પછી ધગધગી રે, સજી હિંમત હથિયાર
'ચાલી, તજી તમારું ખોરડું, હાં રે ભલે ભોગવજો સાર' ॥૨૩॥

ભૂલ્યો હરિને અભિમાનમાં રે, વળી થયો દયાહીન
એને ઝાલીને મેં તો બાવડે, હાં રે દ્વાર ચીંધ્યું મતિહીન ॥૨૪॥

ગંગા-જમુનાજી આંખે અવતર્યાં રે, સરી મુખથી આ વાત
'લાજો, કંઈ લાજ રહી હોય તો, હાં રે નીચાજોણું આપણ માટ' ॥૨૫॥

તમને ભલે જરી ન લાજ છે રે, હું તો લાજી મરું છેક
સમજો વિચારો મટી બાવરા, હાં રે શાનો આવડો અતિરેક ॥૨૬॥

પગલું ભરીને ઘર બારણે રે, મારે જાવું કયે દેશ
ઊંચે આકાશ નીચે ભોમકા, હાં રે પ્રીછો પ્રીછો રે પરમેશ ॥૨૭॥

માતાવિહોણી હું રહી રે, નથી મૈયર આધાર
પત્ની થવું એ જગે વાંક શું? હાં રે મેણાં ખાવાનો અવતાર ॥૨૮॥

લાજો લાજો રે માઝા મૂકતા રે, હવે વાસો આ દ્વાર
જોશે રે' કોઈ લોક વાટના, હાં રે શોભા કોઈની ના રહેનાર ॥૨૯॥

ભોંઠપનો રંગ મોઢે ઊતર્યો રે, ભલે પ્રગટ રહ્યો ધીર
વાસ્યાં કમાડ, વાસી ઘેલછા, હાં રે જાણે લૂંટાયું મુજ હીર ॥૩૦॥

પત્ની તજી જ મને જો શકે રે, કાચા સૂતરથી બંધાઈ
હું યે એને તજી ક્યાં સંચરું, હાં રે જડી પ્રેમ સગાઈ ॥૩૧॥

કજિયા આવા અનેક થઈ ગયા રે, ભલે અમારે સંસાર
અંતે વાદળ સહુ વેરાઈ ગયાં, હાં રે કુશળ વર્ત્યું નિરધાર ॥૩૨॥

સીધી સાધી એ સહધર્મિણી રે, સહન કરવે મહાશૂર
જીતી જતી ને હું તો હારતો, હાં રે એનાં ચડી જતાં નૂર ॥૩૩॥

પગલે પગલે એ મારે સંચરી રે, આર્યનારી અણિશુદ્ધ
માન્યું સાફલ્ય એમાં જીવનનું, હા રે સ્નેહ ઉજ્જવળ પરિશુદ્ધ ॥૩૪॥

✦ ✦ ✦

## કવિવરની વિનીતતા

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સ્વરચિત 'ગીતાંજલિ'નાં કાવ્યોનો પોતે જ અંગ્રેજીમાં અનુવાદ કર્યો. યુરોપમાં એ અનુવાદ બહુ જ વખણાયો. નોબેલ પ્રાઈઝ પણ મળ્યું (૧૯૧૩). છતાંય કવિએ કદી દાવો કર્યો નહોતો કે પોતે અંગ્રેજી પર સારું પ્રભુત્વ ધરાવે છે. એથી વિપરીત 'મને અંગ્રજી સારું આવડતું નથી' એવું જ હમેશાં જાહેરમાં અને અંગત આપ્તજનોને કહેતા.

આ ગાળામાં કવિએ ભત્રીજી ઈન્દિરાદેવીએ એક પત્રમાં લખ્યું હતું : 'તેં 'ગીતાંજલિ'ના અંગ્રેજી તરજુમા વિષે લખ્યું છે. એ મેં કેવી રીતે લખ્યો અને કેવી રીતે લોકોને આટલો બધો ગમી ગયો એ હું આજ સુધી સમજી જ શક્યો નથી. હું અંગ્રેજી લખી શકતો નથી એ વાત એટલી સાદીસીધી છે કે એને કારણે શરમાવા જેટલું અભિમાન પણ મારામાં કદી હતું નહિ. જો કોઈ મને ચા પીવાનું આમંત્રણ આપવા અંગ્રેજીમાં પત્ર લખતું તો તેનો જવાબ આપવાની મારી હિંમત ચાલતી નહિં...' (સૌ. 'રવીન્દ્ર પત્રમર્મર' પા. ૨૨-૩૩)

'ગીતાંજલિ' અંગ્રેજીમાં બની એ અરસામાં કવિને અમેરિકા જવાનું થયું હતું. અમેરિકનો કવિનો લાભ લેવાનું કેમ ચૂકે? વ્યાખ્યાન આપવાનાં આમંત્રણો ઉપરાઉપરી મળવા લાગ્યાં. કવિએ ક્ષોભપૂર્વક અંગ્રેજી ભાષાના અલ્પજ્ઞાનની વાત કરી. હવે આ વાત અંગ્રેજીમાં જ કહેવી પડે. તેથી સાંભળનારે હસતાં હસતાં કહ્યું, 'આટલું સરસ અંગ્રેજી તો બોલો છો.' કવિ પકડાઈ ગયા. તેમણે માગણીને માન આપી વ્યાખ્યાનો આપ્યાં. એમને સર્વત્ર પ્રસિદ્ધિ મળી. છતાં સર્વ કોઈને કહેતા, 'ખબર નહિ, ભાષણો દૈવયોગે થઈ ગયાં.'

કાલિદાસના 'શકુંતલા' નાટકમાં એક વાક્ય આવે છે. भवंति नम्राः तरवः फलागमैः ફળો આવતં વૃક્ષો નીચાં નમે છે.

**– શાંતિલાલ ગઢિયા**

✦ ✦ ✦

દેહ છે ત્યાં સુધી નિવિકલ્પપણુ માને! વિચાર વાણીની મર્યાદા છે ત્યારે શુભભાવના વિકલ્પ મારા જાત સાથે સંવાદ કરીને, સુખ, સંતોષરૂપે અતિઈન્દ્રિયથી સહજતા તે આનંદ અને પરમકૃપાળુ દેવે કીધેલ અસંગપણું સમજીને સમાવું ત્યારે એકલતાનો વિકલ્પ વિરામ અને આત્મા આત્માનો મિત્ર – આ મૈત્રીભાવના આત્મા સાથે અભેદરૂપે.

આ ઉપરની ભાવના ઇચ્છારૂપે વેદનમાં આવી, તેનો સરવાળો ચારિત્ર અને જેમ સ્થિરતા પકડતી જાય તેમ હલકાપણુ – જેટલું હલકાપણુ તેમાં સમાવવું આપણે આ માર્ગે ઓથે ઓથેનો છે અને બૃદ્ધ સંઘ એટલે આપણે સમવિચાર શ્રેણીના આત્મા આવા ભાવનું આંદોલનનું વાતાવરણ. પહેલાં જેની સાથે સંયોગથી સંબંધ છે. જે કસ્તૂરબાએ કુટુંબને વાત્સલ્ય ભાવનાને દરેકને આપ્યો છે, પણ આશ્રમનાં એક કુટુંબના સભ્ય હોય તેવી, હૃદયપૂર્વકનો પોતે તો સ્વીકાર પણ સામેવાળાને એવું વંદન થાય, તેવું નિર્મળતાના ધોધમાં ભીંજવાના સાથે કસ્તૂરબાનો એકલું ઋણ આચરણ રૂપે સમર્પણ બાની ઉદારતા છેવટ સુધી આનંદપૂર્વક જીવન જીવ્યું જાણ્યું – જ્યાં સંસ્કારરૂપી સમજ જીવનમાં આચરણરૂપે અને એમનું ધૈર્ય સંતોષથી જ આ સંતોષ ઘરની ચાર દિવાલથી ઘર નથી પણ બે દિલની એકતા પહેલાં દરેકનાં દિલમાં મારી બા – જેની જે યોગ્યતા મુજબની જરૂર નાના ને નાના પુત્રને સળંગ નિકટતાં અને મોટાને મોટા પ્રમાણે પણ લાગણીની આ મધ્યસ્થા આપણે પહેલાંનો સંતોષ એટલે અપેક્ષા વગરનો નિર્મળ પ્રેમ – જે સ્વ-પરનો ભેદ ન કરતાં જ્યાં જરૂરિયાત મુજબ લાગણીનો ધોધ નાથગરાની જેમ વરસે. આપણે આપણા સંતાનોને અહીંયા આપણા સંતાનોને જેની સાથે ઋણાનુબંધન છે, ને દરેકને આત્માને પોતાની શક્તિ અને આવડત ભગવાને મને તક આપી છે, તે તક ભગવાનને પ્રસાદ આ સંસ્કારરૂપી બી ઉગાડું, દા.ત. News Paperની પ્રસ્તીના પૈસા આવે તે પૈસા જે કચરો ઊપાડી જાય તો બાઈને છોકરાને ભણાવે, ટેલિફોનવાળાના છોકરાને ભાણાવામાં આજે તે ડૉક્ટર છે, હોટલના વેઈટરનો છોકરો સોલીસિટર છે, તો આ તક પ્રભુએ આપી – આમાં કર્તા તરીકે અહંકાર મમત્વનો વિકલ્પને બદલે આપણી બાએ આવા સંસ્કારથી આપણા જીવનનો પાયો અને આ આચરણરૂપી વારસો જો હૃદયની લાગણીથી હશે તો આજની યુવાન પ્રજા સ્વીકારશે પણ જો નાટકીય લાગણી હશે તો આ યુવાન પ્રજા હીપોકેશી મોઢે કહેશે. સુંદરતા પામવા

પહેલાં સુંદર થવું પડશે.

**રજનીકાન્ત લ. વોરા**

સંપર્ક : ૯૮૭૦૩ ૦૮૯૧૯

✦ ✦ ✦

પ્રબુદ્ધ જીવનના આપના સંપાદકીય સર્વે અંક વિશેષ ''રાષ્ટ્રમાતા કસ્તૂરબા'' વિશેષાંક માટે સાદર પ્રણામ.

આપ અને પૂ. સોનલબેન પરીખ અને અન્ય સિધ્ધહસ્ત લેખકોના ઉમદા લખાણ પછી પૂ. બા માટે કોઈપણ પ્રતિભાવ આપવા માટે થોડો ક્ષોભ છોડી મનના વિચારો વ્યક્ત કરું છું.

કસ્તૂરબા એક કસ્તૂરી મૃગ પૂ. બાની તુલના પ્રાણી સાથે જરા અજુગતુ લાગે પણ લોકવાયકા પ્રમાણે કસ્તૂરી મૃગ એક એવું અનન્ય પ્રાણી હતું જેની નાભિમાં અલભ્ય એવી કસ્તૂરી હોવા છતાં તે પોતે અજાણ હતું.

પૂ. બાના સમગ્ર જીવન પર નજર નાખીએ તો સંસ્કાર, સમજણ, સહનશીલતા, સહજતા, સ્વસ્થતા, સ્વાધિનતાને પૂ. બાપુના સહચારિત્રીના સ્વરૂપમાં કસ્તૂરી જેમ એવા ઓતપ્રોત કરેલ કે જેની અલભ્ય સુવાસ આજ સુધી અકબંધ છે.

પૂ. મહાત્મા ગાંધી 'બાપુ'ના શબ્દમાં બાનું નામ અને કામ અગ્રેસર છે. સ્વતંત્ર અને આપણા ભારતની ભવ્ય ઈમારતના પાયામાં પૂ. કસ્તૂરબા અને એમના જેવા અનેક અમૂલ્ય રત્નો છુપાયા છે. આ રત્નોનો પરિચય કરાવવા માટે આપનો પૂ. સોનલબેન તથા સર્વે વિદ્વાનોની ખૂબ ખૂબ આભાર, અનુમોદના.

**– અરૂણભાઈ શાહ**

સંપર્ક : ૯૮૨૦૦ ૫૮૨૫૧

✦ ✦ ✦

'પ્રબુદ્ધ જીવન'નો માર્ચ-૨૦૨૧ રાષ્ટ્રમાતા કસ્તૂરબા અંગેનો વિશેષાંક વાંચ્યો. કસ્તૂરબા વિશે ખૂબ ઓછી જાહેર તેવી માહિતી જાણકારી મળી. અનેક નામી લેખકોએ પોતાની જાણકારી અને સંશોધનનો લાભ આપ્યો છે. કસ્તૂરબા કેવાં મહાન વ્યક્તિત્વ હતાં તેની સુપેરે ઓળખ આપી છે.

હું એમ માનું છું કે, ગાંધીજી 'મહાત્મા ગાંધી' બન્યા તેમાં કસ્તૂરબાનું પ્રદાન સૌથી વધારે છે. Behind a successful man stands a woman – એ વાત કસ્તૂરબા વિશે પૂરેપૂરી સાચી ઠરે છે. સુંદરજી બેટાઈના એક કાવ્યની થોડી પંક્તિઓ નીચે રજૂ કરું છું.

**મને જોઈએ મારી લડઝગડમાં જીવનતણી,**
**સ્વતંત્રે સામર્થ્યે મુજ રાહ રહી જે ઝગડતી**
**નિરાશા આશાની સમતુલા ધારણ કરી,**
**ધપે થાકે તોયે પથ કઠીનતાને અવગણી**

કસ્તૂરબા માટે નિરાશા અને આશાની વાતો તો ઠીક, પણ સહનશીલતા કેટલાં બહોળા પ્રમાણમાં, કેટલી બધી! જેનો પતિ ફિનિક્સ ફાર્મમાં હઠે ચઢે અને પત્નીને હુકમ કરે રાતના મહેમાનોના પેશાબની માટલીઓ તેણે ઉઠાવીને સાફ કરવાની ત્યાંથી માંડીને ઠેઠ એ ન માને તો ઘરમાંથી ધક્કો મારીને એને બહાર કાઢે. ત્યાંથી આખું જીવન ગાંધીજીને સમર્પણ. ગાંધીજીનું ગમતું કે ના ગમતું તે બધું સ્વીકાર લે. એક શબ્દ વિરોધનો કોઈ દિવસ કાઢે નહીં. આ સહનશીલતાની મૂર્તિ! તેણે હદબહાર સહન કર્યું છે તે જોઈ શકાય છે.

ગાંધીજીને **Father of the Nation** કહીએ છીએ અને ખરેખર જ ભારતને આઝાદી અપાવવામાં, ભારતમાં રાજકીય અને સામાજિક જાગૃકતા લાવવામાં તેમનો અમૂલ્ય ફાળો રહ્યો છે. તે વાત સર્વ સ્વીકાર્ય છે, પણ હું જરૂર માનું છું કે, ગાંધીજીને એ 'મહાત્મા' બનાવવામાં કે **Father of the Nation** બનાવવામાં આ 'રાષ્ટ્રમાતા'નું પ્રદાન કાંઈ ઓછું આંકી શકાય નહીં. સસ્નેહ.

**શ્રી મોહનભાઈ પટેલ**

✦ ✦ ✦

જયભારત સાથે પ્રબુદ્ધ જીવન એપ્રિલ અંક મળ્યો. ગણો ગમ્યો. આપનો તંત્રી લેખ તેમજ જો મારો હોય અંતિમ પત્ર તો... બન્ને લેખ ગમ્યા. માએ ખૂબ જ સામાન્ય બનવું પડે છે બાળકને અસામાન્ય બનાવવા માટે, પ્રિય મમ્મીને ઉદ્દેશી લખેલો પત્ર ખૂબ જ ગમ્યો. જૈન સાહિત્યનો ઇતિહાસ સાત પૃષ્ઠ દ્વારા ભરપૂર રહ્યો. મારો અસબાબ-૧, જીવનતીર્થની પરિક્રમા પણ અદ્ભૂત અને કુમારપાળ દેસાઈની સરળતા (જયભિખ્ખુ) ત્રણ નામની વાત રસપૂર્વક માણી. આચાર્યશ્રીનો લેખ પણ ખૂબ જ ગમ્યો, શ્વાસોશ્વાસ, વધુમાં વધુ અવિશ્વાસને પાત્ર કોણ? મહાભારતનો દૃષ્ટાન્ત, કિશોરસિંહ સોલંકી – સોલંકીઓ અને જૈનો, એના માટે લખુ તો પાછો બીજો પત્ર પણ લખવો પડે એટલો ગમ્યો, પ્રવીણ દરજીનો ટૂંકો લેખ પણ પ્રેરણાથી ભરપૂર. મહાભારતની વાત જાણે મહાભારત સાગરને બિંદુમાં સમાવ્યું. ડૉ. રશ્મી ભેદા તેમજ ભારતી દીપક મહેતાનો લેખ તેમ જ ડૉ. રેણુકા પોરવાલ, ગુફાઓ અને મંદિરો જૈન પરંપરા એક વિસ્તૃત વિશ્લેષણ ગમ્યું. ગાંધી બોલે છે. ટૂંકમાં ઘણું બધું. રતિલાલ બોરીસાગર બાળકો, બાલ પ્રાણીઓના તમે રિંગ માસ્ટર છો ખૂબ જ સરસ રસપૂર્વક આખો અંક વાંચવાની મજા પડી ગઈ લોકડાઉનના કારણે અંક મોડો મળ્યો પણ ખૂબ જ ગમ્યો.

સંપર્ક : ૯૭૨૩૪૪૯૦૯૨

દામોદર ફ. નાગર 'જુગનું', ઊમરેઠ-૩૮૮૨૨૦.

✦ ✦ ✦

# જો મારો હોય અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૪૮થી)

દિગ્દર્શકે એમની ફિલ્મ, કદાચ 'વણજારી વાવ'માં કામ આપીશ એમ કહ્યું હતું. પરંતુ મારા પરિવારની ચિંતાને કારણે સાહસ ન કરી શક્યો.

ભણવામાં હોંશિયાર હતો એટલે જેવો બી.એ. થયો કે તરત આચાર્યશ્રીએ ભિલોડા કોલેજમાં ગ્રંથપાલની નોકરી અપાવી. ગ્રંથપાલની નોકરી કરતાં કરતાં મોડાસા કોલેજમાં એમ.એ. કર્યું. એક ઝંખના હતી કે લેક્ચરર થવું છે. એમ.એ. પછી તરત સતીશ વ્યાસ સાહેબ પાસે પીએચ.ડી. શરૂ કર્યું. ૧૯૮૮માં ખેડબ્રહ્મા કોલેજમાં લેક્ચરરની જોબ મળી. લેક્ચરર થવા માટે સાત ઇંક્રીમેંટ જતાં કર્યા. ગયા જન્મમાં મેં મોતીઓના દાન કર્યા હશે એટલે મને અધ્યાપક થવા મળ્યું. વિધ્યાર્થીઓની જિજ્ઞાસાથી છલકાતી આંખોએ મને જીવતો રાખ્યો છે. ૧૯૯૧માં પીએચ.ડી. થયો. એ જ ખેડબ્રહ્મા કોલેજમાં ૨૦૦૦ની સાલમાં પ્રિન્સિપાલ થયો. ૨૦૦૫માં વી.આર.એસ. લઈ ઈંગ્લેન્ડ ગયો. થયું ચાલો વિદેશમાં જઈ ભણાવીએ પરંતુ એમ થઈ ન શક્યું. થોડો સમય ત્યાના 'ગુજરાત સમાચાર'માં ઍસોસિએટ એડિટર થયો. બીજી નાની-મોટી નોકરીઓ કરી.

એવામાં મારા દીકરાની બંને કિડની ફેઇલ થઈ ગઈ. બધું છોડીને ઈંગ્લેન્ડથી પાછો આવ્યો. ૨૦૦૮માં એનું ઓપરેશન થયું. એની મમ્મીની કિડની મેચ થઈ. એ ત્રણ વર્ષ ચાલી. ૨૦૧૧માં ૨૫ ઑક્ટોબરે એણે વિદાય લીધી. પછી પાંચ વર્ષ પાલનપુર ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. કારકિર્દીના અંતે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં પ્રોફેસર એન્ડ હેડ થયો. સુરેશ જોષી જ્યાં બેસતા હતાં ત્યાં કામ કરવાનો અવસર મળ્યો, ધન્ય થઈ ગયો. વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે હોઉ ત્યારે બધું ભૂલી જતો. લગભગ સાડા ત્રણ દાયકાની કારકિર્દીમાં કોઈ સાથી અધ્યાપક, કોઈ સાથી કર્મચારી કે કોઈ વિદ્યાર્થી સાથે તકરાર નથી થઈ. કદી કોઈ વિદ્યાર્થીને વર્ગમાંથી બહાર કાઢવો નથી પડ્યો. કોઈ સિદ્ધાંત સાથે કદી સમાધાન કરવું પડ્યું નથી.

બાર પુસ્તકો પ્રગટ થયાં છે. ત્રણ પુસ્તકો પ્રગટ થવામાં છે. કોરોનાને કારણે દોઢ વરસથી એ પુસ્તકોનું પ્રકાશન અટક્યું છે. આ બધા પુસ્તકો અધ્યાપક હોવાને કારણે લખાયા અને કેટલાક મિત્રોના આગ્રહને કારણે લખાયા. પરંતુ જે ખરેખર લખવા છે તે તો હજી બાકી છે. એનું હવે શું થશે એની ચિંતા છે!

સૌના જીવનમાં સુખદુઃખ આવે છે એમ મારા જીવનમાં પણ આવ્યા. પરમાત્માએ મારી હેસિયત કરતાં અનેકગણું વધારે આપ્યું છે એ માટે પરમાત્માનો આભાર માનું છું. એક વાતમાં હું ખૂબ ભાગ્યશાળી રહ્યો કે મને જીવનમાં ઉત્તમ શિક્ષકો અને અધ્યાપકો મળ્યા જેમણે મારું જીવન ઘડતર કર્યું. પહેલેથી જ હતું કે જીવનમાં જે કોઈ મળે તેને ચાહવાં. પરંતુ એમ ક્યાં બને છે? પરંતુ સદૈવ પ્રયત્ન તો એ જ રહ્યો. આ ક્ષણે હું એમ કહું કે મને જીવનમાં કોઈ અસંતોષ રહ્યો જ નથી તો હું સાચું બોલતો નથી. પરંતુ જીવનમાં જે મળ્યું તે ઓછું નથી. હું આજે વિતેલા સમયના દુઃખ સંભારું તો એ મને સુખ આપે છે અને ગઈ કાલના સુખ સંભારું તો બહુ પીડા થાય છે.

આજે કોરોનાએ કાળો કેર કર્યો છે ને માણસો મરી રહ્યાં છે તે જોઈને ઉદાસ છું. ગયા અઠવાડિયે એક જીગરી દોસ્ત અનિલ મૃત્યુ પામ્યો. મને એમ લાગ્યું કે મારામાંથી પણ કંઈક મરી ગયું. હવે રડવું આવતું નથી. રોજ રોજ મૃત્યુના સમાચાર આવ્યા કરે છે ને જોન ડનની પંક્તિઓ યાદ આવે છેઃ Any man's death diminishes me because I am involve in the whole mankind. So don't send for whom bell tolls, It tolls for thy. કોઈનું પણ મૃત્યુ આપણાં જ એક અંશનો નાશ કરતું હોય છે. જીવન-મરણ સતત ચાલતી પ્રક્રિયા છે. આપણે સૌ એક જ ચૈતન્યનો અંશ છીએ, આંતરિક રીતે જોડાયેલાં છીએ. એક તૃણ તોડીએ તો પણ આકાશના નક્ષત્રો કંપી ઉઠતાં હોય છે.

જો આ મારો છેલ્લો પત્ર હોય તો મને મારા નાનકડા ગ્રંથાલયની ચિંતા છે. હું ઇચ્છું કે મારા મૃત્યુ પછી એ ગ્રંથો એમ.એસ. યુનિવર્સિટીના ગ્રંથાલયને સોંપવામાં આવે. મૃત્યુ ક્યારે આવશે ખબર નથી પરંતુ કુતૂહલ બહુ છે કે મરીશ ત્યારે અને પછી શું થશે? હા, આ જીવનમાં કોઈનેય મારા લીધે જાણ્યે-અજાણ્યે કોઈ તકલીફ થઈ હોય, દુઃખ થયું હોય તો એ સૌની અંતઃકરણથી ક્ષમા પ્રાર્થું છું. એક જ ઇચ્છા છે કે મારા મૃત્યુથી કોઈને કશી તકલીફ ન થાય. ઑક્સીજન કે વેન્ટિલેટર માટે કોઈને દોડાદોડ ન કરવી પડે. મારા મૃત્યુ પછી કોઈ ઉદાસ ન થાય, કોઈ આંસુ ન સારે. બસ એટલું જ. બાકી આ છેલ્લો પત્ર લખવાનો પૂરો થાયને મૃત્યુને તરત આવવું હોય તો ભલે આવે... સ્વાગત છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૯૮૪ ૦૨૨૫૪

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## ડૉ. મહેબૂબ દેસાઈ

ઇતિહાસના વિષયના અભ્યાસી ડૉ. મહેબુબ દેસાઈ ઇતિહાસ અનુસ્નાતક ભવન, ભાવનગર વિશ્વ વિદ્યાલયના અધ્યક્ષ રહી ચૂક્યા છે. બિનસાંપ્રદાયિક વિચારક, વક્તા અને લેખક તરીકે જાણીતા છે. ડૉ. મહેબુબ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃત વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ રહ્યા છે. ઇતિહાસ, સાહિત્ય અને આધ્યાત્મિક વિષય પરના તેમના પુસ્તકો પ્રકાશિત થયેલ છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાન માળાના વક્તા રહ્યા છે. ગુજરાતમાં બિનસાંપ્રદાયિક વિચારક અને લેખક તરીકે જાણીતા છે. ડૉ. ધનવંતભાઈએ લખેલ છે કે ''ડૉ. મહેબુબ દેસાઈ જેવા સો સો ધર્મ ચિંતકો દરેક દેશમાં હોય તો ધર્મ પ્રત્યેની ગેરસમજ દૂર થાય. ધર્મની સાચી સમજ વિસ્તરાય અને મનભેદ સુધી પહોંચેલ મતભેદો વિધાય અને બંદુકના ધડાકાની જગ્યાએ વિશ્વશાંતિના ઘંટનાદ ગૂંજે અને આગ જેવો આતંકવાદ તો જગત ઉપરથી ભૂંસાઈ જ જાય.''

| | | |
|---|---|---|
| ઑક્ટોબર ૨૦૦૮ | પંથે પંથે પાથેય: બાપુજી ખાદીમાં લપટાયેલું અનોખું વ્યક્તિત્વ | ડૉ. મહેબુબ દેસાઈ |
| મે ૨૦૧૦ | સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય | ડૉ. મહેબુબ દેસાઈ |
| જૂન ૨૦૧૦ | સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય | ડૉ. મહેબુબ દેસાઈ |
| ડિસેમ્બર ૨૦૧૦ | પંથ પંથ પાથેય Man can be destroyed cannot be defeated | ડૉ. મહેબુબ દેસાઈ |
| ઑક્ટોબર ૨૦૧૧ | ગીતા અને કુરાન | ડૉ. મહેબુબ દેસાઈ |
| જાન્યુઆરી ૨૦૧૨ | અંકુર સિંચ્યાનું સંભારણું | ડૉ. મહેબુબ દેસાઈ |
| ડિસેમ્બર ૨૦૧૨ | પંથે પંથે પાથેય : હાજરાબહેન - મારા સાસુમા | ડૉ. મહેબુબ દેસાઈ |
| જાન્યુઆરી ૨૦૧૪ | પંથે પંથે પાથેય : પૂ. મોરારી બાપુ અને સર્વ ધર્મ સમભાવ | ડૉ. મહેબુબ દેસાઈ |
| ઑગસ્ટ ૨૦૧૪ | ઈસ્લામ અને કર્મવાદ | ડૉ. મહેબુબ દેસાઈ |
| ફેબ્રુઆરી ૨૦૧૬ | મહાત્મા ગાંધી અને આંબેડકર | ડૉ. મહેબુબ દેસાઈ |
| એપ્રિલ ૨૦૧૬ | એક ફરિસ્તાની વિદાય : ડૉ. ધનવંતભાઈ શાહ | ડૉ. મહેબુબ દેસાઈ |
| એપ્રિલ ૨૦૧૭ | મોરારજી દેસાઈના આધ્યાત્મિક વિચારો | ડૉ. મહેબુબ દેસાઈ |
| ફેબ્રુઆરી ૨૦૧૮ | ઈસ્લામમાં યોગ | ડૉ. મહેબુબ દેસાઈ |
| મે ૨૦૧૯ | ઈસ્લામ અને અહિંસા | ડૉ. મહેબુબ દેસાઈ |

FOR DETAILED READING OF ALL ABOVE ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો મારો હોય અંતિમ પત્ર તો...

**ડૉ. દીપક રાવલ**

**સ્ને**હીજનો,

કુશળ?

ધારો કે આ જીવનનો છેલ્લો પત્ર છે તો તમે શું લખો? એમ પુછવામાં આવ્યું છે. આ જીવન ક્યારેક પૂરું પણ થઈ જશે એવું તો વિચાર્યું જ નહોતું. આજ સુધી જીવન જીવવાની મથામણમાં જ વ્યસ્ત હતા. જીવન હવે અસ્તાચળ ભણી જઈ રહ્યું છે ત્યારે જીવનની છેલ્લી ક્ષણ વિષે વિચારવું જોઈએ.

આજે જ્યારે મારા વિતેલા જીવન તરફ નજર નાખું છું તો લાગે છે જાણે કોઈકે પહેલેથી સ્ક્રીપ્ટ લખી રાખી હતી. આપણે તો માત્ર અભિનય કર્યો!

મારો જન્મ એક સાધારણ પરિવારમાં થયો હતો. મારો ઉછેર, પ્રાથમિક શિક્ષણ અને કોલેજનું બી.એ. સુધીનું શિક્ષણ ધંધુકામાં થયું. દાદાએ અને મારા પિતાએ જે દુઃખ વેઠયાં હતાં તે લખવા બેસું તો જુદું પુસ્તક કરવું પડે. મારા પિતા તલાટી હતા. કોઈ દ્વેષીએ એમના પર બે આનાની ચોરીનો કેસ કરેલો. કેસ તો બોગસ હતો એટલે નિર્દોષ ઠર્યા પરંતુ નોકરીમાંથી મન ઉઠી ગયું. રાજીનામું આપ્યું. પછી દૂધ-દહી-છાસનો ધંધો કરતા. દાદા અને મોટીબાના અવસાન પછી એમની લોજ ચલાવતા. મારો ઉછેર દાદા અને મોટીબા પાસે થયો. દાદા-મોટીબા નિત્ય ધર્મગ્રંથોનું પઠન કરતાં એટલે એમને જોઈ મને પણ વાંચવાની ટેવ પડી. દાદા રમકડું, ફૂલવાડી વગેરે બાળસામયિકો લાવી આપતા. અમારા ગામની ટાવરચોકની લાયબ્રેરીમાં બાળકો માટેના ખૂબ પુસ્તકો હતા. એનો પણ મને ખૂબ લાભ મળ્યો. સ્કૂલમાં ગુજરાતીના શિક્ષિકા મંજુલાબેન લાયબ્રેરીમાં લઈ જતાં અને કયા પુસ્તકો વાંચવા જોઈએ તે સમજાવતાં. દસમા ધોરણમાં 'ગુજરાતનો નાથ', સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર વાંચવા આપ્યા હતા. દાદા અને મોટીબા હતાં ત્યાં સુધી જીવન શાંત અને સરળ હતું. પરંતુ એમનાં મૃત્યુ પછી કઠણાઈઓ વધી. આમ તો કહેવાય છે કે મરતી વખતે કોઈ કશું સાથે લઈ જતું નથી પરંતુ દાદા અને મોટીબા મારું ભર્યુંભાદર્યું, આનંદ ઉલ્લાસથી ભરેલું બાળપણ લઈ ગયાં!

એસ.એસ.સી. પછી ભાવનગર એન્જીનિયરીંગ કરવા ગયો. પહેલું સેમિસ્ટર પાસ કર્યું ત્યાં નવનિર્માણનું આંદોલન થયું. ઘરની આર્થિક સ્થિતિ કફોડી હતી એટલે પાછો ન ગયો. ધંધુકા કોલેજમાં કોમર્સમાં એડમિશન લીધું. પહેલી પરીક્ષામાં ૯૭% આવ્યા. એવામાં એક મિત્ર એરફોર્સમાં સિલેક્ટ થયો. ઘરની આર્થિક સ્થિતિનો વિચાર કરી એરફોર્સમાં જોડાયો અને ટ્રેનીંગ માટે બેંગલોર ગયો, માંસ-મદિરા કદી જોયાં નહોતા. રૂઢિચુસ્ત વાતાવરણમાં ઉછરેલો. ત્યાં રહેવાયું નહીં એટલે એ પડતું મૂકી પાછો આવ્યો. પછી પિતાના એક મિત્ર એમની દુકાનમા ધંધો શીખવવા હેદરાબાદ લઈ ગયા. છ મહિના ત્યાં રાખ્યા પછી એમને બીજો છોકરો મળી ગયો એટલે મને રજા આપી. હતાશ થઈ ગયો હતો. કોઈ કારણ વગર ભણતરના ત્રણ વર્ષ બગડ્યા હતા. નોકરી શોધતો હતો પણ એમ કંઈ મળે? એક મિત્ર કહે "ગુજરાતી વિષય રાખી બી.એ. કરી નાખ. ગુજરાતી સહેલો વિષય છે. પાસ થઈ જવાશે ને નોકરી મળે તો ભણવાનું છોડી દેવાનું". એણે ફી ભરી અને મારા ભવિષ્યની દિશા નક્કી કરી આપી. કોલેજમાં જોડાયો. ગોવિંદ નામનો મિત્ર મારાથી એક વર્ષ આગળ હતો. વાર્ષિક પરીક્ષા પૂરી થાય એટલે બધા પુસ્તકો મને આપી જતો. કોલેજમાં કળા પ્રવૃત્તિઓ બહુ થતી. એમાં ભાગ લેવા માંડ્યો. સફળ એક્ટર થયો. અભિનય દ્વારા ઘણું શીખ્યો જે જીવનભર કામ લાગ્યું. ખાસ કરીને અંતરની પીડા સંતાડવામાં! એ સમયે એક્ટર થવાનો વિચાર હતો. ચિનુ મોદી સાહેબે કહ્યું હતું કે તારે એન.એસ.ડી.માં જવું હોય તો સ્કોલરશિપની વ્યવસ્થા કરી આપીશ. ચંદ્રકાંત સાંગાણી નામના

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૬)

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.